# ગિનાને શરીફ

## ૧૦૫ ગિનાનો
## ભાગ બીજો

ઇતરેબ ઇન્ડિયા

# ગિનાને શરીફ

૧૦૫ ગિનાનો

ભાગ બીજો

# પ્રસ્તાવના

દા'વત ઇસ્માઈલી તરીકાનું અગત્યનું પાસું રહ્યું છે. ઝમાનાના ઇમામની સમય પ્રમાણેની હિદાયત અને સ્થાનિક પરિસ્થિતિઓને ધ્યાનમાં રાખી ઇસ્માઈલી પીરો, સૈયદો અને દાઈઓ સદીઓથી લોકોને ઇસ્લામ અને ઇસ્માઈલી તરીકાનું જ્ઞાન આપતા રહ્યા છે.

ઇસ્માઈલી તરીકાની એ ખૂબી રહી છે કે તેના સત્ત્વ અને સિદ્ધાંતોનું શિક્ષણ દરેક સમયમાં લોકો સુધી વિવિધ રીતે પહોંચતું રહ્યું છે અને તે માટે જરૂરત પ્રમાણે દા'વતની યોગ્ય પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સમય અનુસાર દા'વત પદ્ધતિના બાહ્ય સ્વરૂપો બદલાયા પરંતુ ઇસ્માઈલી મુસ્લિમો નિરંતર એક તાંતણે બંધાએલા રહ્યાં છે; પછી ભલે તેઓ કોઇપણ સમય, સ્થળ, સંજોગ કે સંસ્કૃત્તિના પ્રભાવ હેઠળ દીનનું પાલન કરતા હોય.

ગિનાન સાહિત્ય, હિંદ-પાક ઉપખંડમાં સ્થાનિક સંજોગો, લોકો, સમય અને સંસ્કૃતિ અનુસાર ઉપયોગમાં લેવાએલ દા'વત પદ્ધતિનું એક અનેરું દૃષ્ટાંત છે જે આજે મુખ્યત્ત્વે હિંદ-પાક ઉપખંડમાંથી ઉદ્ભવેલી જમાતો માટે એક અગત્યની પ્રણાલિકા બની રહી છે.

સમયની પ્રગતિ સાથે જેમ જેમ જગતના જુદા જુદા ભાગોમાં વસતી ઇસ્માઈલી જમાતોમાં પ્રચલિત આવું જ બોધસભર ધાર્મિક સાહિત્ય જુદા જુદા સ્વરૂપે જાણમાં આવતું થયું છે તેમ તેમ જમાતોમાં તેને સમજવાની ઉત્કંઠા જાગતી જાય છે. મૌલાના હાઝર ઇમામે ફરમાવ્યું છે કે : **"જ્યારે ભારતીય ઉપખંડની જમાતો, તમે જેને 'ગિનાન' કહો**

**છો તે ધરાવે છે તો ઈરાન કે અફઘાનિસ્તાનની જમાતો, તમે જેને 'કસીદા' કહો છો તે ધરાવી શકે છે. પરંતુ આજે અમે તમને જે ભારપૂર્વક જણાવીએ છીએ તે એ છે કે જ્યારે જગતના એ ભાગોમાંથી આ પ્રણાલિકાઓ વધુ વ્યાપકપણે જાણમાં આવતી જાય છે.... તો આ પ્રણાલિકાઓનું સર્મથન થવું જોઈએ, તેને સમજવી જોઈએ અને ઇમામની દોરવણી હેઠળ જમાતે તેમાં વધુ ને વધુ ભાગ લેવો જોઈએ."**

ગિનાનોની જેમ વિવિધ કર્ણપ્રિય રાગો અને ઢાળો સહિત બોલાતી આવી કાવ્યમય કૃત્તિઓ સિરીયા, ઈરાન, હુંઝા-ચિત્રાલ, રશિયા, મધ્ય એશિયા વગેરે દેશોમાં વસતી આપણી જમાતોમાં પણ અસ્તિત્વ ધરાવે છે, જેને અનાશીદ, કસીદા, મન્કબત, મદોહ વગેરે નામોથી સંબોધવામાં આવે છે. આ જુદી જુદી સાહિત્ય પરંપરા, ઐતિહાસિક, ભૌગોલિક, ભાષાકીય અને સ્થાનિક પરિસ્થિતિના પ્રવાહોમાં વિકાસ પામી, પરંતુ આ વિવિધતા આપણા તરીકાના મૂળભૂત સિદ્ધાંતોની એકસૂત્રતામાં અવિભક્તપણે વણાયેલી છે. હિંદ-પાક ઉપખંડમાં આપણાં પીરો અને દાઈઓએ રચેલ ગિનાનો એ આવા જ કાવ્યમય સાહિત્યોમાંનું એક છે.

આપણા મહાન પીરો તેમ જ સૈયદો રચિત પવિત્ર ગિનાનો આપણો અમૂલ્ય વારસો છે, જેને મૌલાના હાઝર ઇમામે **'આપણી અદ્‌ભૂત પ્રણાલિકા'** તરીકે સંબોધી આ વારસાને જાળવી રાખવા અમૂલ્ય દોરવણી આપી છે.

આપણી જમાત વર્ષોથી પવિત્ર ગિનાનો બોલતી રહી છે અને તે દ્વારા પોતાના નૈતિક, ભૌતિક અને આધ્યાત્મિક જીવનની ઉન્નતિ માટેનું શિક્ષણ મેળવતી રહી છે.

વર્ષ ૧૯૭૫માં પેરિસ ખાતે યોજાએલ જગતભરના ઇસ્માઈલીઆ એસોસિયેશન (હાલનું તરીકા બોર્ડ)ની કૉન્ફરન્સમાં, મૌલાના હાઝર ઇમામ તરફથી મળેલ હિદાયત અનુસાર, જુદા જુદા દેશોમાં છપાએલ ગિનાને શરીફના પુસ્તકો અને તેને લગતી જૂની હસ્તપ્રતો તપાસવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ કામગીરી ભારત, પાકિસ્તાન અને ટાન્ઝાનિયાના ઇસ્માઈલીઆ એસોસિએશનોને સુપરત કરવામાં આવી, જેણે મહિનાઓ સુધી પ્રયાસો કરીને જેટલા જૂના પુસ્તકો મળી શક્યા તેને આધારે એક એક ગિનાન તપાસ્યું અને તે પછી વર્ષ ૧૯૭૭ અને ૧૯૮૧ માં કરાચી ખાતે યોજાએલ વર્કશોપોના આધારે ક્રમે ક્રમે ૧૦૫ ગિનાન ભાગ-૧ અને ભાગ-૨ પ્રકાશિત કરવામાં આવ્યા.

જમાતની માંગને ધ્યાનમાં લઈ ૧૦૫ ગિનાનોના ભાગ બીજાનું પુન:પ્રકાશન કરતાં આનંદ થાય છે.

આપણા ગિનાનોમાંથી કેટલાક ગિનાનો એવા છે કે જે ખાસ અવસરે, જુદી જુદી મજલિસ પ્રસંગે, વેનતીના રૂપમાં, આબેશફાની ક્રિયા, વગેરે પ્રસંગે બોલવામાં આવે છે. આ બાબતને નજર સામે રાખી સાંકળિયામાં તેને જુદા જુદા શિર્ષક હેઠળ મૂકવામાં આવ્યા છે, પરંતુ સઘળા ગિનાનો જમાતમાં બોલવા માટે હોઈ તેવા ગિનાનો સામાન્ય રીતે દરરોજ પણ બોલી શકાય છે.

૧લી ડિસેમ્બર ૨૦૦૨

**ધી શીઆ ઇમામી ઇસ્માઈલી તરીકા ઍન્ડ રિલીજિયસ એજ્યુકેશન બોર્ડ ફૉર ઇન્ડિયા**

# સાંકળિયું


| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| | **હમ્દ** | |
| ૧. | એજી અવલ તુંહી આખર તુંહી | ૧ |
| | **વેનતી** | |
| ૨. | સામી રાજા જંપુદીપે ઉમાયોજી | ૨ |
| ૩. | કલપત જલપત માયા એ મોહી | ૩ |
| ૪. | આંખલડી જોઇ જોઇ થાકી | ૪ |
| ૫. | આએ રહેમ રહેમાન અબ તો | ૫ |
| | **સુબુહ સાદિક** | |
| ૬. | નિંદરાને વારો પ્રાણી તમે | ૬ |
| ૭. | સતવંતી જાગો વીરાભાઇ પરભાત | ૭ |
| ૮. | સતપંથી જાગો વીરાભાઇ નિત સાહેજીને | ૧૦ |
| ૯. | જાગો જાગો ભાઇડા એમસા | ૧૨ |
| ૧૦. | તારી આશ કરીને હુરાં ચલકર | ૧૩ |
| ૧૧. | ઊઠ બયઠરે કિયા સૂતા, તેરા | ૧૬ |
| ૧૨. | જાગત ક્યું નહીંરે ભલા | ૧૭ |
| ૧૩. | જાગ જાગરે તું જાગ મોરા | ૧૮ |
| | **ખુશાલી** | |
| ૧૪. | ધન ધન આજનો દાડલોરે | ૧૯ |
| ૧૫. | સામીકું આવંતા જો કહે તાકું | ૨૧ |

| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| ૧૬. | શાહના ખત આવિયા વીરા જંપુદિપ | ૨૩ |
| | **શુક્રવારી બીજ** | |
| ૧૭. | ધન ધન રહેણી આજનો દિન | ૨૫ |
| | **રૂહાની ખયાલ** | |
| ૧૮. | ઊંચારે કોટ બહુ વેચના | ૨૭ |
| ૧૯. | મગજરે મોમન મારગ લાધો | ૨૮ |
| ૨૦. | જીવની ચિંતા હવે કરો | ૩૨ |
| ૨૧. | ભમર ગુફારે ઉપર દેખતાં | ૩૪ |
| ૨૨. | તુમ ચેત મન મેરા, જુગ માંહે | ૩૫ |
| ૨૩. | હરદમ જપો પીરશાહનું જાપ | ૩૭ |
| ૨૪. | હરદમ કરો અભિયાસ | ૩૮ |
| | **સવાબે આખિરત** | |
| ૨૫. | એ સભાગા અલી ભજ નિત | ૪૦ |
| ૨૬. | એ સભાગા ઇસ દુનિયા દે વીચ | ૪૨ |
| ૨૭. | સુનો સુનો મોમનો, સુની મન | ૪૪ |
| ૨૮. | ધન ધન સામી રાજા તું સીરજણહાર | ૪૭ |
| ૨૯. | અંતકાળ વેળા વાપરીરે | ૪૯ |
| ૩૦. | મેરી મેરી તે બંદો શું કરેરે | ૫૦ |
| ૩૧. | કુટુંબ પરિવાર સજના, મેં સબ | ૫૧ |
| ૩૨. | ઉગમિયા સોહી દિન આથમેઆ | ૫૨ |
| ૩૩. | મરના હયરે જરૂર, જુગ માંહે | ૫૪ |
| ૩૪. | સઇયાંજી મોરે ડર લાગો | ૫૬ |

| ક્રમ | ગિનાન | પાનું |
| --- | --- | --- |
| | **અન્ય ગિનાનો** | |
| ૩૫. | કલમા કહોરે મોમનો, તમે મત | ૫૭ |
| ૩૬. | દિલના દગા બંદે કરના હો દૂર | ૬૩ |
| ૩૭. | હસી કીજે વીરા અલી તણી | ૬૪ |
| ૩૮. | પંથ સર બેઠા સુકરીત કમાવો | ૬૫ |
| ૩૯. | કમ્લને ફૂલે પ્રાણી બાવા ભમેરે | ૬૮ |
| ૪૦. | મુનિવર ભાઇ ચંચલ ચિત્ત મન | ૭૦ |
| ૪૧. | ભાઇઅર ભાંગા મ ટડો | ૭૨ |
| ૪૨. | ગુરસું બંધન બાંધીએ | ૭૪ |
| ૪૩. | હો હો કરતા હોઇ ગયા | ૭૫ |
| ૪૪. | અજબ અજાયબ દેખો મોમન | ૭૬ |
| ૪૫. | કહોરે પંડિતો જીવ કીસ ઘર જાતાં | ૭૮ |
| ૪૬. | હમે ઉમાયા ને કાયમ પાયા | ૮૦ |
| ૪૭. | જીતીવાર વાજે વીરા તન લાકડી | ૮૨ |
| ૪૮. | ગુર સેવતા સબ ગુન થાશે | ૮૪ |
| ૪૯. | ચંદ્ર ગયા ગગન સૂરીજ જો | ૮૫ |
| ૫૦. | કાયાની બેડી આપણા ગુરનરસું | ૮૭ |
| ૫૧. | સામી રાજો મોરે મનથી | ૮૯ |
| ૫૨. | જેમ જેમ જુગતસું પ્રીત કરેવા | ૯૧ |
| ૫૩. | સામી તમારી વાડી માંહે | ૯૨ |
| ૫૪. | ચાર ઘડીકા ચાર જુગ જ કિયા | ૯૪ |
| ૫૫. | સુનો સુનો ભાઇવે મોમનો, એસા | ૯૬ |
| ૫૬. | દુનિયા પ્રીત ન કીજીયે | ૯૮ |
| ૫૭. | નિતો નિત ઘટ થાપના | ૧૦૦ |
| ૫૮. | એક તિરથ વેંદડા પીર શમસ | ૧૦૩ |

| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| ૮૫. | સંસાર સાગરમાં વણજે આયા | ૧૫૧ |
| ૮૬. | ધરમ કરતા આળસ ન કરીયે | ૧૫૩ |
| ૮૭. | દરશન શાહકા તો પાઇએ, જો અંતર | ૧૫૫ |
| ૮૮. | એ ગત જાણો સામી રાજા આવિયા | ૧૫૭ |
| ૮૯. | હેત ધરી ધરી ફીણ જો કિયા | ૧૫૯ |
| ૯૦. | ચીલા છોડી દીનકા, ઘાંચા મત | ૧૬૧ |
| ૯૧. | ભલેરે ભાઇ તમે કર લીઓ | ૧૬૨ |
| ૯૨. | અમરાપૂરી બહાર એક નદી જો | ૧૬૪ |
| ૯૩. | વેદ વિચારી તમે ચાલો | ૧૬૬ |
| ૯૪. | કાજ સીધા સાહેબ પાયા, | ૧૬૮ |
| ૯૫. | ભરપૂર રહેલા થાન થાનોતર | ૧૭૦ |
| ૯૬. | સૂતક પાતક ગત માંહે ખોલો | ૧૭૫ |
| ૯૭. | જોગ તત્વ કેરા ભેદ વખાણું | ૧૭૭ |
| ૯૮. | સબ અંતે જેણે સત ઉપાયા | ૧૭૮ |
| ૯૯. | ધંધુકાર માંહે ધિયાન ધરીને | ૧૭૯ |
| ૧૦૦. | માલ ખજીના બહોત જ ભરિયા | ૧૮૧ |
| ૧૦૧. | જીરે રાજા સત તણે મુખ માર | ૧૮૨ |
| ૧૦૨. | પરથમ મૂરત મોવની, એવા | ૧૮૪ |
| ૧૦૩. | ઉતમ મધમ એક જો ખાની | ૧૮૫ |
| ૧૦૪. | સાંભલ ગાફલા હો જીઓ ભઇઆ | ૧૮૬ |
| ૧૦૫. | સતગુર મિલીઆ મુને આજ | ૧૮૮ |
| | **સાંકળિયું** | |
| • | ગુજરાતી મૂળાક્ષર પ્રમાણે | ૧૮૯ |
| • | જુદા જુદા પીરો અને સૈયદોના રચૈલા ગિનાનો પ્રમાણે | ૧૯૪ |

| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| ૫૯. | સચા મેરા ખાક સિરજણહાર | ૧૦૪ |
| ૬૦. | કે તમે અમીરસ પીજો દિન ને રાત | ૧૦૫ |
| ૬૧. | માંહે વરસે અમરત નૂર | ૧૦૭ |
| ૬૨. | પીર નાચીને કથે ગિનાનરે મા | ૧૦૯ |
| ૬૩. | એવી ગરબી સંપૂર્ણ સાર | ૧૧૨ |
| ૬૪. | સતગુરસું પ્રીત બંધાયરે | ૧૧૪ |
| ૬૫. | મોમન મન એમ જાણજોજી | ૧૧૫ |
| ૬૬. | દૂર દેશથી આયો વણજારો | ૧૧૭ |
| ૬૭. | આશ પુની હમ શાહ દર પાયા | ૧૧૯ |
| ૬૮. | થીર કાયમ હો ભાઇ રહેશે | ૧૨૧ |
| ૬૯. | દેઇ ગુરકે વાચા હેજે થીર ન રહેણાં | ૧૨૨ |
| ૭૦. | દીનકી બાત કહી ન જાવે | ૧૨૪ |
| ૭૧. | ચિત મ ડોલો રિખીસરા | ૧૨૫ |
| ૭૨. | આવીને બેસોને ગોઠડી કરીયે | ૧૨૭ |
| ૭૩. | ધરમી તે જે ધરમ વિચારે | ૧૩૦ |
| ૭૪. | સીરબંધ શાહને કાજે લાવિયા | ૧૩૨ |
| ૭૫. | એજી આજ કલજુગ પુરણ થયો | ૧૩૪ |
| ૭૬. | સાચો ધિઆવો ને ભાઇ ગિનાન | ૧૩૬ |
| ૭૭. | વલી વલી નર માંહી માંહી રમશે | ૧૩૯ |
| ૭૮. | પ્રથમ પેલો મન વારો આપણો | ૧૪૦ |
| ૭૯. | સતપંથ શ્રેવો મેરે ભાઇ | ૧૪૧ |
| ૮૦. | આપણું આપ પીછાણોરે મોમનો | ૧૪૨ |
| ૮૧. | વીરચા શહેરમેં શાહ મોરે તખત | ૧૪૪ |
| ૮૨. | હોવે હોવેજી સાચે પાંએ ચાલો તો | ૧૪૬ |
| ૮૩. | કરણી કમાવો મારા મુનિવરો, તો આવો | ૧૪૭ |
| ૮૪. | ગત માંહે આવી કર જોડીને રહીએ | ૧૪૯ |

## ગિનાન : ૧

# પીર સદરદીન (રહ.)

એજી અવલ તુંહી આખર તુંહી,
તુંહી તું સિરજણહારા એબી... ૧.

જાહેર તુંહી બાતન તુંહી,
તુંહી તું સાહેબ મેરા એબી... ૨.

હરદમ ઝિકર કરૂં ઇલાહી,
એસા તું સાહેબ સાચા એબી... ૩.

જીસ કેરા સાહેબ હોવેબી અયસા,
ઉસેબી અંદેશા કયસા એબી... ૪.

સાતવે નેજે સૂરજ આવશે,
વો દિન કેમ કેમ હોશે એબી... ૫.

ત્યારે માઇ ન બાપ પુત્ર ન ભાઇ,
સતગુર આગળ હોશે એબી... ૬.

ગિનાન અમી મહારસ બોલ્યા પીર સદરદીન,
આગમ લેવો વિચારી એબી... ૭.

✶

## ગિનાન : ૨

# પીર સદરદીન (રહ.)

સામી રાજા જંપુદીપે ઉમાયોજી,
વેલા તે કરજો મૌલા આવણા. ૧.

સામી રાજા દીઅડીએ અમે રહી ન સગીએ,
તુજ વીના બંદો કેસવા. ૨.

સામી રાજા જીવડો તમારે હાથ છે,
અવર જીવ ન લોણીએ. ૩.

સામી રાજા જીવના ફેરા ટાળજો,
મોમનના જીવ સુધારીએ. ૪.

સામી રાજા હાથીડું દઇને ઉગારજો,
કલજુગ મહા વીસમું દાઢો દોયલો. ૫.

સામી રાજા આદમ, નૂહા, ઇબ્રાહીમ,
નૂરે મૂસા ઓ ઇસા તુંહી તું. ૬.

સામી રાજા નૂરે મુહમ્મદ તે નૂર અલી મુરતઝા,
ચડિયા તે શ્રી ઇસ્લામશાહજી. ૭.

સામી રાજા ગજા તે તંબલ વજડાવણાજી,
પીર સદરદીન સચે શાહખે ઉમાવણાજી. ૮.

✶

## ગિનાન : ૩

# પીર હસન કબીરદીન (રહ.)

એજી કલપત જલપત માયા એ મોહી,
સો રખે જીવ દોઝખે જાય હો સામીજી,

સો અલ્લાહ ગુણ તેરા, પિયા ગુણ તેરા,
સાહેબ ગુણ તેરા, યા શાહ અવગુણ બહોત હમેરાજી,
સબ ગુને બંદેકે ફઝલ કરો મોરા સાહેબ... ૧.

એજી નીસી જલ હોવે તો કુછ કાર ન આવે,
પીરૂને ફરમાયા બંદા, સોહી કમાવે સો અલ્લાહ... ૨.

એજી હકસું હકીકત બંદા જીનેરે કમાઇ,
તિન દિલ ભીતર બંદે, હુઇ રોશનાઇ સો અલ્લાહ... ૩.

એજી પીર સદરદીનકું ઝિકર ઇલાહી,
ગુફતે પીર હસન કબીરદીનકું, પનાહ ખુદાઇ
સો અલ્લાહ... ૪.

★

## ગિનાન : ૪

# સૈયદ ફાઝલશાહ (રહ.)

એજી આંખલડી જોઇ જોઇ થાકી,
ક્યારે આવે મોરો શાહ,
પરતક જાણી પાયે પડું,
વાલા નમી નમી કરૂં પરણામ,

મીઠા શાહ મેં સમરૂં તેરો નામ,
યા શાહ સમરૂં મેં તેરો નામ,
ખુદાવંદ મેં સમરૂં તેરો નામ. ૧.

એજી બાળપણની પ્રીતડી,
સામી તમસું લાગીજી,
નેહડો લાગો શાહ નૂરધરસે,
સો કયા જાણે ગેમાર મીઠા શાહ મેં... ૨.

એજી સૈયદ ફાઝલશાહ આખે વેનતી,
મુસે મહેર કરો મહેરબાન,
કરમ કરોગે તો શરમ રહેગી,
હમ બંદો દોસારી તું તાર મીઠા શાહ મેં... ૩.

✶

## ગિનાન : ૫

# સૈયિદા ઇમામ બેગમ (રહ.)

આએ રહેમ રહેમાન અબ તો રહેમ કરોગે,
આએ રહેમ રહેમાન.

એજી તન મન ધન ગુરકું અરપણ કીજે,
તો ગિનાને ગિનાને ગિનાન અબ તો... ૧.

એજી દાન સખાવત હરદમ કીજે,
તો દાને દાને દાન અબ તો... ૨.

એજી સબ ઘટ એક જ રહેમાન દીસે,
તો શાને શાને શાન અબ તો... ૩.

એજી કહેત ઇમામ બેગમ મેરા પીર હસનશાહ,
તો ઇમાને ઇમાને ઇમાન અબ તો... ૪.

✶

## ગિનાન : ૬

# પીર સદરદીન (રહ.)

એજી નિંદરાને વારો પ્રાણી તમે જાગો કાંય સૂતા,
જાગી જપો તો અલી નિત અનંતે જઇ પહોંચો. ૧.

એજી અરધો જનમારો પ્રાણી તારો નિંદરા માંહે જાય છે,
વણરે સિરેવાએ જીવ તારો ખણ ખણ ખૂટે. ૨.

એજી વીખનો વીરોધ્યો પ્રાણી તું દીનથી ચૂકો,
ઘડીયે ઘટે દિન જાતા વાર ન લાગે. ૩.

એજી ભણે પીર સદરદીન પ્રાણી તમે ચેતીને ચાલો,
તો વાસો વઇકુંઠ દીદાર સાહેબજીનો માલો. ૪.

★

# ગિનાન : ૭

## પીર સદરદીન (રહ.)

એજી સતવંતી જાગો વીરાભાઇ પરભાત વેળા પરવરી,
સતિ જીવ ઊઠી સાહેબજીનું ભજન કરો,
જ્યારે રહેણી રહી પાછલી ખટ ઘડી,
જીવ જાગી નિંદ્રા પરહરો ચેતીને હેતથી
જપો શાહ અલી,

એવા જાપ જપો જુગતના તો ઠામ પામો મુગતના,
ભગત થઇ ભાવ રાખો મન દ્રઢ કરી આરાધો. ૧.

એજી ઉત્તમ પુરખ નારી હોઇ તે વહેલા ઊઠી
પોતાનું પિંડ પખારે,
પિંડ પખારીને વસ્ત્ર પવિતર સાથે,
હેક મન હેક ચિંત અલખ પુરખસું રાખે એવા... ૨.

એજી ઉત્તમ નારી હોય સુકુળની તે વહેલી ઊઠી,
પોતાના પુરખની સરેવા કરે,
પુરખના વચન તે નારી મુસ્તક ધરે એવા... ૩.

એજી નાઓ કહે તેના વચને જે કોઇ નારી ચાલે,
બ્રહ્મ ગિનાન દ્રશટેથી નારી મોખ મુગત પામે,
એક મન ધ્યાન ધરી સામીને સમરે એવા... ૪.

એજી બ્રહ્મવંતી હોય તે વેલા ઊઠી બ્રહ્મ વેદ
શાસ્ત્ર ઓચરે,
મોહ માયા છાંડીને દિલ અલખ પુરખસું રાખે,
એક મન ધ્યાન ધરી સામીને સમરે એવા... ૫.

એજી વેદિયા હોય તે ઊઠી વેદ વાંચે,
ભોગિયા હોય તે વેલા ઊઠી ભોગ તજે,
એક મન ધ્યાન ધરી સામીને સમરે એવા... ૬.

એજી જોગી હોય તે વેલા ઊઠી જોગ સાધે,
સરવે સાધ લોક ઊઠી સાહેબજીના ભજન કરે,
ધ્યાન પુરખસું રાખે,
એક મન દ્રઢથી આપણા અલખ પુરખને ધિયાવે એવા... ૭.

એજી ઝીણાં ઝીણાં કીટક પતંગ પંખી અવાચક પરાણીયા,
એવા સરવે જીવ ઊઠી સાહેબજીનું ધ્યાન ધરે,
તું કાંય સૂતો નિંદ્રા ધરી ભોળા મૂરખ પરાણી એવા... ૮.

એજી ઘડી બત્રીસની વેળા વીરાભાઇ રયણ વિયાણી,
તું કેમ સૂતો ભોળા મૂરખ પ્રાણી એવા... ૯.

એજી રયણ વિયાણી વિરા પ્રાણી ભાઇ ભાણ પ્રકાશ્યા,
સતવંતી જાગી ઊઠી સાહેબનું ભજન કરો,
તારે રહો ધરમસું સાચા એવા... ૧૦.

એજી ઘડી ઘડી પલક પલક વીરાભાઇ તુજ દિવસ ભરાવે,
ઇં ખોટ પડી તે ક્યાંય થકી ન આવે એવા... ૧૧.

એજી પરહરો પાપ વીરાભાઇ પુન આદરો,
સત ધરમસું વીરાભાઇ નિત હેત ધરો એવા... ૧૨.

એજી મન આપણું વીરાભાઇ મારગે વાળો,
જીવની દયા પિરીત પાળો,
સરવે સૃષ્ટિ સાહેબજીની સરખી જાણો એવા... ૧૩.

એજી પ્રપંચ વશ કરો કામ કરોધ પરહરો,
સીલ સંતોખ માંહે વીરાભાઇ મન રાખો એવા... ૧૪.

એજી સતિ જીવને જોઇએ ખમિયા દયા સંતોષ ને સાચ,
પરધન પરસ્ત્રીસું વીરાભાઇ મ કરજો ઘાત,
કૂડ કપટની વાત વીરાભાઇ જો તમે પરહરો,
તો લહો મોખ મુગત દીદાર એવા... ૧૫.

એજી તજો તે પીયારી પરાઇ વાત તાત,
વાત કરો આપણા જીવની,
પર નિંદા પરહરો તમને વારૂં છું વારોવાર એવા... ૧૬.

એજી આગલ કોઇ કેનું નહી પીર કહે ઉપદેશ દઉ સાચો,
કરપી ધનની મમતા મ કરો,
રખે ઉતપાત માંહે જાઓ એવા... ૧૭.

એજી ભણે પીર સદરદીન કહે નર અલીની વાચા,
એવા સત ધરમે તમે રહોને સાચા એવા... ૧૮.

★

## ગિનાન : ૮

# પીર સદરદીન (રહ.)

એજી સતપંથી જાગો વીરાભાઇ નિત સાહેજીને સરેવો,
પરભાતે ઊઠી મુખ ધુવો નિત દાન પુન કરોજી,
એવા કાયાના પંજભુ વશ કરો તો સહી અમરાપૂરી પામો. ૧.

એજી સંસારમાં કૂડા કૂડા ડગલા જેમ ભરેરે પારાધી,
તે પારાધી કાંઇ મરગ વન દોરવાને જાયજી,
એ મરગનું હઇડું છે પરવસુ એનું મરગલી મન મોહેયું,
એરે મરગલો આવીને મરગલીની ફાંસમાં ફસાણોજી
એવા કાયાના... ૨.

એજી સાતમે પઇઆલે વીરાભાઇ જેમ વસેરે વસીઅરલો,
તેની સુરત છે પરવસુ એની મોરલીએ મન મોહેયું,
એરે વસીઅરલો આવી કંડીયામાં પૂરાણોજી,
એરે વસીઅરલો હાટો હાટ ભીખાણોજી
એવા કાયાના... ૩.

એજી ઊંડા ઊંડા જલમાં વીરાભાઇ વસેરે માછલડી,
એનું ઉદર છે પરવસુ, એનું ખુધેઆએ મન મોહેયું,
એરે માછલડી આવી જાલમાં જપલાણીજી
એવા કાયાના... ૪.

એજી કાલી પીલી પાંખનો વીરાભાઇ જેમ ઉડેરે ભમરલો,
એની નાસકા છે પરવસુ એનું ફૂલ કમલે મન મોહેયું,
ઉગિયો ઉગિયો દિવસ ને ભમરો ફૂલ માંહે બીડાણોજી
એવા કાયાના... ૫.

એજી જીણી જીણી પાંખના વીરાભાઇ જેમ ઉડેરે પતંગીઆ,
એની નેણ છે પરવસુ એનું દીપકે મન મોહેયું,
એરે પતંગિયો આવી દીપકની જોતમાં જપલાણોજી
એવા કાયાના... ૬.

એજી ભણે પીર સદરદીન કહે નર અલીની વાચા,
એવા વેદ સુણીને નિત સાહેબજીને સમરો
એવા કાયાના... ૭.

★

## ગિનાન : ૯

# સૈયદ ઇમામશાહ (રહ.)

જાગો જાગો ભાઇડા એમસા રયણ વીઆણી,
રયણ વીઆણીને થયો અજવાળો,
ઊઠો ઊઠો મોરા શાહ મુખડો દેખાડો જાગો... ૧.

એજી હાથ માંહે દાતણ લોટો ભરિયો પાણી,
ઊઠો ઊઠો મોરા શાહ રયણ વીઆણી જાગો... ૨.

એજી રંગે ને ચંગે હુઇરે ભલાઇ,
સાચો મારગ તમે લિયો મોરા ભાઇ જાગો... ૩.

એજી પીર મુખે દાન દઇ આછી કરણી કમાવો,
તો અમરાપૂરી માંહે મંગલ ગાવો જાગો... ૪.

એજી ભણે સૈયદ ઇમામશાહ સાહેબે બહેસ્ત દીખલાઇ,
ભમર પલંગ પર સાહેબે સેજ બીછાઇ જાગો... ૫.

★

## ગિનાન : ૧૦

# સૈયદ ઇમામશાહ (રહ.)

એજી તારી આશ કરીને હુરાં ચલકર આવીરે મરદો,
તેની આશા માંહે ભંગ કેમ પાડો,

ઊઠો નિંદ્રાળવા હુરાં આવી છે આલવા,
તેને દીદાર દીજે તેનું દીદાર લીજે,
સુભુ હુઇરે ચતુર મરદો સૂઇ ન રહીએ ઊઠો... ૧.

એજી અષ્ટ પહોર તમને કલજુગના સોંપીયારે મરદો,
એક ઘડી તું અમને ન પહોતો ઊઠો... ૨.

એજી તારારે કામ હું તો જઇને મંડાવુરે મરદો,
જેવા હોય તેવા સાચા લખાવું ઊઠો... ૩.

એજી સાતમે સરગથી હું ચલકર આવુંરે મરદો,
તોએ નિંદ્રાળુ તું નિંદ્રા માંહે સૂતો ઊઠો... ૪.

એજી અમીના કંચોલા હું તો ભર કર લાવું રે મરદો,
આગલ આવું તારે કોઇ ન પાઉ ઊઠો... ૫.

એજી ફોકટ ફેરારે અમને સીદને ફેરાવોરે મરદો,
કાયર હોઇને કેમ ગમાવો ઊઠો... ૬.

એજી સહુએ મલીને અમને સતસું સોંપીયારે મરદો,
તે સત કેરા કોલ તમે કાંઇરે ફેરાવો ઊઠો... ૭.

એજી રખે કાંઇ થાય અમારા ચેરારે મરદો,
એ છ ઘડી છે નૂરની વેળા ઊઠો... ૮.

એજી આજ કલંજુગ મધે ચેતીને સૂઇએરે મરદો,
આશા દીજે તેની આશા પૂરી કીજે ઊઠો... ૯.

એજી અમને તમને મેળા બહેશ્ત કેરારે મરદો,
તમે કાંઇ ફેરાવો ફોકટ ફેરા ઊઠો... ૧૦.

એજી શાહ દ્વારે મધરાતના મેળારે મરદો,
તમે કાંઇ કરો છો દુનિયાના મેળા ઊઠો... ૧૧.

એજી તે વેળાએ અમને નિરાશ વાળો છો રે મરદો,
ફરી હું આવું સુભુનો ફેરો ઊઠો...૧૨.

એજી હસતી ને રમતી હું તો સરગથી આવુંરે મરદો,
આગળ આવું ત્યારે કાંઇ ન પાવું ઊઠો...૧૩.

એજી કોણ એવારે તમને ગોઠીડા મલીયારે મરદો,
જે અમ હુરાં અને સરગથી ટળીયો ઊઠો... ૧૪.

એજી સરખા સરખી માંહે અમને હોયશે હસરતરે મરદો,
એવા અબુજનો પાલવ ઝાલિયો ઊઠો...૧૫.

એજી સરગથી અમીના કંચોલા ભર કર લાવું રે મરદો,
પાછા વાળો તારે ઘાસ માંહે ઢોળું ઊઠો...૧૬.

એજી સરવે સવાદ હીરસને મેલોરે મરદો,
તો આવી અમ હુરાંને બોલાવો ઊઠો...૧૭.

એજી સાચા મારગ એણી પેરે પાઇયેરે મરદો,
જો ચાર વખત તમે આપ કમાવો ઊઠો...૧૮.

એજી સુભુ બપોર સાંજની વેળારે મરદો,
ખરી મધરાતે મુનિવરના મેળા ઊઠો...૧૯.

એજી ભણે ઇંદ્ર ઇમામદીન બોલ્યા છે અમરત વાણીરે મરદો,
હુરાંની વાત તમે સાચી કરી માનો ઊઠો...૨૦.

✱

## ગિનાન : ૧૧

## સૈયદ ઇમામશાહ (રહ.)

ઊઠ બયઠરે કિયા સૂતા, તેરા સોના ભલેરા નાહીં,
તેરા શાહ પીર કદી ન સોવે, તુજે સોના કયું ભાવે,

તેરા મૌલા કદી ન સોવે, તુજે સોના કયું ભાવે તેરા... ૧.

ખટ ઘડી તો પાછલી જાગો, ચેતો મુનિવર ભાઇ,
સરગ ભવનથી હુરાં આવી, નૂરના પ્યાલા લાઇ તેરા... ૨.

શૂરા હોય તો રેહણી જાગો, ચેતો મેરે ભાઇ,
નૂરના પ્યાલા મૂખે લગાયા, પુરવ તેની કમાઇ તેરા... ૩.

ઝિકરે જાગો બંદગી માંગો, ઝિકર કરો ઇલાહી,
ખરી દસોંદી ગતના મેળા, હાજર બેઠા સાંઇ તેરા... ૪.

વીરા હેતે પ્રીતે અમીરસ પીજો, વેલા ગતમાં જાઇ,
ગુરનર બેઉ જાહેર આવીયા, પરતક બેઠા ભાઇ તેરા... ૫.

વીરા સૈયદ ઇમામશાહ બોલ્યા, સાંભળો મુનિવર ભાઇ,
જાગણહારા જાગજો, નૂર ઝહૂરા થઇ તેરા... ૬.

✶

## ગિનાન : ૧૨

# સૈયદ ઇમામશાહ (રહ.)

જાગત ક્યું નહીંરે ભલા,
તું જાગત ક્યું નહીંરે,
ભોર ભયે પસ્તાઇ રહ્યો,
તું જાગત ક્યું નહીંરે.

એજી કાલકો ભવરો ફાંસો ડાલે,
ભવર ગુફાકી જાલીરે,
ઉસમેં તું સપડાઇ ગયો,
નીકલ જાયેગી વારીરે ભલા તું... ૧.

આલ નબીકી ઔલાદ અલીકી,
પંજતન પાક વખાણોરે,
હસન હુસેન દો નૂર પીછાનો,
ઉનસે ઉમ્મત સારીરે ભલા તું... ૨.

રહેણીકો સપનો બીસારો પ્યારે,
કાયકુ નિંદમેં ખોવોરે,
ગુર ચરનકે બલ બલ જાઇએ,
એમ કહે છે ઇમામશાહ બાલોરે ભલા તું... ૩.

★

## ગિનાન : ૧૩

# સૈયદ ઇમામશાહ (રહ.)

જાગ જાગરે તું જાગ મોરા ભાઇરે,
નૂર ઝહુરાકી ઘડિયાં આઇરે,

તું જાગ જાગરે મોરા ભાઇરે.

ચાર પહોર રહેણી ખોઇ પરભા નૂરકી આઇરે,
તુજ કારણ હુરાં સુહાગણ આઇરે તું જાગ... ૨.

ખટ ઘડી રાત રહી ચેતો મોરા ભાઇરે,
નૂરના પ્યાલા હુરાં છાંટતી આઇરે તું જાગ... ૩.

શૂરા હોય તો રહેણી જાગો ગાફલ સૂતા મોરા ભાઇરે,
આળસ નિંદ્રા તુને હુરાંસુ ગમાઇરે તું જાગ... ૪.

એમ કહે છે સૈયદ ઇમામશાહ તમે સુણો મોરા ભાઇરે,
ગઢ અમરાપૂરીમાં હુઇ છે વધાઇરે તું જાગ... ૫.

★

## ગિનાન : ૧૪

# પીર સદરદીન (રહ.)

એજી ધન ધન આજનો દાડલોરે, અમે અલીવર પાયાજી,
જુગા જુગના કસમલ પાપજ ટાળિયાજી,

હેતનો મેલાવડો આપણા સતગુરસું કીજેજી,
મનનો મેલાવડો આપણા બાર ગુરસું કીજેજી,
ધુતારો સંસાર પરલે છોડી મૂકીજે,
ઠગારો સંસાર શાહને નામે તરીજીયે,
એણે સંસારે ભલા સુકરમ કામ કીજે. ૧.

એજી આલમોત ગઢ પાટણ દેલમદેશજી,
ત્યાં અવતરિયા શાહ માનખા વેશજી હેતનો...૨.

એજી ઊંચા ઊંચા પરબત વીસમી છે ઘાટજી,
ત્યાં ચડી જોઉં નૂર સતગુરની વાટજી હેતનો...૩.

એજી ઊંચા ઊંચા તરોવર પાન વીના હીણાજી,
તેમ ભૂલા ભમે માનખા જીવડા,
ગુર ગિનાનના હીણાજી હેતનો...૪.

એજી ચોવટડે ચોવટડે આપણો સામી રાજો આવેજી,
આવી કરી જુમલાજીમાં મલી કરી બેઠાજી હેતનો... ૫.

એજી શામલી બજારે આપણો સામી રાજો દીઠાજી,
સોનાને સીંગાસણે આપણો
સામી રાજો બેઠાજી હેતનો...૬.

એજી આલે કાંસે નીલે વાંસે ચોરી ચિત્રાવોજી,
ચોરી ચિત્રાવી શાહના લગન લખાવોજી,
લગન લખાવી શાહના થાળ ભરાવોજી,
થાળ ભરાવી શાહને મોતીડે વધાવોજી,
પરણે આપણો પરથમી રાજો વીશવ કુંવારીજી હેતનો...૭.

એજી ભણે પીર સદરદીન અમે વણજારાજી,
જોઇ જોઇ વહોરો વીરા વણજ હમારાજી,
પશુ જીવડા કિયા જાણે વણજ હમારાજી હેતનો... ૮.

✶

## ગિનાન : ૧૫

# પીર સદરદીન (રહ.)

એજી સામીકું આવંતા જો કહે,
તાકું લાખ વધાઇ,
પાંચ સખી કેરો વાલમો કેને મિલીઓ રે ભાઇ,

સામીકું ઢુંઢતે દેખતે,
કેતા જુગ ગયા વીરા કેતા ભવ ભયા. ૧.

એજી સામીકે ગલેમેં હાર હય,
હીરા માણક જડિયા,
જાકું ભાવે તાકું દેત હય,
સાહેબ હય દિલ દરિયા સામીકું... ૨.

એજી સામી મારો ચતુર સુજાણ હય,
આપે સેષ્ટ દીવાન,
જીસકે ભરોસે થિર રહેઆ,
રહેઆ જમીન આસમાન સામીકું... ૩.

એજી જાકી હી જુગમેં જોત હય,
મેં હું બંદીરે તાકી,
વચને વચને પાઉ ભરૂં,
ચંદા સૂરજ સાંખી સામીકું... ૪.

એજી પીર સદરદીન બોલીઆ,
કોઇ મન આપણું સમજાવે,
કપડા ધોવે સો ક્યા હુઆ,
દિલ ધોવે સો પાવે સામીકું... ૫.

✶

## ગિનાન : ૧૬

# સૈયદ ઇમામશાહ (રહ.)

એજી શાહના ખત આવિયા વીરા જંપુદિપ માંહે,
કાંઇ લાવ્યા લાવ્યા ચંદન વીર. ૧.

એજી શાહના ખત વાંચિયા સૈયદ ઇન્દ્ર ઇમામદીન,
આજ મારે હયડે હરખ ન માય. ૨.

એજી પાંખડિયા જો હોવે તો શાહને જાઇ મીલું,
શું કરું મારો પિંડડો ન હાથ. ૩.

એજી કંધોધર હોવે તો કંધ ઊડવે,
એવા જોઇ જોઇ કરૂં છું વિચાર. ૪.

એજી ફૂલડાં વીણાવો વીરા સતિયું તણા,
જેને નથી વાયા કલજુગના વાય. ૫.

એજી રાહી ને દરગાહી મિલી દરગે સોંઢિયા,
તે તો ચાલિયા આપણે શાહને ફરમાન. ૬.

એજી રતનાગર ગાજે અતિ ડરામણા,
તિયાં કાયરિયા કાંઇ છાંડેરે પ્રાણ. ૭.

એજી વાઘ ને સિંહડા રાહીયુંના વોળામણા,
તે છે આપણા શાહને પીછાણ. ૮.

એજી ઊંચા ઊંચા ડુંગર દીસેરે ડરામણા,
તિયાં વાય ટાઢા હેમાજલના વાય. ૯.

એજી રાહી ને દરગાહી મિલી દરગે પોહોતા,
જાઇ પોતા કહેક નગરી માંહે. ૧૦.

એજી કહેક નગરી દીસે અતિ રળિયામણી,
તિયાં બેઠા આપણા ત્રિભોવર રાય. ૧૧.

એજી થાળ ભરાવો વીરા સગ મોતીયે,
વધાવો આપણા ત્રિભોવર રાય. ૧૨.

એજી સૈયદ ઇન્દ્ર ઇમામદીન આશા મુખે બોલિયા વેનતિ,
સામી ગતના ગુનાહ બક્ષ કરોજી. ૧૩.

✶

# ગિનાન : ૧૭

## પીર સદરદીન (રહ.)

એજી ધન ધન રહેણી આજનો દિન રલીઆમણુ,
ધન સા બીજ, ચંદર થાવર વારીઆ,
રંગ રચાવજો ચંદર થાવર દિન ભલા,
હેતેસું રંગ રચાવજો, ઘટપાટ ધરમજ માંડયા,
સહેજે ઇમાન લાવજો. ૧.

એજી આજ મારે સતગુરૂએ પાટ માંડીને ઘટ થાપેઆ,
તબ લગ ધરમ ધરમ સોહામણાજી,
સતગુરૂ એ ઘટપાટ થાપેઆ,
મારા પાપ ગયા જુગા જુગ તણાં,
એવી ગતગંગા પોહોપ પરમલ ધરમ વીઆપીઓ ચઇજુગે. ૨.

એજી સતનારે સાધુ તે ધરમના બેલીઆ,
સાહેબજીના સુરિજન તે મોરે મન વસી રહેઆજી,
સંસાર સાગર ધરમ લઇને ભેટજો અભિયાગત,
એવો ધરમ લઇને કિરીઆ ન પાલે,
તે નર પડીયા સરવે જૂઠીઆજી. ૩.

એજી તે નર દુરિજન દુ:ખીઆ કુડા ને જૂઠીઆ,
તે પાપી પરહરો પરહરો પાપીઆજી,
પરહરો પાપી પરહરો, પરલીઓ પાપી પરલીઓ,
એવો ધરમ લઇને જે કિરીઆ ન પાલે,
તે નર પડિયા સરવે જૂઠીઆજી. ૪.

એજી આજ મારે સતગુરૂએ એમ જ બોલેઆ,
એવો સતપંથ ધરમ, ધરમ તમે પામેઆ,
એવો પાત્ર પામીને છેત્રે કાંય પડો,
એમ બોલેઆ પીર સદરદીન,
અમીરસ મુનીવરે ભરખીઆ,
ધન રહેણી ધન તેની રાતીઆજી. ૫.

✶

## ગિનાન : ૧૮

# પીર હસન કબીરદીન (રહ.)

એજી ઊંચારે કોટ બહુ વેચના, નીચે વહે દરિઆવ,
હુંરે દરિયાવંદી માછલી, સાઇંયા તારણ આવ,

હુંરે દરશન બિના બાવરી, બાલમ ઘરે આવ, સાજન ઘરે આવ,
બંદો ભૂલ્યો તારી બંદગી, સાઇંયા સુરત બતાવ હુંરે... ૧.

એજી અગર ચંદનની કોટડી, સુફલ રચિયા કમાડ,
તાળાં દીધા છે પ્રેમના, સાઇંયા ખોલણ આવ હુંરે... ૨.

એજી પીંજર પડયો પરિવારનો, કોઇક બૂજત જન,
મેરે તનકી વેદના, સાઇંયા તપત બૂજાવ હુંરે... ૩.

એજી ઇતના કોપ ન કીજીયે, સાઇંયા દીજે દીદાર,
પીર હસનશાહની વિનતી, સાઇંયા તારણ આવ હુંરે... ૪.

✶

## ગિનાન : ૧૯

# પીર હસન કબીરદીન (રહ.)

એજી મગજરે મોમન મારગ લાધો,
એવો લાધો તો ઘણેરો આરાધો. ૧.

એજી નહી કુછ હોએસો તો સરવે કુછ થાએસો,
એવા સરવે કુછ શાહજીને ભાવેજી. ૨.

એજી દેતા રે હોય મોમન દેતાસું મિલીયે,
એવો મન માંહે આણીને દીજે. ૩.

એજી આછા માંહેથી આછેરો દીજે,
એવો ખાલી તે રંગ મ રાચોજી. ૪.

એજી શીતલ સરવે રસ સરવે રાતિયું જાગે,
તેના મુખ માંહે અમૃત વરસે. ૫.

એજી નવ નાડ પંજભુ ભીતર,
એવો ભીતર આવે તો સૂજે. ૬.

એજી પ્રેમ હંસા પ્રેમ પિયાજીસું મિલીયે,
તેનો આસન ગ્રહણ કરીજે. ૭.

એજી શશિયર ચંદ્ર સૂરજ રચના,
એવા હંસ રતન ગુણ બેલી કીજે. ૮.

એજી શશિયર ચંદ્ર વીર વીજોગણ,
તેનો મનડો ગગનતર ઝુલે. ૯.

એજી પદમણી પ્રેમ મારગ ચોખા,
તને ગુર કેરો ભાવ સુહાવે. ૧૦.

એજી હસતણીકું તો હુજત નાંહી,
જેમ કોયલ બોલે મન રળિયા. ૧૧.

એજી ચેતણીઆકું તો ચિંતજ નાંહી,
જેમ દુજે દોય તડિયા. ૧૨.

એજી સંખણીઆ એક શબ્દ દોહેલા,
જેનું અલી ઉપર હેત જ નાંહી. ૧૩.

***(અહીંથી રાગ ફરે છે.)***

એજી પદમણી તો પ્રેમે રાચે, ને ગિનાને રાચે હસતણી,
આ ચેતણી તો રંગે રાચે, અને કલેશે રાચે સંખણીજી. ૧૪.

એજી પદમણી એક પહોર નિંદ્રા, અને દો પહોર નિંદ્રા હસતણી,
આ ચેતણી ત્રણ પહોર નિંદ્રા, ને અઘોર નિંદ્રા સંખણી. ૧૫.

એજી પદમણી તો પોહોપ ગંધા, ને ચંદન ગંધા હસતણી,
આ ચેતણી તો મધ ગંધા, ને મછ ગંધા સંખણી. ૧૬.

એજી પદમણી પોહોપ વીરખા, ને સુફલ વીરખા હસતણી,
આ ચેતણી તો ખાટું વીરખા, ને વીખ વીરખા સંખણી. ૧૭.

એજી પદમણી તો કોમળ કેશા, ને લંબ કેશા હસતણી,
આ ચેતણી તો ભોરીંગ કેશા, ને ઊભ કેશા સંખણી. ૧૮.

એજી પદમણી તો કોયલ શબદા, ને મોર શબદા હસતણી,
આ ચેતણી તો સુડા શબદા, ને કગ શબદા સંખણી. ૧૯.

એજી પદમણી એક પાઉ ભીરખા, ને દો પાઉ ભીરખા હસતણી,
ચેતણી ત્રણ પાઉ ભીરખા, ને આયા આરોગે સંખણી. ૨૦.

એજી પદમણી તો પલત્ર માગે, ને હલત્ર માગે હસતણી,
આ ચેતણી તો માલ માગે, પેટ ભરે સંખણી. ૨૧.

એજી પદમણીને તો પોતાની ચિંતા, ને ઘરની ચિંતા હસતણી,
આ ચેતણીને પાડોસીની ચિંતા, ને ગામ ચિંતા સંખણી. ૨૨.

એજી પદમણી તો અંતર ભજની, ને માલા ભજની હસતણી,
અ ચેતણી તો દેખતા ભજની, ને ભંગ પાડે સંખણી. ૨૩.

*(અહીંથી રાગ ફરે છે.)*

એજી તેરી મેરી સરવે જુગ રાચયા,
ભાઇ ગુર બીના હોય ન સોયલા. ૨૪.

એજી મથમથો અમી મહારસ,
એવો ભીતર આણીને સોજો. ૨૫.

એજી ભીતર સોજો તો સરવે વસ્ત પયદા,
પીર હસન શાહ ગિનાન સુણાયા. ૨૬.

✶

## ગિનાન : ૨૦

# સૈયદ ઇમામશાહ (રહ.)

એજી જીવની ચિંતા હવે કરો,
અને કરણી કરો તમે સાર,
સતપંથ સાચી વાટ છે,
તમે સાચા ચાલો નિરધાર. ૧.

એજી તમે દિલ બાંધો સાચા સાઇંયાસુ,
જેણે સીરજીયા સરવે સંસાર,
મન મારી દુરિજન દૂર કરો,
તો સરે તમારા કાજ. ૨.

એજી દુરિજન ભૂંડો તે સહુ ઉપર શૂરો,
તેને દિલથી રાખો દૂર,
પંજભુ મારી ઝિકરે જાગશો,
તો સહી વરસે સાહેબજીનું નૂર. ૩.

એજી નૂર વરસે તો દિલ પાક રહે,
જો હોવે થીર પૂરો ઇમાન,
જો ઇમાનસું ચાલો ને આપ ગાળો,
ભાઇ સાહેબસું રાખો ધિયાન. ૪.

એજી ધિયાન લગાવો તમે સાહેબસું,
હવે રાખો આપણું આપ,
તમે પ્રેમ પીડા રદેહ ધરો,
ભાઇ જપો અજંપીયા જાપ. ૫.

એજી જાપ જપો ને ધીર રાખો,
અને અભિમાન ન આણો મન,
જો કૂડ કપટ તમે પરહરો,
તો પામશો શાહનું દરશન. ૬.

એજી તમે ચાહો દરશન શાહનું,
તો સીર ધરો ઉતાર,
પિયુ પિયુ હરદમ કીજીએ,
રતી દુનિયાસું ન રાખીએ પ્યાર. ૭.

એજી દુનિયા સંસાર એક તિલ છે,
અને જેવો સપનુતર જાણ,
ઇયું કરી દિલસું દેખીએ,
ભાઇ એક દિન મરવું છે નિરવાણ. ૮.

એજી તે મરણે પેલાં તમે મરીને ચાલો,
અને ધરતી ગુણ રાખો આપ,
સતગુર વચને તમે થીર રહો,
તો દિલકા જાવે સરવે પાપ. ૯.

એજી ભણે સૈયદ ઇમામશાહ સુણો મુનિવરો,
તમે રાખો પિયુસું હેત,
પિયુસું પટુંતરો રતી નવ રાખીએ,
જેમ ભાદરવે હરિયા ખેત. ૧૦.

✶

## ગિનાન : ૨૧

# સૈયદ મુહમ્મદશાહ (રહ.)

એજી ભમર ગુફારે ઉપર દેખતાં,
ભાઇ કહો કેસા ગુન હોય,
જગ મગ જોત જલહલે,
અને વસત નૂરાની સોય. ૧.

એજી ધીરો ધીરોરે ભાઇ મોમનો,
અને ધીરે તે સબ કુછ હોય,
માલીરે સીંચે સો ગણા,
ભાઇ ઋતુ બિના ફલ ન હોય. ૨.

એજી શરીઅત હક કરી જાણીએ,
તો તુરત તરીકત પાય,
હકીકત દિલ માંહે નકશીએ,
તો મારફતે મિલી જાય. ૩.

એજી સૈયદ મહમદશાહ આખે વેનતી,
તમે સાંભળો રબ સતાર,
હી બંદો ગુનેહગાર હય,
સાઇંયા બક્ષીએ બક્ષણહાર. ૪

★

## ગિનાન : ૨૨

# સૈયિદા ઇમામ બેગમ (રહ.)

એજી તુમ ચેત મન મેરા, જુગ માંહે કોન તેરા,
મત ખાઓ જૂઠા ફેરા, ગુર કહેત હય પુકાર,
તુમ ચેત મન મેરા.

એજી જુગ માંહે જો તું આયા, તુજે મીઠી લાગી માયા,
કંચન સરીખી કાયા, સો કયું હોવેગી ઉગાર
તુમ ચેત મન મેરા. ૧.

એજી કાયા માયા સરવે જૂઠી, જેસી વાયુકી મૂઠી,
જયું પાણીકા પરપોટા, ફૂટતા ન લાગે વાર
તુમ ચેત મન મેરા. ૨.

એજી નહીં તેરા બાપ માઇ, નહીં તેરા બેન ભાઇ,
નહીં તેરા સગા સાઇં, જૂઠા હય સંસાર
તુમ ચેત મન મેરા. ૩.

એજી નહીં તેરા પુત્ર ધીઆ, નહીં તેરી ત્રિયા,
નહીં તેરા સગા સીઆ, મન માંહે તું વિચાર
તુમ ચેત મન મેરા. ૪.

એજી જબ રબ તુજે બુલાવે, કોઇ સાથ નહીં આવે,
તુજે ગોરમેં સૂલાવે, સર ઉપર તેરે ભાર
તુમ ચેત મન મેરા. ૫.

એજી હરદમ ઝિકર કરના, સુરત નિરત ઉન પર ધરના,
પીરશાહકા જાપ જપના, આઠ જામ લૈલો નહાર
તુમ ચેત મન મેરા. ૬.

એજી ગત માંહે મિલો નિતો નિત,
પહેલી યે માનો શરીઅત,
તરીકત ઔર હકીકત, મારફતમેં મનકું માર
તુમ ચેત મન મેરા. ૭

એજી ગત માંહે જબ આવો, તબ હયઝિન્દાહ બુલાવો,
ફલ અમરાપૂરી પાવો, શાહા પીરકા દીદાર
તુમ ચેત મન મેરા. ૮.

એજી દાન દસોંદ દીજે, નિતો નિત અમીરસ પીજે,
આધિન હોઇ રહીએ, શાહા પીરકે દરબાર
તુમ ચેત મન મેરા. ૯.

એજી કહેત ઇમામ બેગમ, કલમા પડો હરદમ,
મત કરના દૂજા ગમ, તો પાવેગા દીદાર
તુમ ચેત મન મેરા. ૧૦.

✶

## ગિનાન : ૨૩

# સૈયિદા ઇમામ બેગમ (રહ.)

એજી હરદમ જપો પીરશાહનું જાપ, જપતા રહીએ.

એજી મુળકમળ ભાઇ થીર કરી રાખોજી,
નાભી કમળકું જગાય જપતા રહીએ. ૧.

એજી સતગુર શબદકા માંહે વાજા વજાઇએજી,
સુરતીકું સુહાગ ચડાઇએ જપતા રહીએ. ૨.

એજી મુખ બીન ગાઇએ ને સરવણ બીન સુણીએજી,
બીન કર તાલ બજાઇએ જપતા રહીએ. ૩.

એજી તાલ પખવાજ મરદંગ વાજેજી,
બીન રસના ગુણ ગાઇએ જપતા રહીએ. ૪.

એજી ઇંગલા પીંગલા સુખમના નાડીજી,
ત્રિવેણીકે તીર પર ઠેરાઇએ જપતા રહીએ. ૫.

એજી ભમર ગુફા ઉપર તખત બીરાજેજી,
ઉઆં જાઇ નિશાન બજાઇએ જપતા રહીએ. ૬.

એજી કહેત ઇમામ બેગમ સુનો મોરા ભાઇજી,
ઇયું કરી દરશન પાઇએ જપતા રહીએ. ૭.

*

## ગિનાન : ૨૪

# સૈયિદા ઇમામ બેગમ (રહ.)

એજી હરદમ કરો અભિયાસ, કરીને દેખોજી.

એજી દમો દમ મારા સામીને શ્રેવોજી,
સામી મારો છે તમારે પાસ કરીને દેખોજી. ૧.

એજી પાસ છે સામી નહીં હય ખામીજી,
તમે પૂરો રાખજો વિશ્વાસ કરીને દેખોજી. ૨.

એજી તમારો સામી તમમાંહે એમ જ બેઠોજી,
જીયું હય ફૂલુ માંહે વાસ કરીને દેખોજી. ૩.

એજી રોમે રોમે મારો સામી રાજો બેઠોજી,
ચઇતન પુરુષ અવિનાશ કરીને દેખોજી. ૪.

એજી જેણે જીવે આપણો આપ નહીં ચેતીયોજી,
તે જુગ માંહે થઇ ગયા નિરાશ કરીને દેખોજી. ૫.

એજી બ્રહ્મ ગિનાન માંહે હરદમ રહેજોજી,
કરજો આપણો અભિયાસ કરીને દેખોજી. ૬.

એજી અજંપીઆ જાપ ભાઇ જીસ ઘટ ભીતરજી,
સોહી ઘટ હોયશે ઉજાશ કરીને દેખોજી. ૭.

એજી ઘટ ઉજાશો પાપથી નાસોજી,
સામી ને જપો સાસ ઉસાસ કરીને દેખોજી. ૮.

એજી કહેત ઇમામ બેગમ જે નર કરશેજી,
તે પામશે વઇકુંઠ વાસ કરીને દેખોજી. ૯.

✶

# ગિનાન : ૨૫

## પીર શમ્સ (રહ.)

એ સભાગા અલી ભજ નિત નિરવાણ પંજેતન,
ધિયાન ગુર મુખે આણ સભાગા. ૧.

એ સભાગા દિયો દશોંદ રહો ગુરસેથી,
મ કર દુનિયાકી કાણ સભાગા. ૨.

એ સભાગા દુનિયા પલ રાખો ચલ તુસા,
પાણી પીયો છાણ સભાગા. ૩.

એ સભાગા ખાધા સો ખાધા પીતાં સો પીતાં,
દેતા સોહી પરમાણ સભાગા. ૪.

એ સભાગા દિયા તુમારા શાહ સવા લાખ લખશે,
પોતા દર દીવાન સભાગા. ૫.

એ સભાગા એરણ જીઅ ઘણ સરે,
તીંઅ લોહો કુટે સાંધાણ સભાગા. ૬.

એ સભાગા ખાલ ધુણી રબ લેખા મંગસી,
સંગ ચલો નિરવાણ સભાગા. ૭.

એ સભાગા આપે શાહ મુલા આપે શાહ કાઝી,
આપે વેદ કુરાન સભાગા. ૮.

એ સભાગા મેજલે મેજલે સાહેબ સિંધ લંઘેસી,
આવણિયા મુલસતાન સભાગા. ૯.

એ સભાગા ચારે કુંઢુ ચારે ચકલા,
મૂલ ચોક મુલસતાન સભાગા. ૧૦.

એ સભાગા ગિનાન મહારસ પીર શમસ બોલ્યા,
સાચા લંઘસી પાર સભાગા. ૧૧.

✶

## ગિનાન : ૨૬

## પીર શમ્સ (રહ.)

એ સભાગા ઇસ દુનિયા દે વીચ કિયા ગીન આવે,
કિયા ગીન વઇસી નાલ સભાગા. ૧.

એ સભાગા નાગો તું આયો નાગો તું વએસી,
કર ગીન વણજ વેપાર સભાગા. ૨.

એ સભાગા નાગો તું આયો નાગો તું વએસી,
કુછ ન નિભસી નાલ સભાગા. ૩.

એ સભાગા પેર પસાર પિયા વીચ ચોકે,
કોલ ન આવે ધરદે સભાગા. ૪.

એ સભાગા રલભીરાવે વિધિયા કીતી,
હોય હવાલે રબદે સભાગા. ૫.

એ સભાગા દેહી તેરી ખાક રૂલેસી,
કીડે ખાવણ માંસ સભાગા. ૬.

એ સભાગા દેહી તેરી ઉપર ઘાસ જમેસી,
ગાંવાં ચુગસી ઘાસ સભાગા. ૭.

એ સભાગા જીનુદે કારણ તુ કૂડ કમાયા,
સે નહીં નિભસી નાલ સભાગા. ૮.

એ સભાગા તતીયા થંભિયા તિસ ગલે લંગસી,
કૂકાં કરે ડાડો ડાડ સભાગા. ૯.

એ સભાગા સામી રાજો જબ લેખા મંગસી,
જો કીતે સો ભરદે સભાગા. ૧૦.

એ સભાગા એ ગિનાન મહારસ પીર શમસ બોલિયા,
સાચા લંઘસી પાર સભાગા. ૧૧.

*

# ગિનાન : ૨૭

## પીર શમ્સ (રહ.)

સુનો સુનો મોમનો, સુની મન લાવના, સુનને સરીખી બાતિયાજી,
ક્યામતકા ડર બહોત મન લાવના, આપ ડરાવો છાતિયાજી,
આખે નબી મુહમ્મદ જબરીલકું, કેતી બેર હય તુજે આનાજી,
મુજ પીછે દુનિયામેં, કેતી બેર હય તુજે આનાજી,
આખે જીબરાઇલ સુનો નબી મુહમ્મદ, દસ બેર મુજે આનાજી. ૧.

પહેલી બાર સુનો યા મુહમ્મદ, ફીર કર હય મુજે આનાજી,
પહેલી બાર મેં ફીર કર આઉગા, સો બરકત લેને કાજેજી,
દુનિયામેંસે બરકત લે જાઉગા, સો ન રહેવે કુછ બાકીજી. ૨.

દુજી બાર સુનો યા મુહમ્મદ, ફીર કર હય મુજે આનાજી,
દુજી બાર મેં ફીર કર આઉગા, સો મહોબત લેને કાજેજી,
દુનિયામેંસે મહોબત લે જાઉગા, સબ બેમહોબત હો જાવેજી. ૩.

તીસરી બાર સુનો યા મુહમ્મદ, ફીર કર હય મુજે આનાજી,
તીસરી બાર મેં ફીર કર આઉગા, સો રહેમત લેને કાજેજી,
દુનિયામેંસે રહેમત લે જાઉગા, સો કણ ઓછા ત્યાં પાકેજી. ૪.

ચોથી બાર સુનો યા મુહમ્મદ, ફીર કર હય મુજે આનાજી,
ચોથી બાર મેં ફીર કર આઉગા, સો શરમ લેને કાજેજી,
ઔરત મરદસે શરમ લે જાઉગા, સબ ઢોરા રીતા હોવેજી. ૫.

પાંચવી બાર સુનો યા મુહમ્મદ, ફીર કર હય મુજે આનાજી,
પાંચવી બાર મેં ફીર કર આઉગા, સો સખાવત લેને કાજેજી,
દૌલતમંદસે સખાવત લે જાઉગા, સો ન રહેવે કુછ બાકીજી. ૬.

છઠ્ઠી બાર સુનો યા મુહમ્મદ, ફીર કર હય મુજે આનાજી,
છઠ્ઠી બાર મેં ફીર કર આઉગા, સો ઇમાન લેને કાજેજી,
ઇમાની તો કોઇ કોઇ હોવેગે, સબ બેઇમાની હો જાવેજી. ૭.

સાતવી બાર સુનો યા મુહમ્મદ, ફીર કર હય મુજે આનાજી,
સાતવી બાર મેં ફીર કર આઉગા, સો કોલ લેને કાજેજી,
રાજા તો બેકોલી હોવેગે, સો દિયા કોલ ન પાળેજી. ૮.

આઠવી બાર સુનો યા મુહમ્મદ, ફીર કર હય મુજે આનાજી,
આઠવી બાર મેં ફીર કર આઉગા, સો અદલ લેને કાજેજી,
બાદશાહોસે અદલ લે જાઉગા, સો ઝુલમ હોવે ઠામો ઠામજી. ૯.

નવમી બાર સુનો યા મુહમ્મદ, ફીર કર હય મુજે આનાજી,
નવમી બાર મેં ફીર કર આઉગા, સો સબર લેને કાજેજી,
દુનિયામેંસે સબર લે જાઉગા, સબ બે સબર હો જાવેજી. ૧૦.

દસવી બાર સુનો યા મુહમ્મદ, ફીર કર હય મુજે આનાજી,
દસવી બાર મેં ફીર કર આઉગા, સો કુરાન લેને કાજેજી,
દુનિયામેંસે કુરાન લે જાઉગા, સો ન રહેવે કુછ બાકીજી. ૧૧.

આલમ કોઇ બૂજે નાંહી, સબ જાહેલ હો જાવેજી,
ઇલમકું કોઇ બૂજે નાંહી, સબ લીબાસ કપડે પહેચાનેજી,
રેશમી કપડે પહેન કર આવે, ઉસે ખુદા કર માનેજી,
એ દસે બાતિયાં સહી કર બુજો, ચેતો ભાઇ સવેરાજી,
દુનિયામેંસે બરક્ત, મહોબત, શરમ, ઐસી દસે બાતિયા ચલિયા,
તબ કિયામતકી નિશાનીજી,
પીર શમસ કલંદર ઇયું કહ્યા, આયા કાયમ શાહકા વારાજી. ૧૨.

✶

# ગિનાન : ૨૮

## પીર શમ્સ (રહ.)

ધન ધન સામી રાજા તું સીરજણહાર સાઇંજી,
શેષ્ટ રચાઇ શાહ મોરે ધંધુકાર સાઇંજી. ૧.

નબી મુહમ્મદ મેડે શાહદા પ્યારા સાઇંજી,
નબી મુહમ્મદ સર પઘર ચલિયા, સાઇંજી. ૨.

ઉસને પઘરે ચાર ફિરસ્તા ઉપાયા સાઇંજી,
હુકમ કીધા આણીયું માટી બંદેદા બૂત બનાયો સાઇંજી. ૩.

જાઇ મલાએક મટી કાપણ લાગા સાઇંજી,
મટી રોવણ લાગી સાઇંજી. ૪.

ન રૂઓ મટી મેરે શાહદા ફરમાન હુઆ સાઇંજી,
આણીયું પાણી બંદેદા ખમીર મચાયા સાઇંજી. ૫.

ખમીર મચાયા બંદેદા બૂત બનાયા સાઇંજી,
સતે આસમાને બંદેદા રૂહ મંગાયા સાઇંજી. ૬.

વણવે રૂહ અંદર કાયા કોટી છે તમારી સાઇંજી.
રૂહ જુએ તો આગે હય અંધેરા સાઇંજી. ૭.

એ નહીં છે મન હમારા સાઇંજી,
જેમાં મેં વણવું તેમાં ફરી કાઢેગા સાઇંજી. ૮.

કીધા કોલ કરાર મેડે હંસેદા રાજા સાઇંજી,
દેજો દસોંદ બંદા ધરમ ઉધારા સાઇંજી. ૯.

દુનિયામેં આયો બંદો ગફલત હુઆ સાઇંજી,
દુનિયા જે ધંધે બંદો આણે વિગોયો સાઇંજી. ૧૦.

ગણી પુની બંદેદી ઉમર ભરાણી સાઇંજી,
દીવેદી જોત બંદેદી વટલડી હુઇ સાઇંજી. ૧૧.

ભાવરે મલી કીધો છે ઢોડ એવો સાઇંજી,
આણિયું પાણી બંદેદા પિંડ પખારો સાઇંજી. ૧૨.

અછા અછા કપડા બંદેદા અંગ લગાડિયા સાઇંજી,
ઉસને પખારે બંદો ઘરે સધારિયો સાઇંજી. ૧૩.

મંજેતા લાય બંદેકું ભુંકુ લાયા સાઇંજી,
નનકણ લાગે જંદ બંદેદી કપણ લાગી સાઇંજી. ૧૪.

નેકી બદી બંદેદી લીખી મલાએક સાઇંજી,
દરગા સાહેબજે થીંદી વીલાએત સાઇંજી. ૧૫.

સાચેકુ સામી રાજો દેસે બહેસ્તમાં જુલાણા સાઇંજી,
એ ગિનાન મહારસ પીર શમસ બોલિયા સાઇંજી. ૧૬.

✶

## ગિનાન : ૨૯

# પીર હસન કબીરદીન (રહ.)

એજી અંતકાળ વેળા વાપરીરે,
તમે ચેતો મોમન ભાઇજી. ૧.

એજી સતગુર સિરેવો તમે સતપંથ ધિયાવો,
ને કરી લીયોને કમાઇજી. ૨.

એજી શાહના દીદાર જેને ભેટિયારે,
તેનો ગઢ અમરાપૂરી વાસજી. ૩.

એજી અમરાપૂરીનો મારગ છે દોહેલો,
તમે કેમ ઉતરશો પએલે પારજી. ૪.

એજી મોરે થઇને લેશું આપણા પીરને,
અમે એમ ઉતરશું પએલે પારજી. ૫.

એજી બંદો તમારો સામી બહુ ગુનેહગાર છે,
તમે છો બક્ષણહારજી. ૬.

એજી પીર હસન કબીરદીન આવિયા,
સામી ઉઘાડોને કમાડજી. ૭.

★

## ગિનાન : ૩૦

# પીર હસન કબીરદીન (રહ.)

મેરી મેરી તે બંદો શું કરેરે, એવા ભૂલા તે ત્રણે લોકરે. ૧.

એજી પાંખડે પરોથવી રાચીયેજી, કોઇ ન જાણે ધરમ આચારરે. ૨.

આગળ જાતા પસ્તાશોજી, તારે લેખો લેશે સંસારરે. ૩.

તિલ તિલનો લેખો થાયશેજી, તારે કેવા થાયશે હવાલરે. ૪.

રોમરાય ત્યાં ગવાહી પૂરશેજી, શાહ ત્યાં દેવરાવશે ઘણ કેરા મારરે.૫.

હાથ ઘસંતા થાકશોજી, તારે કોઇ ન કરશે વારરે. ૬.

માઇ બાપ ત્યાં નહીં આવશેજી, નહીં ત્યાં બેન નહીં ત્યાં ભાઇરે. ૭.

સગા કુટુબ નહીં આવશેજી, જીવ એકલો ત્યાં ઉઠાયરે. ૮.

બહોત પુકાર ત્યાં જીવ કરશેજી, કોઇ વાર ન ચડે સંગાથરે. ૯.

સતપંથ જેણે ભેટિયાજી, તે પામશે અમરાપૂરી ઠામરે. ૧૦.

પીર હસનશાહ એમ બોલ્યાજી, તમે ધ્યાવો ધરમ આચારરે. ૧૧.

★

## ગિનાન : ૩૧

# પીર હસન કબીરદીન (રહ.)

એજી કુટુંબ પરિવાર સજના, મેં સબ કુછ છોડિયારે,
દિલ બાંધ્યા મેરે સાઇંસુ, મન તમસું જોડિયારે,

શ્રી નબીકે સાઇંયા, ટુક દૂર મત જાઇયોરે,
જબ આવેગી વેદના, તબ તુમ દેખન આઇયોરે.
શ્રી નબીકે સાઇંયા, ટુક દૂર મત જાઇયોરે. ૧.

સૂલી ઉપર સાથરો, મોહે નિંદ ન આવે રે,
પાનડે પાનડે પિયુજી, મારો જીવ ખીલાવોરે
શ્રી નબીકે... ૨.

હમતમ મિલી ગલેમેં, એક બાવરી ભઇયારે,
પીર હસનશાહકી વેનતી, તમ સુનિયો સાઇંયારે
શ્રી નબીકે... ૩.

★

## ગિનાન : ૩૨

# સૈયદ મુહમ્મદશાહ (રહ.)

ઉગમિયા સોહી દિન આથમેઆ, હાંરે ફૂલ્યા સોહી કરમાય,
ચૂણિયા મીંદર ઢળી પડે, હાંરે જનમિયા સોહી મર જાય,

હાંરે મન ભમરા તું લોભિયો, હાંરે માયા મમતે લોભાણો,
ચાર દિવસ કેરો પેખણો, હાંરે આખર ખાક હો જાના,
હાંરે મન ભમરા તું લોભિયો. ૧.

સુકણ લાગોરે કેવડો, હાંરે તુટી રેંટકી માળ,
બેલ ચલંતા રહી ગયા, હાંરે ચલ ગયા સીંચણહાર
હાંરે મન ભમરા તું લોભિયો. ૨.

લખપતિ છત્રપતિ ચલ ગયા, હાંરે ચલ ગયા લાખોઇ લાખ,
રાજ કરંતા ગોખે બેસંતા, હાંરે જલબલ હો ગયા ખાક
હાંરે મન ભમરા તું લોભિયો. ૩.

માયાનો બાંધિયો પ્રાણીઓ, ભમ્યો પર ઘેર જાય,
હાંરે મન ભમરા તું બહુ ભમ્યો, માયા મિથ્યા કરી જાણ
હાંરે મન ભમરા તું લોભિયો. ૪.

કેના છોરૂ ને કેના વાછરૂ, કેના માઇ ને બાપ,
અંતકાળે જાવું જીવને એકલું, હાંરે સાથે પૂન ને પાપ
હાંરે મન ભમરા તું લોભિયો. ૫.

સૈયદ મહમદશાહકી વેનતી, હાંરે બંદે ચલો મેરે સાથ,
લાભ આપણો ઉગારવા, હાંરે લેખો સતગુરને હાથ
હાંરે મન ભમરા તું લોભિયો. ૬.

✶

## ગિનાન : ૩૩

# સૈયિદા ઇમામ બેગમ (રહ.)

એજી મરના હયરે જરૂર,
જુગ માંહે ચેતીને ચાલો,
મરના હયરે જરૂર.

એજી કાયારે ગઢ તારો ખૂબ બન્યો હય,
પાંચ તંતવ એનું મૂલ જુગ માંહે... ૧.

એજી કાયા નગરી માંહે હય મન રાજા,
ચઇતન નૂર માંહે નૂર જુગ માંહે... ૨.

એજી નૂર સ્વરૂપી ચઇતન કરી જાણો,
કાયા માયા સરવે કૂડ જુગ માંહે... ૩.

એજી કાયા નગરી માંહે પાંચ ચોર વસે છે,
તમે ચેતી ચાલો મન મૂડ જુગ માંહે... ૪.

એજી કાયા નગરીને એક ભય છે ભારી,
એક દિન કાળ કરે ચકચૂર જુગ માંહે... ૫.

એજી કરો હુશિયારી સતગુર ચેતાવે,
તમે નામ લીઓ નિરમળ નૂર જુગ માંહે... ૬.

એજી દાન સખાવત હરદમ કીજે
ખમિયા ધરમ એનું મૂળ જુગ માંહે... ૭.

એજી કહેત ઇમામ બેગમ સુનો મેરે ભાઇ,
તમે રહેજો સતગુરકે હજુર જુગ માંહે... ૮.

★

## ગિનાન : ૩૪

# સૈયિદા ઇમામ બેગમ (રહ.)

સઇયાંજી મોરે ડર લાગો એક દિનકો,
દિનકોરે ઘડી પલકો
સઇયાંજી મોરે ડર લાગો એક દિનકો.

કાચી મિટીકો ઘાટ ઘડુલો,
ફૂટતાં ન વાગીઓ રણકો સઇયાંજી... ૧.

આરે કાયા ફૂલનકી વાડી,
મિરગ ચરે અરે બનકો સઇયાંજી... ૨.

એક દિન સાહેબ સબકું બૂલાવે,
તો લેખા લેશે તિલ તિલકો સઇયાંજી... ૩.

કહેત ઇમામ બેગમ સુનો મેરે ભાઇ,
તો ધોખો ભાંગિયો પેલા ભવકો સઇયાંજી... ૪.

✶

## ગિનાન : ૩૫

# પીર સતગુર નૂર (રહ.)

એજી કલમા કહોરે મોમનો,
તમે મત જાઓરે ભૂલ,
રાહ અલી નબીજીકી સાચ હય,
એ હોવેગે સદા કબૂલ. ૧.

એજી આલ નબીઉ તમકું ભેજિયા,
ઇસ દુનિયાકે બીચ,
નમાઝ બંદગી કલમા હય,
એ હય નિયામત ચીજ. ૨.

એજી નબી તો જીવુંકા દાતાર હય,
જેણે કલમા સુણાયા,
જે મોમન માનશે તે બહેસ્તી હોવેગે,
બાકી ગાફલ ભૂલા ગેમાર. ૩.

એજી હેત પ્રીત મન ભાવસું,
તમે જપો અલ્લાહ રસૂલ,
કલમા કહો દિલ પાકસું,
તો કુલ વિઘન હોવે દૂર. ૪.

એજી બીન કલમે બંદગી કરે,
તે તો બંદગી સુની સાર,
તે જેમ નિત ઊઠ રાહ ચલણાં,
આખર ઉજડ વાસ. ૫.

એજી અલી નબીકું ધિયાઇયે,
તમે સુણો મોમન વાત,
કલમા કહો દિલ સાચસું,
નહી તો આખર કાલી રાત. ૬.

એજી જીસ મુખે કલમા નહી કહ્યાં નબીકા,
અને નહી કહ્યાં પુકાર,
તેને ઊંધે મસ્તક ટાંગશે,
અને જાયશે દોઝખકે દરબાર. ૭.

એજી જીસ મુખે કલમા નહી કહ્યાં નબીકા,
અને નહી જાણીયો નામ,
તેના મુખ માંહે એસા ભઠું ખાયગા,
તેનો દોઝખ માંહે ઠામ. ૮.

એજી જેણે કલમા સુણિયા નબીકા,
અને કલ માંહે નબી કબૂલ,
તેના મુખ માંહે અમરત વરસતા પાવેગા,
અને દોઝખથી કરશે દૂર. ૯.

એજી નામ નબીકા મીઠા હય,
જેસા સાકર ને દૂધ,
કલમા કહો દિલ સાચસું,
તો બાંધો શફાયત મૂલ. ૧૦.

એજી કલમા કહોરે મોમનો,
મ કરો જુગકી કાંણ,
નહી તો એકદમ ઉઠી જાઓગે,
અને દોઝખ જાઓગે પરમાણ. ૧૧.

એજી પાંચ વિખિયા મન વશ કરો,
તમે મોમન દિલ રાખો ઠામ,
કલમા કહે દિલ સાચસું,
તો દોઝખ હોવે હરામ. ૧૨.

એજી મોમન દિલમે કરો બંદગી,
તો ફલ અલ્લાહ અલી નબીકા પાઓ,
કલમે કૂંચી લેકર તમારી,
દિલના તાળાં ખોલી જુઓ. ૧૩.

એજી મન નિરમલ કરી શ્રેવજો,
અને હરદમ લીયો અલ્લાહ રસૂલકા નામ,
મોમનકું કલમા મીઠા લાગે,
જેસા લોભીકું હય મીઠા દામ. ૧૪.

એજી મોમન કલમા કહો દિલ સાચસું,
અને જુઠ બાજી છોડો,
માયાસું મન દૂર કરો,
તમે હેત પ્રીત સાહેબજીસું રાખો. ૧૫.

એજી કલમા કહોરે મોમનો,
તમે મત રાખો વીખ,
નહી તો કાલ જ બહાવરા,
નહી તો આ કુડી દુનિયામાં ટિંગાવશો નીત. ૧૬.

એજી કરણીએ તે રહેણી હોઇએ,
અને હકકી રોટી ખાઇએ,
ભાઇ તબ રોઝા નમાઝ કબૂલ જ હોવે,
અને બહેસ્ત માંહે જાઇએ ભાઇ. ૧૭.

એજી કલમેસું કપટી ને પાંચ વશ નહી,
અને કૂડી નજરે જોય,
કલમે તણી કિંમત મૂરખ ન બૂજે,
તે કેમ કરી બહેસ્તી હોય. ૧૮.

એજી કલમે તણી કિંમત જો બુજીયે,
તો અલ્લાહ અલી ધિયાઇયે જોય.
મનકું મારે હો રહીયે,
તો સહી બહેસ્તી હોઇએ. ૧૯.

એજી ધન તે દેશ નબીકા,
અને જેણે નજરેસું દીઠા,
જીસ સફદમેં નબીજી બેઠા,
તે સબ બહેસ્તમેં જાય ભાઇ. ૨૦.

એજી જીસ સભા માંહે નબીજી બેઠા,
અને કલમા કહી સુણાયા,
તે મોમન ઉપર હું બલહારી,
જેણે દીદાર નબીકા પાયા. ૨૧.

એજી ધન તે માત પિતાકું,
અને ધન તે કુટુંબ પરિવાર,
જેણે નબીકું દેખિયા,
તે બહેસ્ત માંહે જાય ભાઇ. ૨૨.

એજી કલમા કહો રસૂલકા,
જો સબ કાટે પાપ ને વીખ,
પણ સબ જુગ ફના હોવેગે,
બાકી રહેગે ખુદા રસૂલ. ૨૩.

એજી જીસ મુખે કલમા નહી કહ્યાં નબીકા,
અને નહી જાણીયો નામ,
તેના મુખ માંહે ગારો લોહો આગકા,
તેનું દોઝખ માંહે ઠામ. ૨૪.

એજી જીસ મુખે કલમા નહી કહ્યાં નબીકા,
અને તીસ મુખે લેતી આગ,
કલમેસું જો બહેસ્તી હોઇએ,
તો ફલ પાવે દરૂદદા શફાયત. ૨૫.

એજી આગળ જાતા કેમ ભવસાગર આદરો,
એબી જુગ માંહે જુઠી વાત,
જેના મુખમાં કલમા નહી,
તેને આગળ આગ સંગાથી. ૨૬.

એજી પોરા આયા અલી શાહકા,
અને ધરતી માગે ભોગ,
કેતેક ખડંગ સંહારસે,
અને બાકી મારેંગે રોગ. ૨૭.

એજી જન્નતી ખોરડા ખોલિયા,
અને બહેસ્તકા કમાડ,
દાના હોયસે સો સબ સમજશે,
અને નહી સમજ્યા સો ભૂલા ગેમાર. ૨૮.

એજી મોમન મૂરખ ન હોઇએ,
એમ બોલિયા પીર સતગુર નૂર,
કલમા કહોરે રસુલકા,
તો દેખો નૂરે નૂર હજુર. ૨૯.

★

## ગિનાન : ૩૬

# પીર સદરદીન (રહ.)

એજી દિલના દગા બંદે કરના હો દૂર,
એ ગુનાહ બક્ષે સુબહાના જીરે. ૧.

એજી પિંડને કારણ કાંય જીવડાને હારો,
સામી રાજો લેખાં લેશે જીરે. ૨.

એજી ગુનો તમારો દુશ્મન થાશે,
અવર રંગ લઇને ઊઠશે જીરે. ૩.

એજી જંત્ર ઝાલી જીવડો સાણસીયે તોડાવશે,
તારે જીવડો કરશે પુકાર જીરે. ૪.

એજી નહીં ત્યાં માતા ને નહીં ત્યાં પિતા,
નહીં ત્યાં બેન ન ભાઇ જીરે. ૫.

એજી આત્મા જોઉ તો કાંઇ ન દીસે,
સામી રાજો લેખાં લેશે જીરે. ૬.

એજી ગિનાન મહારસ ભણે પીર સદરદીન,
નકલંકી આગળ હોયશે જીરે. ૭.

✶

## ગિનાન : ૩૭

# પીર સદરદીન (રહ.)

એજી હસી કીજે વીરા અલી તણી, મૂરત લીજીએ સાથ,
સખી કીજે વીરા પટુંતરો, નહીકા ફોગટ ફેરા ખાય,

કુડમી કરસણ કીજીએ, વીરાભાઇ કીજીએ, જેથી થાયશે ઉગાર,
નામ સાહેબજીનો લીજીએ, જેણે સરજીયો સોંસાર,
દશોંદ સાહેબજીને આલિએ, તો સુખી રહીએ સોંસાર,
સેસ્ત્ર ઘણેરો આગલ નીપજે, પામો મોખ મુગત દીદાર
કુડમી...૧.

એજી અંતરજામીની ભોમ વાવીએ, ચાલો સતગુરજીને ચાસ,
પુન પવિત્ર કીજે બે બલદીઆ, ધરમ કીજીએ રાસ,
સતનું પરોણું હાથે ઝાલીએ, ગિનાનની કીજીએ આર કુડમી...૨.

એજી કાળના ખૂટા કાઢી નાખજો, તો તમારૂં ખેત્ર ચોખું થાય,
પાપી પંખીને ઉડાડજો, રખે કરે રે વિણાસ કુડમી...૩.

એજી મન માંહે માળો ઘાલીએ, તન માંહે ટોયો બેસાડ,
પટી કરીને કરબડીએ, તો પાપનું જડ જાય કુડમી...૪.

એજી પીર સદરદીન બોલિયા,
મારા મોમનભાઇ તમે રહેજો હુશિયાર,
ત્રણ ત્રણ જુગ આગે વહી ગયા, અજ કલ ચોથાની વાર કુડમી...૫.

✶

## ગિનાન : ૩૮

# પીર સદરદીન (રહ.)

જીરેભાઇરે પંથ સર બેઠા સુકરીત કમાવો,
તમે સમર લેજો,
ભાઇ વણ સુકરીતે પાર કેમ પહોંચો. ૧.

જીરેભાઇરે દૂર દેશ જાવણાં, વીરા મારગ દોયલો,
ઇ વીખડો મારગ કેમ કરી પહોંચો. ૨.

જીરેભાઇરે પાંચઇ ચોર એણે પંથ સર બેઠા,
મારગ સર બેઠા,
તે દેખંતા સોહોબત લૂંટે. ૩.

જીરેભાઇરે જે જીવ સતગુરને વાયકે નહી પૂરા,
પાંચે ખણંગે નહી શૂરા,
તેને ફીરી ફીરી ચોર જ લૂંટે. ૪.

જીરેભાઇરે હું હું કરીને અહુંકાર ન મેલે,
કાલ ક્રોધ ન મેલે,
તે કેમ કરી પાર જ પહોચે. ૫.

જીરેભાઇરે ગાફલ કાયર અચેત જે કિરીયાના હીણાં,
સતે દતે હીણાં,
તેને ફીરી ફીરી ચોર જ લૂંટે. ૬.

જીરેભાઇરે જે જીવ સતગુરને વાયકે છે પૂરા,
પાંચે ખણંગે છે શૂરા,
તેને કેમ કરી ચોર જ લૂંટે. ૭.

જીરે ભાઇરે સતગુર તે જે વીરા આપે તરે, અવરાને તારે,
જે જીવ સત ધરમ મારગ રાહાથી પાર જ પહોંચે. ૮.

જીરેભાઇરે મોમન તે જે વીરા આપે મરે,
મરતક હોઇ રહેવે,
તે જીવ સહી અમરાપૂરી પહોંચે. ૯.

જીરેભાઇરે આઠેઇ પહોર જેને આપકી ચિંતા,
જેને જીવની છે ચિંતા,
તેને કલજુગ કેમ કરી લુપે. ૧૦.

જીરેભાઇરે મોમન તે જે ધરતી જેવા,
તેનું મન છે નિરમલ પાણી. ૧૧.

જીરેભાઇરે ગિનાન ભણે સુણે તેનું ભેદ જ બૂજે,
તે જીવ કહીએ સતી સંતોખી. ૧૨.

જીરેભાઇરે ગિનાન ભણે સુણે તોય અહુંકાર ન મેલે,
કાલ કરોધ ન મેલે,
ભાઇ તિસ સીર મહાદન રચેશે. ૧૩.

જીરેભાઇરે જાણી કરી ભૂલીયા તેનું ઠામ જ નાહી,
તે જીવ ચોવીસ કરોડ માંહે ભીડશે. ૧૪.

જીરેભાઇરે ગિનાન અમી મહારસ પીર ભણાવે સદરદીન,
ભાઇ સુકરીત વીના પાર કેમ પહોચો. ૧૫.

✶

## ગિનાન : ૩૯

# પીર સદરદીન (રહ.)

જીરેભાઇ કમલને ફૂલે પ્રાણી બાવા ભમેરે ભમરલો,
ઉગ્યો ઉગ્યો દિવસ માંહે ગરહેલો,

તેમ આ જુગ જાય પ્રાણીલા વહેલો,
ન સચેઓ મો સચ પ્રાણી,
બાવા અલીજીને સમરી લીઓ, કીધા તાઇલા કરતપ,
ફલ લહેશો આગલ સહી, આ જુગ જાય પ્રાણીલા વહેલો. ૧.

જીરેભાઇ પોતાને સવરાથે પ્રાણી કીધો સુવાસો,
ને ધારે જીવ માંહે પડીયો ફાંસો તેમ...૨.

જીરેભાઇ પેટને સવરાથે જીવડો મૂક્યો છે વરીઆલો,
જેમ સા મછલડી પ્રાણી જારી માંહે ગરહેલો તેમ...૩.

જીરેભાઇ વન કેરો મિરગલો જાં જુવેરે પાણી,
દેખે દેખે પાણી જીવડો ન દેખે બાણી તેમ...૪.

જીરેભાઇ જાણી જોઇ જીવડો મન વરીયો રંગ,
દેખે દેખે રંગ જીવડો ન દેખે ઢંગ તેમ...૫.

જીરેભાઇ પૂછે પૂછે પીર સદરદીન પ્રાણી શું લઇ આવ્યા,
કીધા કીધા વેપાર અલીજીસું પાધરા લઇ આવ્યા તેમ...૬.

જેણે ન કીધા વેપાર અલીજીસું,
તેણે જીવે સમુળગા ખોયા,
તેમ આ જુગ વહી જાય પ્રાણી વહેલો તેમ...૭.

✶

## ગિનાન : ૪૦

# પીર સદરદીન (રહ.)

મુનિવર ભાઇ ચંચલ ચિત્ત મન નિસીજલ કરી ધરો,
તો જુગમાં જીવડાની ચિંતા કરો. ૧.

કાયા કાચી ગળી જાશે કાલ,
તો આગળ જીવડાના કોન હવાલ. ૨.

જુગો જુગે મનખા દેહી તમ ધરી,
જીવની ચિંતા એકે જુગ નવ કરી. ૩.

હું હું કરી સરવ જુગ ખોયા મૂરખ તું અંધ,
પણ હવે કલજુગ છેલી સંધ. ૪.

જુગે જુગનાં ભૂલા કલજુગ માંહે મલ્યા,
પણ કલજુગના ભૂલા તે દોઝખ જાઇયા. ૫.

કલજુગમાં ગુરનર બેઉ અવતર્યા,
પણ રૂપ દેખીને પેલા મૂરખ ડર્યા. ૬.

એ રૂપ આદે અંત છે નિરવાણ,
પણ એ ગુરનર વીના જીવડો ન છૂટે જાણ. ૭.

જેના પુરણ સંચે સતગુર મલ્યા,
તેના ભવસાગરના ફેરા ટલ્યા. ૮.

સતગુર મિલીયા તો રાખો ઇમાન,
તો એકી ચિતે ધરો સામીજીસું ધ્યાન. ૯.

સતગુર સદરદીન કહે વિચાર,
તો ગતમાં મળતાં નવ કીજે વાર. ૧૦.

✶

## ગિનાન : ૪૧

# પીર સદરદીન (રહ.)

જીરે ભાઇઅર ભાંગા મ ટડો યારા મ બોલીયો અરપ માપેરી,
હીન શાહજે પઇયારથી, યાર તડ વછુટે લજ,

સુણ વણજારડા હો યાર હી મન હરેડો થો જુલે,
હીઅ મન હરેડો થો જુલે, યારા ચખે કડવી વલ,
તાં તોજે જીવજો જોખો ન થીએ,
યારા તોજે જીવજો જોખો ન થીએ,
હીન જીવ સંધે કજ કાં કિરીયા વાટ સોહેલી,
મોમનભાઇ હુઆ હો યાર હોએ. ૧.

એજી કચે માપે મઇંદડા યાર, કુડે તોલે ડીન,
હીઅ તિનીજી વખરડી યાર, બુડી સાસાઇન સુણ...૨.

એજી પકે માપે મઇંદડા યાર, પૂરે તોલે ડીન,
હીઅ તિનીજી વખરડી યાર, સહી સલામત નીન સુણ... ૩.

એજી તું વણજારો વેરા લઇ યાર, અછા વણજ કરીજ,
તુની કેખે મ ધૂતીયે યાર, પાંણે ધૂતાઇજ સુણ...૪.

એજી તું વણજારો મેદની યાર, કોઠા તો અડાઇયે,
સહી સંભુડો સાથડો યાર, સાથ ન સંભારીયે સુણ...૫.

એજી કેડીયું અડાઇએં ગઢ માંડીયું યાર, કેડા પાઇએ ચિત્ર,
દેહી ધરીદે ધુડમેં, મથા લતુની દીંદે મિત્ર સુણ...૬.

એજી તાંગે મથે તુરહો યાર, તાણે તો ન બધો,
જડેની લહેરીએ લોળીયો યાર, તડે થો સંભારીએ સુણ...૭.

એજી બેડીની ઢોઇ તડતે યાર, અચી સદ કંદે,
ઘર ભરીયો તોજે ભાંઢુએ યાર, સેહી ન હલંદે સાથ સુણ...૮.

એજી દીન ગુઢીયે ન ચડે યાર, તોય ન પચે માસ,
જો તું માલક મન્ચીએ, ગુરનર ભેટે તોજી આસ સુણ...૯.

એજી નો વાટા નિરખી યાર, દોઉ તું સારે દીજ,
તુંની તોંજે ઇમાનસે યાર, સહી સલામત દીજ સુણ...૧૦.

એજી રૂડોની ગઢ અમરાપૂરી યાર, ભાઇઅર ભાંગા ભેર,
બાર કરોડીયે શાહ નીઝાર ચડશે, સહી જાણો સદરદીન સુણ...૧૧.

✶

## ગિનાન : ૪૨

# પીર સદરદીન (રહ.)

એજી ગુરસું બંધન બાંધીએ, સચો આપ સંભાલ,
સામી ખેલત ખેલ ગએઆ, અપનો કોન હવાલ.૧.

એજી સીધા મારગસું ચલીએ, ચડશો ખાંડાકી ધાર,
અલીજીસું બંધન બાંધીએ, તમે ઉતરસો પાર.૨.

એજી આખર વેળા હોશે કાજી, સ્વામીજી લેખા લેનેહાર,
લુણ પાણીના ખત નીકાલસે, જીવડો પુકાર કરે ત્યાંય.૩.

એજી માઇ બાપ ત્યાં કોઇ નહી, નહી તારો બેન ના ભાઇ,
કીધા કરતવ સ્વામી શોધસે, ત્યારે છુટો કિરીયા સાર.૪.

એજી એમ બોલ્યા સતગુર સદરદીન, મુનિવર હો હુશિયારરે,
કીધા કરતવ સ્વામી શોધસે, જીવડો છુડાવનહારરે.૫.

★

## ગિનાન : ૪૩

# પીર સદરદીન (રહ.)

એજી હો હો કરતા હોઇ ગયા, હોતા ન લાગે વાર,
ફાની દુનિયા જાણીએ, કલજુગ હય દિન ચાર. ૧.

એજી ગુરકા કહ્યાં તમે કીજીયે, કરતા ન લાવો વાર,
દશોંદ દીજે ગુર મુખસું, મુનિવર હો સાચા યાર. ૨.

એજી મારગ લાગીયા જાગજો, સૂતા ન લેશો દીદાર,
સતિયા સત ભાવસું, વીરાભાઇ તે પાવે દીદાર. ૩.

એજી પહોરા આયા શાહકા, ચડે હુસેની હો સવાર,
એમ બોલ્યા સતગુર સદરદીન, મુનિવર હો હુશિયાર. ૪.

✶

## ગિનાન : ૪૪

# પીર સદરદીન (રહ.)

એજી અજબ અજાયબ દેખો મોમનભાઇ,
કલજુગ આયા ખોટા જીરે. ૧.

એજી પીર સાથે મુરીદ લડેગા,
બાપકું મારેગા બેટા જીરે. ૨.

એજી માંહે માંહે દોય બંધવ લડેગે,
અવર જાણે દો ગોધા જીરે. ૩.

એજી માઇ બેટી દોય લડેસે,
એક બીજાને કહેશે શોકા જીરે. ૪.

એજ સાસુ ઊઠીને પાણી ભરેસે,
વવર બેસી ખાણું ખાવે જીરે. ૫.

એજી નવ વરસની નારી ફલેસે,
ને બાર વરસનો પુરુષ જીરે. ૬.

એજી દો વરણાં કલજુગમાં મેઘ મંડાયસે,
ગાયા બે વાછડા જણસે જીરે. ૭.

એજી પહેલી ફોજકું પાણી મીલેસે,
દુજી ફોજકું ગારા જીરે. ૮.

એજ ત્રીજી ફોજે ખેહ ઉડશે,
ચોથી ફોજે સીતલ છાયા જીરે. ૯.

એજી પાંચમી ફોજે અલી પુરખ ચડશે,
લેશે તે ખણંગ ત્રીધારો જીરે. ૧૦.

એજી નવસો નવાણુ નદીયું નીર ઘટશે,
ત્રાજવે તોલાયસે પાણી જીરે. ૧૧.

એજી ગણીયા દાણા ત્યારે અન્નનાં વેચાયસે,
અને પુડીયે બંધાયસે આટા જીરે. ૧૨.

એજી ગિનાન મહારસ પીર ભણાવે સદરદીન,
એ સરવે સાચું કરી જાણો જીરે. ૧૩.

✶

## ગિનાન : ૪૫

# પીર સદરદીન (રહ.)

એજી કહોરે પંડિતો જીવ કીસ ઘર જાતાં,
શબદ અતીત અનહદ રહેતા. ૧.

એજી જે મન માણસ પેરે જાણે,
ગુંગારે સાકર કીયારે વખાણે. ૨.

એજી મન ને પવન વચે સુખમણા નાડી,
એસા ગિનાન કથો મન વારી. ૩.

એજી ગંગા ને જમના ગોર ઉલટ વહી જાવે,
બીન જલ સંગમ આ મન નાવે. ૪.

એજી સમ કરો લોચન દ્રઢ વહેવારા,
તો જાણો મુમન તમે એહી વિચારા. ૫.

એજી સોહી ગુર કરીયે જે બોર ન કરણા,
સોહી જાપ જપીએ જે બોર ન જપણા. ૬.

એજી સોહી કરતવ કરીયેજી જો બોર ન કરણા,
સુધા હો કર મરીયેજી જે બોર ન મરણા. ૭.

એજી અલી બોલો અલી બોલો મુનિવર જન,
અલીકે ચરણ ચિત લાવો એક મન. ૮.

એજી એક શબદથી ભવસાગર તરીયે,
તેહ જપતા આળસ નવ કરીયે. ૯.

એજી ભણે પીર સદરદીન સુણો ગત સોઇયા,
સતગુર વીના મુગત ન હોય. ૧૦.

✶

# પીર સદરદીન (રહ.)

હમે ઉમાયા ને કાયમ પાયા,
સામી રાજો અદલ કરાવેંગોજી. ૧.

વાચા પુરન વર દાતાર મળશે,
શાહ ઇસ્લામશાહા નામ ભણાવેંગોજી. ૨.

મુકર મુનાફક ગાફલ ચોરા,
ઉનોકું નરગ પહોંચાવેંગોજી. ૩.

નરગ માંહે જીવડો વ્યાકુળ હોયશે,
ઉપર ચીલલ લહાવેંગોજી. ૪.

પાંચ વરસની કન્યા ભરથાર માંગશે,
એસો કલજુગ આવેંગોજી. ૫.

નવ વરસની કન્યા બેટડો જણશે,
એવો કલજુગ આવેંગોજી. ૬.

પીપલ ફુલસે ને નાગરવેલ ફલસે,
અયસો શબદ સુણાવેંગોજી. ૭.

ખારા સમુદ્ર મીઠડા કરશે,
હસતણી દૂધ જરવેંગોજી. ૮.

દાલમ દાલમ પુરૂષ રમશે,
સ્ત્રી પાનડે જુલાવેંગોજી. ૯.

વાઘ હરણ બેઉ એક નાલે ચરશે,
અયસી અદલ કરાવેંગોજી. ૧૦.

સરગ મરત બેઉ એક નાલે કરશે,
એસો પરબ રચાવેંગોજી. ૧૧.

ગાડીયા માલ જો પ્રગટ હોયશે,
સૌને વસવાસ વએંગોજી. ૧૨.

અમી મહારસ બોલીયા પીર સદરદીન,
મુનિવર નજરા નજર દીખલાવેંગોજી. ૧૩.

✱

# ગિનાન : ૪૭

## પીર સદરદીન (રહ.)

જીતીવાર વાજે વીરા તન લાકડી,
ભાઇ કસે તો તાસું શરીર,
સામી તું માતા સામી તું પિતા,
ભાઇ કાયમ સિરજણહાર. ૧.

ડોલન લાગા તે જીવ ડુબશે,
ભાઇ રચને લાગા સાચા યાર,
વારા નિકીરે વીરા વાટડી,
ભાઇ પંથ ખંડા કેરી ધાર. ૨.

વીરા પંથ વલાવી ગયા,
ભાઇ કરન બેલી સચા યાર,
કાયા વાડી વીરા કારમી,
ભાઇ ફલ મા ચૂકો ગેમાર. ૩.

વીરા જૂઠું ન બોલીયે,
અને જૂઠડે હોય અનાચાર,
જીવડો કસાવશે ભાઇ જંતરમાં,
ભાઇ એક ગુનો સો સો વાર. ૪.

ખાલ તોડાવશે વીરા સાણસા,
ભાઇ દોહલો સામીનો દીદાર,
વીરા ઇતકા સો ભેલશે,
પીર સદરદીન બોલનહાર. ૫.

✶

## ગિનાન : ૪૮

# પીર સદરદીન (રહ.)

જીરેભાઇ ગુર સેવતા સબ ગુન થાશે,
અંતર આપકું જોવો. ૧.

જીરેભાઇ પાંચહી બંધ બાંધો રિખીસરો,
કાયકું મુદલ ગમાવો. ૨.

જીરેભાઇ લોભ લગા સબ જુગ ડુબા,
ઉસ વાટે કાંય તમે ચાલો. ૩.

જીરેભાઇ સાચા સુકરીત સાથી તેરા,
વણ બેડીએ કેમ હોવે પાર. ૪.

જીરેભાઇ બેડી વેહુના ડૂબી ડૂબી જાશે,
ભર નિંદ્રા કાંય સોવો. ૫.

જીરેભાઇ અમી મહારસ બોલીયા પીર સદરદીન,
સામી રાજા આગલ હોયસે. ૬.

✶

## ગિનાન : ૪૯

# પીર સદરદીન (રહ.)

ચંદ્ર ગયા ગગન સૂરીજ જો ન હાટા,
તો પવન ચડીયો ઓફરાટેજી. ૧.

મરશોરે લોકો તમે એ માયાનો બાંધો,
તો કલજુગ કૂડા છે ધંધાજી. ૨.

આજ કલત્ર કારન પુત્ર જો પ્યારા,
તો કાહે ન ચેતો મૂરખ અંધાજી. ૩.

વીડાહો પીંગલા બેઉ દાઝવા લાગીયા,
તો ગંગા પાછમથી આવીજી. ૪.

કાયાની કોપલ કુમલાવા લાગી,
તો તરવર છોડી છે આશાજી. ૫.

ગગન મંડલ માંહે પહોડી લે હંસા,
તો હઇડા માંહે જમ પેઠાજી. ૬.

સહી સાંજે સાધો તમે મધરાતે જાગો,
તો ત્રી કાલ પોહરા છે દેનાજી. ૭.

તીસ થકી તમે બેઉ ઘડી જાગો,
તો ત્યાં ફીરે છે જમના હેરાજી. ૮.

અમી મહારસ બોલીયા પીર સદરદીન,
તો સામીસું હેત હરિયાલીજી. ૯.

✶

## ગિનાન : ૫૦

# પીર સદરદીન (રહ.)

એજી કાયાની બેડી આપણા ગુરનરસું રાખોજી,
જતન કરીને જીવને તારો,

સંસાર દરીઓ, સાયર છે દરીઓ, દોએ તડ દરીઓ,
દીત કરણીના હીણા તે કેમ કરી પાર ઉતરશેજી. ૧.

એજી છતે હુતે સાહેબનું નામ ન લીધુંજી,
તેણે કલમાંહે ફોકટ ફેરા ખાધા સંસાર... ૨.

એજી પોતે ન પૂરા તે બીજાને કેમ વારેજી,
વણ સુકરીતે પાર કેમ તરશો સંસાર... ૩.

એજી પાપને પરહરો વીરાભાઇ, ધરમની લહેર લેશોજી,
તો અલીના લાડ એણી પેરે લેશો સંસાર... ૪.

એજી હીંગના વોરતિયાં માણેકનું મૂલ શું જાણેજી,
તે મોંના મીઠા દિલના ખોટા સંસાર... ૫.

એજી નીર ઘટિયા ને જાજ છીતવાને લાગોજી,
મછ ગલાગલ બાંધીયા સંસાર... ૬.

એજી કલજુગ છલિયો ને દુનિયા ડૂબવાને લાગીજી,
વણજ કેણી પેરે કરશો સંસાર... ૭.

એજી વ્યાજ વધીયું ને ઘરેણા ઘટવાને લાગાજી,
વસતુ વખારે જઇ પડીયું સંસાર... ૮.

એજી ભણે પીર સદરદીન કહે ખોટા પરલે થઇ જાસેજી,
તે હીંડસે રણો રણ રોતા સંસાર... ૯.

✶

# ગિનાન : ૫૧

## પીર સદરદીન (રહ.)

એજી સામી રાજો મોરે મનથી ન વીસરેજી,
તો સુનો સુનો મોમન રહ્યા હો જીરે ભઇયા. ૧.

એજી તેરી મેરી સાઇંયા એક મન એક ચિત,
સામી રાજો ભરપુર રહ્યા હો જીરે ભઇયા. ૨.

એજી શાહ તણા અભિયાગત આવે વીરા,
તિનકું મેં લાગુંગી પઇયા હો જીરે ભઇયા. ૩.

એજી આપે ઊઠી તેને બેસણ દીજે વીરા,
સોઇ તમારા ધરમ લખઇયા હો જીરે ભઇયા. ૪.

એજી લઇ લોટો તેના પાઉ ધોઇજે વીરા,
સીર પર તેલ કંગઇયા હો જીરે ભઇયા. ૫.

એજી ખીર ને ખાંડ ગ્રથ અમૃત ભોજન વીરા,
સંત તેણે મુખે દઇયા હો જીરે ભઇયા. ૬.

એજી ઢોલીયે તળાઇયે તેને પોઢણ દીજે વીરા,
ઝીણાં ઝીણાં વાહો ઢોલઇયા હો જીરે ભઇયા. ૭.

એજી ચારે સતીયું શાહના મંગલ ગાવે વીરા,
મોતીડે ચોક પૂરઇયા હો જીરે ભઇયા. ૮.

એજી એસો ગિનાન પીર ભણાવે સદરદીન વીરા,
મેરે મોમન ભાઇકું બહેસ્ત લિખઇયા હો જીરે ભઇયા. ૯.

★

## ગિનાન : ૫૨

# પીર સદરદીન (રહ.)

જેમ જેમ જુગતસું પ્રીત કરેવા, ભાઇ પ્રીત કરેવા,
તેમ તેમ રયણ વિયાણીજી. ૧.

અલીવર દાતાર સમર્યા નાહી, ભાઇ સમર્યા નાહી,
તો જનમ એળે તેનું જાયજી. ૨.

કરણીના હીણા અલી ઘર ભૂલા, શાહા ઘર ભૂલા,
તો ગુરનરકા મેળા તેંખે નાહીજી. ૩.

એણે સપનાંતર જે જીવ ભૂલા, ભાઇ જે જીવ રાચ્યા,
ભાઇ મત તિનુંને હરાઇજી. ૪.

કરો કરણી કુછ સમર લેના, કુછ સમર લેના,
તો પલત્ર હોયશે ભલાઇજી. ૫.

નામ પરસાદે શાહા હાથીડું દેશે, શાહા હાથીડું દેશે,
તો ઠામ દેશે શ્રી ઇસ્લામશાહજી. ૬.

અમે ઊણિયારી અમે ગુનેહગારી, શાહા અમે ગુનેહગારી,
પીર સદરદીન વેનતી સુણાયાજી. ૭.

★

ગિનાન : ૫૩

## પીર શમ્સ (રહ.)

એજી સામી તમારી વાડી માંહે,
નબી મુહમ્મદ સિંચણહાર,
નવે ખંડેમેં સિંચા રોપ્યા,
સામી સિંચે અનંત અપાર. ૧.

એજી એક સરોવરે સિંચા રોપ્યા,
એક હરિયા દુજા સુકા,
નુગરે રાહ નહીં રે પાઇ,
ભાઇ સત વીના તે સુકા. ૨.

એજી જો જડ કાપો પાપની ભાઇ,
તો જીવ હરિયા હોય,
સીસ કાપી ગુર દિલ બેસણ દીજીયે,
તો ગુરનર બેલી હોય. ૩.

એજી ગુરનર બેલી તેની વાટ સોહેલી,
શબદ પતીઅણાં જેહ,
જેવી તે કરણીએ જીવડો છૂટે,
તેવી કરણીએ કીજે સ્નેહ. ૪.

એજી દાસ દોશ નમી ખમી ચાલો,
લીયો સનહિયા બેલી,
એક રંગા નર પતીણાં,
ભાઇ તેની વાટ સોહેલી. ૫.

એજી મિલો રિખીસર મેળા મિલો,
ભાઇ આપણા જીવડાને ખાતર,
વહોરો વસ્તુ ચાર માણક ધરો નીલાડ,
ભાઇ પંજભુને તમે વારો. ૬.

એજી આપણા ભાણા દૂર ચૂકાવો,
ગુરકા ગિનાન કમાવો,
નર પરસાદે પીર શમસ બોલ્યા,
સાચા સામીને આરાધો. ૭.

✶

## ગિનાન : ૫૪

## પીર શમ્સ (રહ.)

એ વીરાભાઇ ચાર ઘડીકા ચાર જુગ જ કિયા,
ખુદાવંદ સાહેરકું સુણાયાજી. ૧.

એ વીરાભાઇ ત્રણ જુગમાંહે આગે ધરમ જ હોતા,
ચોથો કલજુગ કઠણ ભાઇજી. ૨.

એ વીરાભાઇ બાપ બેટા ત્યાં દોય લડેગા,
એસા નજર તમાશા હોઇજી. ૩.

એ વીરાભાઇ સાસુકુ વહુ હિસાબ પૂછેગી,
તમે સુણો મારા મોમન ભાઇજી. ૪.

એ વીરાભાઇ જમીં આસમાન ત્યાં દોય હસેગા,
એ ખુદાવંદ અજબ ઇલાહીજી. ૫.

એ વીરાભાઇ રિખીસર મન માંહે ખોફ ધરેગે,
તમે સુણો મારા મોમન ભાઇજી. ૬.

એ વીરાભાઇ તીસકા કેસા હવાલ હોયગા,
જીને આપણા અમલ ચલાયાજી. ૭.

એ વીરાભાઇ કાચી કાયા ત્યાં કુછ ન ચલેગી,
જી માટી માંહે બનાઇજી. ૮.

એ વીરાભાઇ તિસકા ગિરભ કીયા કરોગે,
તમે સુણો મારા મોમન ભાઇજી. ૯.

એ વીરાભાઇ એક ઘડીમેં ઊઠ ચલેગે,
ભાઇ દુનિયા દેખત જાઇજી. ૧૦.

એ વીરાભાઇ આગે ખુદાવંદ પૂછેંગો,
તમે કેસી સુકરીત લઇ આયાજી. ૧૧.

એ વીરાભાઇ તબ મારા રિખીસરો કીયા કરોગે,
ભાઇ તબ કુછ કીયા ન જાઇજી. ૧૨.

એ વીરાભાઇ માલ ધન ત્યાં હુઆ બીરાના,
કુછ લીયા સાથ ન જાઇજી. ૧૩.

એ વીરાભાઇ પાપ પુન દોય સાથ ચલેગા,
ભાઇ નિશાન વજાઇજી. ૧૪.

એ વીરાભાઇ પીર શમસ કલંદર ઇયું જ કહીયા,
યા ખુદાવંદ તેરે અંતકો અંત ન પાઇજી. ૧૫.

★

## ગિનાન : ૫૫

# પીર શમ્સ (રહ.)

સુનો સુનો ભાઇવે મોમનો, એસા કલજુગ,
એસા કલજુગ આયા. ૧.

બયઠ રહ્યા હમ બહોત દિન, અબ છેલ્લા,
અબ છેલ્લા સો પાયા. ૨.

ચેતી સગો તમે ચેતજો, મારા મોમન,
મારા મોમન ભાઇ. ૩.

ધરમ નિયમસું નિત રહો, કરીયો ખૂબ,
કરીયો ખૂબ કમાઇ. ૪.

પહોરા આયા અલીશાહકા, દિન કેતે,
જિન કેતેક માંહી. ૫.

સામી રાજો લેખા માંગશે, જીવ રાખો,
જીવ રાખો ઠેરાઇ. ૬.

પીર બીના ભાઇ બહેસ્ત નહીં, એમ સાચું,
એમ સાચું કરી જાણો. ૭.

પીર આખે સુણો મોમનો, એબી મનમાં,
એબી મનમાંહે આણો. ૮.

જાપ જપો વીરા નિશદિન, ખાલક શબ્દ,
ખાલક શબ્દ પીછાણો. ૯.

સબ જુગ બેઠા સુંદર ધરતીયે, મિલી કરજો,
મિલી કરજો વિચાર. ૧૦.

નાવ ભલી અલીશાહકી, જાં મે ઠોર,
જાં મે ઠોર અપાર. ૧૧.

જે કોઇ ચડે ઇસ નાવમેં, સોબી હયરે,
સોબી હયરે હમારા. ૧૨.

દરશન પાયા અલીશાહકા, મન રલીયા,
મન રલીયા કરી જાણો. ૧૩.

સતપંથી મોમન તે કહીયે, જાણે ધરમ,
જાણે ધરમ આચાર. ૧૪.

જીસકે હઇડે માંહે ધરમ નહીં, સોબી હયરે,
સોબી હયરે ધૂતારા. ૧૫.

સાચી ખબર પીર શમસ કહે, એમ સાચું,
એમ સાચું કરી જાણો. ૧૬.

★

## ગિનાન : ૫૬

# પીર શમ્સ (રહ.)

એજી દુનિયા પ્રીત ન કીજીયે,
અને રાખો દીનસું નેહ,
દુનિયા દિન ચાર છે,
અને દીન ન દેવે છેહ. ૧.

એજી સંસાર માંહે એક મન કીજીયે,
તેમાં ન કીજે ભ્રાંત,
જપતપ સતનું કીજીયે,
તો સાહેબસું હોય એકાંત. ૨.

એજી મન માંહે મિંદર ચણાવીયે,
અને મન માંહે સરવે કુછ જાણ,
મનની માળ ફેરીયે,
અને મનસું પૂજ પરમાણ. ૩.

એજી મનમાં દેવળ જાણીયે,
અને મન માંહે ઘટ પરમાણ,
મનમાં કુંભની થાપના કીજીયે,
તો સતગુર ભેટયા જાણ. ૪.

એજી જાહેર મંઢી બાંધીએ,
અને મન માંહે વસીયે વાસ,
સતિ શીલવંત આવી મલે,
પૂરે મનની આસ. ૫.

એજી સતિ શીલવંત તે કહીયે,
જેનો સાહેબસું ધિયાન,
તે સતિ સરવ કહીયે,
જેને હઇયે હીરખ ને માન. ૬.

એજી આશા તેની પૂરી પડે,
અને પૂરી ગુરની વાચ,
મન ઇચ્છા તેના થયા,
અને જુગ માંહે ચાલી સાંખ. ૭.

એજી પુરખ નારી એક છે,
અને ઝુઝવા છે ઘાટ,
હાલો ચાલો સરવે એક છે,
સહુ ધરમની વાટ. ૮.

એજી સહુ સતને મારગે ચાલજો,
પીર શમસ કહે સાચી સાંખ,
દશોંદ દાન ગુર મુખે આલશો,
તો ત્યાં મલે એકના સવા લાખ. ૯.

✶

## ગિનાન : ૫૭

## પીર શમ્સ (રહ.)

એજી નિતો નિત ઘટ થાપના કીજીયે,
અને રાખીએ વીરત સાર,
ગુર નામે જે પાવલ પીયે,
તે સહી પહોંચે પાર. ૧.

એજી બીજ વૃત કરવો,
અને વળી હોય શુકરવાર,
તારે સુકરીત લાવીએ,
અને કરીએ ધરમ વહેવાર. ૨.

એજી થાપના ઘટની તે કરે,
અને જેની નજર નિરમલ હોય,
પાપ સરવેના ઉતરે,
અને સહી અમર ઘર જોય. ૩.

એજી અમર ઘર તે પામશે,
અને વળી જે ધરમસું ધિયાય,
પોતાને ઘેર અરધા અંગની,
બીજી જાણો બેન ને માઇ. ૪.

એજી સતને મારગે ચાલશે,
અને વળી પરનિંદા ન આણે પાસ,
સરવસું નમી ચાલશે,
તે છે અમારો દાસ. ૫.

એજી સતની વાત માંહે રહે,
અને કેની ન કરે વાત,
પોતાને મારગે ચાલશે,
તે આવશે અમારે સંગાત. ૬.

એજી અમારો નૂર જ્યાં વાપીયો,
અને ખરે વિસવાસે જાણ,
ગત સૌ એકાંત કરો,
કહો સતગુરની વાણ. ૭.

એજી વેદ અમારા જે સાંભળે,
અને તે સમજે સરવે વાત,
પોતે પોતાને વારશે,
તે છે અમારો સંગાત. ૮.

એજી કોડી દમડી દીજીયે,
અને દીજે ગતને હાથ,
આપણે હાથ જોડી ઊભા રહીયે,
તે હજૂર ગત જમાત. ૯.

એજી ગત સરવે આંશીશ ભણે,
અને ઊભા રહીયે ગતને પાસ,
સુતક ઉતારવા કારણે,
થઇ રહીયે આધિન દાસ. ૧૦.

એજી ફરમાન અમારા જો માનશો,
તો પામશો અમરાપૂરી વાસ,
અનંત સુખ ત્યાં પામશો,
તો પામશો નરજીને હાથ. ૧૧.

એજી પીર શમસ એમ બોલીયા,
તે સહી સત કરી જાણ,
અમર પદ તમે પામશો,
તે નિશ્ચે જાણો નિરવાણ. ૧૨.

✱

# ગિનાન : ૫૮

## પીર શમ્સ (રહ.)

એક તિરથ વેંદડા પીર શમસ ગાઝી સદડા,
તુસા નાવો નાવો નાવણા, વીરા નાવણા. ૧.

નાતે ધોતે સે જીયા જીને ગુરદા ફરમાયા કિયા,
ઓર નહીં નાવણા, નહીં નાવણા. ૨.

રાહો રાહ ચલો તુસા પીર પૂછી રાહ ચલો,
ઉજડ પગ નહીં પાવણા, ન પાવણા. ૩.

પીર શમસ અરવાહ પરબોધણા,
મન હઠી રૂહાને સમજાવણા, એ સમજાવણા. ૪.

એસા દર મેડે સાહેબ રાજેદા સેંદડા,
સુઇદે દફે વીચ હસતી માવણા, વીરા માવણા. ૫.

પીર શમસ ગાઝી બોલિયા,
ફલ સચે યારે મોમને પાવણા, વીરા પાવણા. ૬

★

## ગિનાન : ૫૯

## પીર શમ્સ (રહ.)

એજી સચા મેરા ખાક સિરજણહાર,
આપે ઉપાયા શાહ ધંધુકાર. ૧.

એજી નબી મુહમ્મદ ખુદાકા પ્યારા,
નબી મુહમ્મદકુ આયા પુકારા. ૨.

એજી એન પુકારેકું ઇયું ફરમાયા,
ચીન માટીદા ભૂત સધાયા. ૩.

ભૂત સધાઇ તિસ રૂહ સધાયા,
વણ વણ રૂહ ઇસ અંધાર કોઠી. ૪.

એજી વહેરે બાના એ તાક તમારા,
સચા મેરા ખાલક માન હમારા. ૫.

એજી સચા મેરા ખાલક બહેસ્તકી જોલી,
ગિનાન મહારસ પીર શમસકી બોલી. ૬.

★

## ગિનાન : ૬૦

# પીર શમ્સ (રહ.)

### (ગરબી)

કે તમે અમીરસ પીજો દિન ને રાત, કે નૂર નૂરાનિયારે લોલ. ૧.

તો પાપ પ્રાછ્છત સરવે જાય, કે ચિતના ચોખલારે લોલ. ૨.

એ તો આગમવાણી સુણજો જોઇ, કે મન માંહે માનજોરે લોલ. ૩.

તમે ગિનાન વિચારી ચાલો વીર, કે નહીંકા નોખલારે લોલ. ૪.

જેણે ગિનાન નહીં સુણીયા કાન, કે તે ભૂલા પડયારે લોલ. ૫.

તમે માનખો જનમ કાં ખોવો હાથ, કે ફરી નહીં આવશેરે લોલ. ૬.

તમે ધિયાવો ધરમ આચાર, કે અધર્મી ભૂલીયારે લોલ. ૭.

એ તો કરતવ આછા કીજે સાર, કે તો વઇકુંઠ પામશોરે લોલ. ૮.

તમે સતની જાણો સુધી વાટ, કે અસતિ ઓતળિયારે લોલ. ૯.

જેણે જાણીયા સરવે મરમ, તે ફલ પામીયારે લોલ.૧૦.

તમે કાને સુણજો આવા ગિનાન, કે લાલ અમૂલિયારે લોલ. ૧૧.

કે તમે રખે ભૂલો વારો વાર, કે ચેતીને ચાલજોરે લોલ.૧૨.

તમે રમજો સતને સંગાત, કે ચિત ચોખા કરીને લોલ.૧૩.

તમે કૂડ કપટને કરજો દૂર, કે તો ફલ પામશોરે લોલ.૧૪.

તમે આછી કિરીઆ કરજો સાર, કે રદીઆ માંહે ભાવ ધરીરે લોલ.૧૫.

સત સંગત કરજો સાચી રીત, કે ધરમ સત રાખજોરે લોલ.૧૬.

સહી સિરેવો તમે સતગુર નૂર, કે નર કાસમશાહને કરીરે લોલ.૧૭.

એમ બોલીયા છે ગુર શમસ પીર, કે તો ફલ પામશોરે લોલ.૧૮.

✱

# ગિનાન : ૬૧

## પીર શમ્સ (રહ.)

### (ગરબી)

માંહે વરસે અમરત નૂર, કે કુદરતી ખેલજોરે લોલ. ૧.

બે પડ રાતા બલદ બે ચાર, કે રાસે રાખજોરે લોલ. ૨.

હર કિરીઆ છે ગુરજીને હાથ, કે સમરણી હાથ કરોરે લોલ. ૩.

તમે ખેત્ર ખેડો કિરીઆ સાર, કે વીરત વાવજોરે લોલ. ૪.

તમે પાપના પડદા મેલો દૂર, કે ચિત માંહે ચેતજોરે લોલ. ૫.

કરમના કાઢો કૂડા મુલ, કે મન ચોખા કરોરે લોલ. ૬.

તમે નિત નિંદામણ કરોને દૂર, કે વિરેહની વાડ કરોરે લોલ. ૭.

તે સતનું સાવજ કાઢો બાહાર, તો પંખી શું કરેરે લોલ. ૮.

પૂન પ્રીત કરો સંગાત, કે અલીસું હેત ધરોરે લોલ. ૯.

અમર ખેતર લેજો જોઇ, કે ઢગે ઢાળજોરે લોલ. ૧૦.

તમે લુણી લેજો લુણવા કાજ, કે અહોનિસ જાગજોરે લોલ. ૧૧.

ખળો કરજો ખબરદાર, કે બે પાર પૂરા કરોરે લોલ. ૧૨.

ધરમના ધોરી થઇ કરજો કામ, કે તો અમર ઉપનારે લોલ. ૧૩.

ગાડા ભરજો ગુર ગિનાન, કે મીંદર માંહે મેલજોરે લોલ. ૧૪.

ચિત માંહે ચોરી મ કરજો જોઇ, કે દસોંદ આલજોરે લોલ. ૧૫.

એમ રમજો દિન ને રાત, કે તો રાજ રૂડા કરોરે લોલ. ૧૬.

તમે ભાવે ભગતી કરજો કામ, કે તો ફલ પામશોરે લોલ. ૧૭.

એમ બોલીયા ગુર શમસ પીર, કે મનસું મિલજોરે લોલ. ૧૮.

✶

## ગિનાન : ૬૨

# પીર શમ્સ (રહ.)

### (ગરબી)

પીર નાચીને કથે ગિનાનરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૧.

તમે સમજો તે સતની સાનરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૨.

તમે જૂઠા શું કીધા આચારરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૩.

ગુર કહે છે વારોઇ વારરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૪.

તમે ભૂલો છો કાંય સહુ સાથરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૫.

પીરે આવીને જાલ્યો છે હાથરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૬.

તમે ખોજો તે વેદનો સારરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૭.

ભૂલી જાઓ તે કાંય ગેમારરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૮.

પીર ખેલ કરે છે આજરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૯.

તમે ગાફલ થયા તે સીએ કાજરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૧૦.

તમે શ્રેવો તે સતપંથ જનોરે મા,
એમં સમજાવીને ગુર કહે છે રે મા. ૧૧.

દ્રઢ રાખી તે આપણું મનરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૧૨.

તમે મૂકો તે ઠાકર દેવ રે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૧૩.

એવી સમજ રાખો તતખેવરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૧૪.

તમે પાવલે પવિત્ર થાશોરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૧૫.

તો વહેલા તે વઇકુંઠ માંહે જાશોરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૧૬.

એમ બોલ્યા છે ગુર શમ્સ પીરરે **મા,**
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૧૭.

તમે રાખો રિદિયા માંહે ધીરરે મા,
એમ સમજાવીને ગુર કહે છે રે મા. ૧૮.

✱

## ગિનાન : ૬૩

# પીર શમ્સ (રહ.)

## (ગરબી)

એવી ગરબી સંપૂર્ણ સાર, ગુર શમસ બોલ્યા વિચાર. ૧.

જે કોઇ સાંભળે એકહી મન, તેના સહસ્ત્ર ઘણેરા પૂન. ૨.

જે કોઇ ગાએ તે નર ને નાર, તે તો પામશે પએલે પાર. ૩.

જે કોઇ સતપંથકી ગરબી ગાય, તેના પ્રાછત સરવે જાય. ૪.

એવી ખેલ રમત થઇ છે ભારી, સતે સાંભળજો નર ને નારી. ૫.

વાસો વઇકુંઠ તો તમે પામો, સતે ગરબીને જો તમે ગાઓ. ૬.

ગાઇ ગરબી આરાધો ધરમ, તો પાપ છૂટે જુગા જુગના કરમ. ૭.

જે કોઇ સતપંથકી ગરબી સુણીઆ, તેના તરે એકોતેર પૂરીઆ. ૮.

જેણે રાખીઓ છે દ્રઢ વિશ્વાસ, તે તો હોયશે અલીના દાસ. ૯.

જે કોઇ ગાએ અલીના દાસ, તે તો પામશે વઇકુંઠ વાસ. ૧૦.

જે કોઇ ભણશે થાવર રાત, તે તો થાયશે તે અમર જાત. ૧૧.

સાચો સીધક રાખો મોરા ભાઇ, તો હોવે સાચી તમારી કમાઇ. ૧૨.

રાખો રિખીસર રૂદીયા માંહે ધીર, એમ બોલ્યા છે ગુર શમ્સ પીર. ૧૩.

પીરે કોલ દીધાં તેથી આવ્યા, કેવે મારગે કરી સમજાવ્યા. ૧૪.

એવો સમજીને ખોવો છો હોશ, પછે પીરને મ દેજો દોષ. ૧૫.

પીરે હરફે હરફે કરી સમજાવ્યા, જેણે સતપંથકું ચિત માંહે લાવ્યા. ૧૬.

તે તો ઓધર્યા નરને નાર, પીર શમસ બોલ્યા વિચાર. ૧૭.

એવી ગરબી સંપૂર્ણ સાચ, સાચા ગુરજીની સાચી વાચ. ૧૮.

★

## ગિનાન : ૬૪

# પીર હસન કબીરદીન (રહ.)

એજી સતગુરસું પ્રીત બંધાયરે,
કીજીયે કીરત જ સારજી. ૧.

એજી સતગુર સિરેવીયા જેણે એક મન,
તેના સીધા કાજજી. ૨.

એજી મિલો મોમન મેરે ભાઇ,
ને મિલી કરીયો વિચારજી. ૩.

એજી પૂરવ પૂને સતપંથ પામિયા,
તે પંથ છે ખંડાની ધારજી. ૪.

એજી કર જોડી બંદો કરગરેરે,
સાહેબ સાંભળો અરદાસજી. ૫.

એજી એસો ગિનાન પીર ભણે હસનશાહ,
સાહેબ ગતિયે વર ત્રુઠાજી. ૬

✶

## ગિનાન : ૬૫

# પીર હસન કબીરદીન (રહ.)

એજી મોમન મન એમ જાણજોજી,
તમે કાયાનું મ કરશો અભિમાનરે. ૧.

ભીતર બહોત અંધારડા છે,
તમે છોડી દેજો અભિમાનરે. ૨.

ઢોંગા તો એણે એણે હારે વસે,
તે તો લૂંટે સાહેબજીનું ધ્યાનરે. ૩.

ગુરના વોળાવા તમે દિલમાં ધરો,
તો બચશો ચારેઇ ખાણરે. ૪.

ઇલમ જોઇ જોઇ ચાલજોજી,
તમે રાખો ધણી સાથે ધ્યાનરે. ૫.

સામી રાજો પરતક નૂર છે જી,
જેમ પાછમે ઊગ્યો ભાણરે. ૬.

સાચા સાહેબજીને સિરેવજોજી,
તો પામશો અમરાપૂરી ઠામરે. ૭

અમરાપૂરીનો મારગ વેગળો છે,
તમે ચેતી ચાલો ગુરનું ગિનાનરે. ૮.

દશોંદ સાહેબજીને આલજોજી,
પછી જમજો તે ચોખો ધાનરે. ૯.

સામી રાજો લેખા માંગશેજી,
તમે નિશટે જાણો નિરધારરે. ૧૦.

પીર હસનશાહ એમ બોલિયાજી,
મોમન ભૂલશો તો થાશે હાણરે. ૧૧.

✶

# ગિનાન : ૬૬

## પીર હસન કબીરદીન (રહ.)

એજી દૂર દેશથી આયો વણજારો,
શાહ મિલ સોદા કીજીયેજી. ૧.

એજી સૂતે બેઠે ભાઇ રાહ ચલંતેજી,
નામ સાહેબજીકો લીજિયેજી. ૨.

એજી જો ઘર હોવે ભાઇ વસ્ત પિયારી,
સો નામ સાહેબજીકો દીજિયેજી. ૩.

એજી એક કણ નામ સાહેબજીકે દીજેજી,
તો પલત્ર સવા લાખ લીજિયેજી. ૪.

એજી અંધલેકું ચંદર યારા નજર ન આવેજી,
કહેણાં સોહી ન પતીજિયેજી. ૫.

એજી દીઠડા દોષ ભાઇ કીસકું ન દીજે,
તો અણ દીઠા કિયું કર દીજિયેજી. ૬.

એજી પર નિંદા ભાઇ જગત ખુવારીજી,
સીર પાઉ નરગે પડીજિયેજી. ૭.

એજી માણક લઇને વણજારો આયોજી,
માણક તિસ ચૂણી લીજિયેજી. ૮.

એજી માણક છોડી જે કંચ વણજન,
તાસે લાઓ ન લીજિયેજી. ૯.

એજી જીસ હટી મેં ભાઇ વખર થોડા,
તિન સાણ વણજ ન કીજિયેજી. ૧૦.

એજી આછી આછી કરણી કમાવો મેરે ભાઇ,
તો અગન ન બાળે, પવન ન ડોલે,
પાણી ન બોળે,
રાજા બી દંડ ન દીજિયેજી. ૧૧.

એજી ખોલી ભંડાર મારો સામી રાજો બેઠા,
ઊંચ નીચકા શબદ સુણીજિયેજી. ૧૨.

એજી લઇ તરાજુ મારો સાહેબ રાજો બેઠા,
લાવો તો મૂલ કરીજિયેજી. ૧૩.

એજી એ ગિનાન મહારસ પીર ગોફતે હસનશાહ,
સામી રાજો સીદક પતીજિયેજી. ૧૪

✱

## ગિનાન : ૬૭

# પીર હસન કબીરદીન (રહ.)

એજી આશ પુની હમ શાહ દર પાયા,
રયણ બીની મોરે શાહ જગાયા,
શાહ જગાયા શાહકા નામ જ લીઅણા,

ભી સાઇંયા હેત પાયે રંગ લાગો,
ભી સાઇંયા પીર પાયે રંગ લાગો,
ભી સાહેબ તોસેથી મન બાંધો, મોરો દિલ બાંધોજી. ૧.

એજી લગડીરે પ્રીત હમ નેહ ન છોડું,
ધર સીર કરવત અંગ ન મોડું,
જો જીવ જાવે શાહકા નામ ન છોડું ભી સાઇંયા...૨.

એજી મરણાં ભી મરણાં યારા સબ કોઇ જાણે,
ચિંત ન ચેતે ને આપ વખાણે,
વણરે ચેતે જનત હુરાં કીયાં થકી પાવે ભી સાઇંયા...૩.

એજી શાહજી હમારો અલી વર દાતા,
આન મિલો શાહ તું આપ વસીલો,
શાહજી દેખે શાહકું કોઇ કોઇ દેખે ભી સાઇંયા...૪.

એજી સાહેબ હમારો કીસીયે નવ જેહી,
વર દીનું શાહ દેહપદેહી,
આશ પુની હમને લાધા છે તેહી ભી સાઇંયા...૫.

એજી પીર સદરદીન યારા પડેરે કુરાના,
બાહર જાવે તાકું અંદર લાના,
શાહને સુજાણો આપણા પીરને પીછાણો ભી સાઇંયા...૬.

એજી આલ પીર શમસ ફરજંદ સદરદીન,
એ ફાલ બોલ્યા ગુર પીર હસન કબીરદીન
ભી સાઇંયા...૭.

✶

## ગિનાન : ૬૮

# પીર હસન કબીરદીન (રહ.)

એજી થીર કાયમ હો ભાઇ રહેશે, હોશે જગ ભી ચાલનહાર,
કાંહે રચાવો ભાઇ માડીઓ, હાટપાટન શહેર બાજાર. ૧.

ચવકે મોતી હો ભાઇ જડિયા, થાવો માનક સાર,
ધરતી ત્રાંબાકી વોહોસે, રમકે જમકે ટમકાર. ૨.

ધરતી સુરંગી જમિયા હોસે, અનંત મિલેંગે સચા યાર,
દુલદુલ ઘોડે શાહ ચડશે, સ્વામીજી હોસે અસવાર. ૩.

હાતો લેખા સ્વામીજી લેશે, અને દઇતોને છેદણહાર,
વિશવ કુંવરી બાલી સુનિયે, શાહ પરણનહાર. ૪.

મંગલ ગાવસે સચા યાર, ભાઇ વાચા વાચનહારા,
એહી મહારસ બોલિયા ગુર હસનશાહ,
આયા કાયમ કેરા વારા. ૫.

✶

## ગિનાન : ૬૯

# પીર તાજદીન (રહ.)

જીરેભાઇ દેઇ ગુરકે વાચા હેજે થીર ન રહેણાં,
તિન સાણ કહેણા ન કીજે હો જીરેભાઇ. ૧.

ગિનાને ન રીજન ગુરજે વાયકે ન પૂરા,
કિયા કરણા ઉસકા જીયા હો જીરેભાઇ. ૨.

વરણ છત્રીસ સુર બયેતાલી ભાખિયા,
બેરડા કાને ન સુણન હો જીરેભાઇ. ૩.

અંધેલેકી નજર યારા ચંદર ન આવે,
કહેણા તોએ ન પતીજે હો જીરેભાઇ. ૪.

નીશ અંધારી ગુર ચાંદ્રુણે હુઅડા,
જોત આહે ગુર દીવો હો જીરેભાઇ. ૫.

હીણી વખરીસું વણજ ન કીજે,
કિયા લીજે ને કિયા દીજે હો જીરેભાઇ. ૬.

માણક છોડી વીની કંચ વણજણ,
તિન સાણ વણજ ન કીજે હો જીરેભાઇ. ૭.

માણક પરખી હેજે માણક વણજણ,
માણક તીસ છોડી લીજે હો જીરેભાઇ. ૮.

ઘરસર વધાયું સામી તખતેજ બયઠા,
વારે કેરો પુરખ શ્રેવો હો જીરેભાઇ. ૯.

પુરખ પાછમે સામી તખતે બયઠા,
વારે કેરો મરદ શ્રેવો હો જીરેભાઇ. ૧૦.

બોલિયા પીર તાજદીન શાહખે ઉમાયો,
ફલ સાચા યારા મોમન લેશે હો જીરેભાઇ. ૧૧.

*

## ગિનાન : ૭૦

# સૈયદ હાશમશાહ (રહ.)

દીનકી બાત કહી ન જાવે, લાખ કરો તો હાથ ન આવે. ૧.

નેહ અગનસું દેહા બીરાની, પ્રેમ કથા કીને ન જાની. ૨.

ખોલ કહું તો કોઇ ન પાવે, તારે ગીનતા રહેન બિહાવે. ૩.

ભૂલડે મનસું હાંસી જો આવે, નેનો મુંદ નિસદિન સોવે. ૪.

નેહે કનકસું કેસા કીજે, ધન મદ માતા જોબન સીજે. ૫.

નેનો નીર મુખ ભરે ઓસાસા, રોગ બડાવે સીજે જો માસા. ૬.

એક ચિત એક મન કરો અંદેશા, ઢુંઢો મારગ સતગુર દેશા. ૭.

આયા મારગ સતગુર કેરા, જનમ ગમાવે કયું ખાવે ફેરા. ૮.

બાલપનેમેં કછુ ના બૂજે, જોબન માંહે રાહ ન સૂજે. ૯.

બીચ બૂઢાપા ભયા નિરાશા, હારી બાજી ઉલટા પાસા. ૧૦.

અરથ અરથકા કરો બિચારા, જે કોઇ ઢુંઢો સાથ હમારા. ૧૧.

સૈયદ હાશમશાહ બોલિયા ગિનાન, ભાઇ મુનિવરા ધર લેવ કાન. ૧૨.

✶

ગિનાન : ૭૧

# સૈયદ હાશમશાહ (રહ.)

ચિત મ ડોલો રિખીસરા, મન સાચ ધરોજી. ૧.

વીરા વિચારીને ચાલો, આચરન બહોત હુવાજી. ૨.

સ્વામી કેરા ફરમાન, દીધા કોલ પોતાજી. ૩.

ચઉદા ભવન કેરા સામી, મછ પંખ બાંધિયાજી. ૪.

ધરતી હલહલકાર, પવન બહોત ચાલિયાજી. ૫.

ઉડાવશે સકલ સવસારો, દુનિયા બહોત ચૂક્યાજી. ૬.

સ્વામી તુમારા હો રંગ, તેરા તુંહી જાણેજી. ૭.

પાછમ દિશ પૂરાના, આયા ધરમી રાજાજી. ૮.

પહેલે તો દિલ મિલાના, જંપુદિપ ભલિયાજી. ૯.

અસુરા દાનવ તે સંહારવા, ખડંગ ખડંગ વલિયાજી. ૧૦.

મુનિવર મહાદિન આયા, અલીશાહ જપોજી. ૧૧.

સક ખે સ્વામી તેરા છંદુ, ધરમી રાજ હુવાજી. ૧૨.

મુનિવર કરોરે આનંદ, મલી મલી અમીરસ પીયોજી. ૧૩.

એમ બોલિયા સૈયદ હાશમશાહ, વીરા મનમાં બૂજોજી. ૧૪.

*

## ગિનાન : ૭૨

# સૈયદ અલી અકબર બેગ (રહ.)

એજી આવીને બેસોને ગોઠડી કરીયે,
પાટ થાપીને ધિયાન જ ધરીયે. ૧.

એજી ગત માંહે આવીને અમીરસ પીજે,
નિતો નિત નામ સાહેબજીનો લીજે. ૨.

એજી ગુરૂ જીએ તમને બતાવીયા ગિનાન,
સતપંથ મારગની આવી છે સાન. ૩.

એજી પીસતાલીસ તે કોય નવ તરિયા,
એકોતેર મેલીને દોઝકે પડિયા. ૪.

એજી દશોંદ દેવો ને ગત માંહે આવો,
મોખ મુગત અમરાપૂરી પાવો. ૫.

એજી પાછમ દિશે શાહ પરતક જાણો,
અરબી રૂપે શાહ અલી પિછાણો. ૬.

એજી ચંદર થાવ્રર ગત માંહે જાગો,
પાંચ પદારથ અંતર માંગો. ૭.

એજી રીગભાવાસની ગુરની વાચા સંભારો,
જીતિયા જીતિયા ફલ તમે કાંય હારો. ૮.

એજી સતગુરે ભણી સુણાવિયા વેદ,
કાં તમે મુનિવર ન જાણો ભેદ. ૯.

એજી જપ તપ નેમ ધરમ જો કરશો,
તો એણી કરણીએ વીરા પાર ઉતરશો. ૧૦.

એજી ગિનાન વિચારી સાચા થઇ ચાલો,
તો અમર ભોમ અમરાપૂરી માલો. ૧૧.

એજી બંદગી કારણે સરજિયો સંસાર,
મુનિવર સમજો તે ગિનાન વિચાર. ૧૨.

એજી સતપંથ એક મને સમજોને વીરા,
કાંય ગમાવો તમે હાથના હીરા. ૧૩.

એજી જેણે મુનિવરે જોત જગાઇ,
અમર ભેદની નિયામત પાઇ. ૧૪.

એજી ગત માંહે જપ તપ ગત માંહે જુગતી,
ગત માંહે અમીરસ ગત માંહે મુગતી. ૧૫.

એજી જોતેરે જોતના મેલારે હોય,
તો નિતો નિત દરશન શાહનું જોય. ૧૬.

એજી ગુરના ગિનાન વિચારીને આખો,
તો કાલ કરોધને કાઢી નાખો. ૧૭.

એજી અનંત કરોડ પીર હસન શાહ તારે,
તો સાચા યારાને શાહ પાર ઉતારે. ૧૮.

એજી ઓળખીને સિરેવો તમે મુનિવર ભાઇ,
તો નિતો નિત ગત માંહે કરો કમાઇ. ૧૯.

એજી હેમ સરીખી જો કસણી કરીયે,
ભણે સૈયદ અલી અકબર બેગ પાર ઉતરીયે. ૨૦.

✱

## ગિનાન : ૭૩

# સૈયદ ઇમામશાહ (રહ.)

જીરેભાઇરે ધરમી તે જે ધરમ વિચારે,
અવર તેને કાંઇ નવ સૂજે. ૧.

જીરેભાઇરે ધરમી થઇને પર નિંદાસું રાચે,
તે ધરમી નહિ પણ ચોર. ૨.

જીરેભાઇરે સતનું મારગ તેને કાંઇ નવ સૂજે,
તે અમથી અલગા જાણો. ૩.

જીરેભાઇરે મોમન તે જે આપણા મનને સમજાવે,
અવર સમજાવે સો કેસા. ૪.

જીરેભાઇરે કહે સૈયદ ઇમામશાહ તમે હેતેસું આવો,
ભાઇ તો આગલ અમરાપૂરી પામો. ૫.

જીરેભાઇરે અમરાપૂરી માંહે ઊંચા છે આવાસ,
તેમાં મુમન મુનિવર ઝુલે. ૬.

જીરેભાઇરે તિયાં અમારા મોટા મોટા સહુ આવે,
એવા થાશે તે રંગ રે અપાર. ૭.

જીરેભાઇરે એવા રંગ રૂપ તિયાં મોમન માણે,
તે રહેશે શાહને હજુર. ૮.

જીરેભાઇરે ગુરનર સાથે ગોઠડી કીજે,
કિરીયા સુકરીત કરજો સાર. ૯.

જીરેભાઇરે પંજભુ વારી જેણે વશ જ કીધા,
તે શાહના દીદાર વેલા પામિયા. ૧૦.

જીરેભાઇરે અમરાપૂરીમાં તેના ઊંચા છે આવાસ,
તિયાં કરશે લીણાં લાડ અપાર. ૧૧.

જીરેભાઇરે ભણે સૈયદ ઇમામશાહ જો મનને સમજાવો,
તો વહેલા અમરાપૂરીમાં આવો. ૧૨.

✶

## ગિનાન : ૭૪

# સૈયદ ઇમામશાહ (રહ.)

જીરેભાઇરે સીરબંધ શાહને કાજે લાવિયા,
શાહ ઇસ્લામશાહની વારજી. ૧.

જીરેભાઇરે સીરબંધ હસનશાહને આલીયા,
તારે ધરમના મરમ હુઆજી. ૨.

જીરેભાઇરે ફડતાળ વેળામાં મોટપ આપી,
મુખો મુખે વચન કહાવેજી. ૩.

જીરેભાઇરે સૈયદ ઇમામશાહકુ પટા દિયા,
તે જંપુદીપ માંહે આવીને બેઠાજી. ૪.

જીરેભાઇરે તેણે ચક ફંધ વેળામાંહે રચના કીધી,
તારે નૂરશાહ ઘરે આવીયાજી. ૫.

જીરેભાઇરે હમ સીર શાહે મહેરજ કીધી,
નૂરશાહ નામ ભણાયાજી. ૬.

જીરેભાઇરે રચના રૂડી કહીએ તમારી,
અમરાપૂરી દેખાડિયાજી. ૭.

જીરેભાઇરે ભમર પલંગ ઉપર સેજ બીછાઇ,
ઉસ પર હમ જઇ બેઠાજી. ૮.

જીરેભાઇરે નર નૂરશાહ કહેક માંહે બેઠા,
નજરાનજર દેખાડિયાજી. ૯.

જીરેભાઇરે સૈયદ ઇમામશાહ કહીને સુણાવિયા,
હઇડે હરખ ન માયજી. ૧૦.

જીરેભાઇરે આનંદ તબ અતિ ઘણા હુઆ,
રિખીસરો સાંભળો ગિનાનજી. ૧૧.

★

## ગિનાન : ૭૫

## સૈયદ ઇમામશાહ (રહ.)

એજી આજ કલજુગ પુરણ થયો,
અને સતિ સત ન રાખે કોઇ,
તિયાં મીંદર મીંદર આપણે,
ઘર ઘર ડાયા હોય. ૧.

એજી તિયાં લોક નિંદા બહુ કરસે,
મુનિવર મુખથી ન બોલેરે કોઇ,
તમને કરશે વીરા ઉજળા,
તે પોતાની કમાઇ ખોઇ. ૨.

એજી એવી ખરી કસોટી કસાવશે,
તે તો પૂરા કસ કહેવાય,
તિયાં ખરા હશે તે ઘર જાલશે,
અને ખોટા તે ભાગી જાય. ૩.

એજી ખોટા ભાગશે તે સહુ દેખતા,
તે મુગતીના ફલ નહી પાય,
એ દુનિયા દુરિજન કારણે,
તે તો કડવા ઇંદ્રાણ ફલ ખાય. ૪.

એજી હવે ક્ષેત્ર નથીરે પાંચમું,
તમે રોલો કરશો કયાંય,
સરવે વસત ખોઇ કૂડે પાપીએ,
જેણે છોડી ઇમામની બાંય. ૫.

એજી સતપંથ વોરી ગાંઠે બાંધીઆ,
પણ મૂરખ ન જાણેરે મરમ,
એક તિલ સુખને કારણે,
તેણે ખોયા મુગતના ધરમ. ૬.

એજી તેણે આપે દોઝખ સમારિયા,
અને બહેસ્ત ન પાવે સોઇ,
બે પીર થયા તે દોઝખે પડયા,
ભાઇ હાથે અમર ફળ ખોઇ. ૭.

એજી એ મુરખ ગિનાન વિચારી નવ જુએ,
અને સતપંથ જેવો નથી પંથ સાર,
ભણે સૈયદ ઇમામશાહ સુણો મુનિવરો,
બાવા બેઇમાનીને પડે ઘણી દોહેલી માર. ૮.

✶

## ગિનાન : ૭૬

# સૈયદ ઇમામશાહ (રહ.)

એજી સાચો ધિઆવો ને ભાઇ ગિનાન વિચારો,
ભાઇ ગુર બીના ગિનાન ન હોય,
મૂરખ લોક મરમ ન જાણીયો,
ભાઇ તે માટે કરણી ખોય. ૧.

એજી બાવા હીરો પરખિયે ઘણ એરણસું,
અને રતન પરખિયે પૂનમ ચંદ્ર જોત,
તેમ મુનિવર પરખિયે ઇમાનસું,
એવી કરણીએ અમરાપૂરી હોત. ૨.

એજી મેં બોલાવું મેં ચલાવું,
અને મેં ખીલાવું સબ ખાણ,
મેં ખીલાવું ને મેં પીલાવું,
ભાઇ ઉમત સારી જહાન. ૩.

એજી મેં આચારી ને મેં વિચારી,
મેં અકલ દઉ આપ,
એ તો માટી કેરો પૂતલો,
તેને મેં જપાવું જાપ. ૪.

એજી મેં કરતા ને મેં હરતા,
અને અવરથી કુછુ ન હોય,
એક તિલ રહેમત મેં છોડું,
તો પત્થર બોલે સોય. ૫.

એજી કાચે હાંડે નીર ન રહેવે,
માંહે જલ ભરતાં ગળી ગળી જાય,
તેમ બેઇમાની બહેસ્ત ન પાવે,
વણ અગને સોહાગ ન થાય. ૬.

એજી તે ગાફલને સુધ નવ સુજી,
તેણે નિંદ્રાએ ખોયો આપ,
તેને કાળ હવાએ દાબીયો,
તેને ડસિયો તે કાળીઓ નાગ. ૭.

એજી જેને નાગ ડસિયો તેને ઝહેર ચડયું,
તે બે આંખે આંધળો થાય,
તિયાં બહુ ગારૂડી આવી મળે,
પણ સતગુર વીના ઝહેર ન જાય. ૮.

એજી આજ સાચો ગારૂડી સતગુર છે,
અને તે સાચો ગુરૂ કહેવાય,
જેણે ચૌદ બ્રહમાંડ સીરજેઆ,
તે ગુર સતપંથ વીના નહીં પાય. ૯.

એજી થોડા માંહે બહોત જ પાઇએ,
તમે કરો સબુરી મોમન ભાઇ,
તમે જીકરે જાગો જીવડા,
અને સતની કરો કમાઇ. ૧૦.

એજી ભણે સૈયદ ઇમામશાહ સુણો મુનિવરો,
તમે ગિનાન વિચારોરે આપ,
ઘટ માંહે ખઝાના બહોત હય,
તમે કૂંચી કરો અપને હાથ. ૧૧.

✶

## ગિનાન : ૭૭

# સૈયદ ઇમામશાહ (રહ.)

વલી વલી નર માંહી માંહી રમશે, કે હો જીરેભાઇ. ૧.

વલી નર વીના કોઇ હુનર ન કરશે, કે હો જીરેભાઇ. ૨.

નવ નાડીમાં વલી નર રમશે, કે હો જીરેભાઇ. ૩.

ધરમી થઇને કોની નિંદા કરશે, કે હો જીરેભાઇ. ૪.

નિંદાના ફળ કેવા લેશે, કે હો જીરેભાઇ. ૫.

પાપી થઇ ને દોઝખ પડશે, કે હો જીરેભાઇ. ૬.

ધરમી થઇને ગિનાન પડશે, કે હો જીરેભાઇ. ૭.

ગિનાનના ફળ કેવા મળશે, કે હો જીરેભાઇ. ૮.

નૂર દેહી નૂર કપડા લેહેશે, કે હો જીરેભાઇ. ૯.

હસનશાહ ગિનાનીને લઇને અમરાપૂરી જાશે, કે હો જીરેભાઇ. ૧૦.

સૈયદ ઇમામશાહ ગિનાન કહીને સંભળાવિયા, કે હો જીરેભાઇ. ૧૧.

★

## ગિનાન : ૭૮

# સૈયદ ઇમામશાહ (રહ.)

એ વીરાભાઇ પ્રથમ પેલો મન વારો આપણો,
પછે બીજાને બોધોજી. ૧.

એ વીરાભાઇ આપ ન વારે ને ઓરકું સંભળાવે,
ભાઇ સો મોમન કેમ કહીએજી. ૨.

એ વીરાભાઇ મોમન તે જે મનને સમજાવે,
ભાઇ સાહેબ નામ ધિઆવેજી. ૩.

એ વીરાભાઇ નિંદા ગિબત જે પારકી કરે,
ભાઇ દોઝખ માંહે તે જીવ પડેજી. ૪.

એ વીરાભાઇ નિંદા કરશે તે નરગે જાશે,
તમે જુઓ જુઓ ઇલમ માંહેજી. ૫.

એ વીરાભાઇ ઇલમકા કહિયા કોઇ ન કરે,
ભાઇ મન ભાવે સોહી કરેજી. ૬.

એ વીરાભાઇ વારે વારે મોમન તમને વારૂં,
તમે ચેતી ચાલો મોમન ભાઇજી. ૭.

એ વીરાભાઇ ભણત ઇમામદીન કહે પીર કબીરદીન,
ભાઇ કરો કરો આપ કમાઇજી. ૮.

✶

## ગિનાન : ૭૯

## સૈયદ ઇમામશાહ (રહ.)

એ વીરાભાઇ સતપંથ શ્રેવો મેરે ભાઇ,
તમે નિત નિત કરો આછી કમાઇજી. ૧.

એ વીરાભાઇ ખટ ઘડી જ્યારે પાછલી રહેવે,
તારે તમે ઝિકર કરો ઇલાહીજી. ૨.

એ વીરાભાઇ ઝિકર કરો નિંદા પરહરો,
ભાઇ તો સાહેબ હોવે મહેરબાનજી. ૩.

એ વીરાભાઇ કલમા કહો તમે મોમનભાઇ,
ભાઇ ચાલો ગુર ગિનાનજી. ૪.

એ વીરાભાઇ ગુર કહી કહી સમજાયા,
ભાઇ મૂરખે મરમ ન પાયાજી. ૫.

એ વીરાભાઇ મૂરખ મન માંહે વિચાર ન કરે,
ભાઇ નિંદા જૂઠ ઓચરેજી. ૬.

એ વીરાભાઇ ભણત ઇમામદીન કહે પીર કબીરદીન,
નિંદા મ કરો લગારજી. ૭:

✶

## ગિનાન : ૮૦

# સૈયદ ઇમામશાહ (રહ.)

એજી આપણું આપ પીછાણોરે મોમનો,
તમે સાહેબ નામ ધિઆવો. ૧.

એજી પંજ વારંતા મન વરજીને લીયો,
દિલ ઇલલાહસું લાવો. ૨.

એજી હક સુકરીતસું મિલીયા મોમન,
સો તા કરણી શુધ કમાયા. ૩.

એજી સાચી સુકરીતસું ગલીયા મોમન,
સો તા નૂરમાં નૂર સમાયા. ૪.

એજી સમાયારે સો તા અમર હુઆ,
સાઇંયા તેજકું આપમેં લાધા. ૫.

એજી અબ સુનિયોરે દુનિયા કેરી મહોબત,
કેસે કામે જીવ બાંધા. ૬.

એજી લોભ લાલચરે મન મોહસું લગત હય,
સો દીનકી રાહસે ટળિયા. ૭.

એજી મનકી માનેતીસું મિલીયા મોમન,
સો તા મોહોકે સેનમેં જલિયા. ૮.

એજી પંજતનીરે મોમન માલ ન દેવે,
સો ઉમરૂકા જૂઠા ધંધા. ૯.

એજી ચાલીસારે હક બૂજો મોમનો,
તમે છોડો દુનિયાકા ફંદા. ૧૦.

એજી મુરશિદ કામિલકું નહીં જાણો મોમનો,
તમે જુગમાં ફીરો જેસા અંધા. ૧૧.

એજી પીછાનોરે મોમન અપને અંતરસું,
તો દિલ નિરમલ જેસા ચંદા. ૧૨.

એજી મુરશિદ માનોરે અપને મન ચિંતસું,
સાઇંયા દિલ માંહે હરદમ હજુર. ૧૩.

એજી સૈયદ કહેત ઇમામદીન વચન સુણો મુનિવર,
ભમર ગુફા ઉપર નૂર. ૧૪.

✶

# સૈયદ ઇમામશાહ (રહ.)

જીરેભાઇ વીરચા શહેરમેં શાહ મોરે તખત એ રચાયાજી,
દિલભર દાતા પાસ જાઇ પોતાજી. ૧.

જીરેભાઇ સૈયદ ઇમામશાહ પીર દરગે જાઇ પોતાજી,
રંગે ને ચંગે સાહેબ ભેટિયાજી. ૨.

જીરેભાઇ એણે આલી છે દસોદ એણે માંગી છે દુઆ,
એણે કીધી છે ગીરિયાજી જુમલાની ચિંતા સાહેબ કરજોજી. ૩.

જીરેભાઇ જુમલોજી પૂછે સૈયદ ઇમામશાહ,
સાહેબે તે શું શું ફરમાવીઆજી. ૪.

જીરેભાઇ સાહેબે ફરમાયા તે તમે અમને સંભળાવોજી,
કેવી તે કરણીએ જીવડો છૂટેજી. ૫.

જીરેભાઇ હાલ વાયકે આપણા નરજીને આલો,
આપણા ગુર કહે તેમ ચાલોજી ખરી દસોંદે જીવડો છૂટેજી. ૬.

જીરેભાઇ જાં લગી મારા મુનિવરો તમે દરગે જઇ પોંચોજી,
તાં લગી દુનિયાસું દાવો મ કરજોજી. ૭.

જીરેભાઇ જેની વાગી છે જંત્રી તેના ટળિયા છે ફેરાજી,
નૂરાની બૂરાકે મોમનભાઇ ચડશેજી. ૮.

જીરેભાઇ સૈયદ ઇમામશાહ તમે સાંભળો મારા મુનિવરો,
કરણી કમાવશો તો એવા ફલ લેશોજી. ૯.

★

## ગિનાન : ૮૨

# સૈયદ ઇમામશાહ (રહ.)

હોવે હોવેજી સાચે પાંએ ચાલો તો પાર પામોજી,
નહીંકા ઉજડ વન ખંડ વાસો જીવડા તોએલો. ૧.

હોવે હોવેજી આઠ હજાર આઠસો ને એંસીઆ,
જોડ ભંમણ એવો પુરીનું પાયો માંડયો. ૨.

હોવે હોવેજી સોવન કેરી ઇટડિયા ને કસ્તુરીના ગારાજી,
તેરસો ને તેવીસ ગઢ એવા ઊંચા ચડિયા. ૩.

હોવે હોવેજી એણી એણી પુરીના અનંત કોશીસાજી,
અનંત કોશીએ શાહ મોરે અપરમ જડિયા. ૪.

હોવે હોવેજી એણી એણી પુરીના ચાર છે દરવાજાજી,
ચારે દરવાજે શાહ મોરે રતન જડિયા. ૫.

હોવે હોવેજી રતન પદારથ જોડલા કમાડજી,
જાણે સો સો કરણીએ સૂરજ તોરણે ભાણ ઉગમાયા. ૬.

હોવે હોવેજી તેત્રીસ હજાર ને તેરસો ત્રેવીસા,
એણે ખોયડે શાહ મોરે ચંદર જડિયા. ૭.

હોવે હોવેજી ભણે.સૈયદ ઇન્દ્ર ઇમામદીન અમે એ ઘર દીઠાજી,
તમે જાં જીવો તાં ધિઆવો ધિઆવો તો એવા ઘર પામશો. ૮.

✶

## ગિનાન : ૮૩

# સૈયદ ઇમામશાહ (રહ.)

જીરેભાઇરે કરણી કમાવો મારા મુનિવરો,
તો આવો શાહને હજુરજી. ૧.

જીરેભાઇરે સૂતક જે ન પાળે ને ગતમાં નહી આવે,
આવિયા તે માનખા અવતારજી. ૨.

જીરેભાઇરે અંત કાળ તેને દોહેલો થાશે,
જમ તે કરશે તેને જોરજી. ૩.

જીરેભાઇરે મરણ વેળા તેને મહાદન રાચે,
લોક કુટુંબ સરવે દેખેજી. ૪.

જીરેભાઇરે મુકામે જઇ તેને મેલીને આવે,
તારે લેશે લેખો તે ગોરજી. ૫.

જીરેભાઇરે સામીને શરણે જે જીવ આવે,
તેને કિરીયા કરવી સારજી. ૬.

જીરેભાઇરે સૂતક ભાર ન રાખીએ રતી,
ગુરજી કહે છે પુકારજી. ૭.

જીરેભાઇરે સાંભળો મોમનો અમે કહી સમજાવ્યા,
સતિ જીવ સાહેબને વાલાજી. ૮.

જીરેભાઇરે સૈયદ ઇમામશાહ રૂડા ગિનાન સંભળાવે,
મોમનો ચેતીને ચાલોજી. ૯.

✶

# ગિનાન : ૮૪

## સૈયદ ઇમામશાહ (રહ.)

જીરેભાઇરે ગત માંહે આવી કર જોડીને રહીએ,
મુખથી બોલો મીઠી વાણીજી. ૧.

જીરેભાઇરે ગત માંહે આવીને તોબા તોબા પુકારો,
ધ્યાન શાહજીસું ધરીએજી. ૨.

જીરેભાઇરે ગત માંહે આવીને સનમુખ રહીએ,
ગુરના વચન સીર પર સહીએજી. ૩.

જીરેભાઇરે ગત માંહે આવીને અમીરસ પીજે,
દસોંદ સાહેબની દીજેજી. ૪.

જીરેભાઇરે નિંદા થાય ત્યાંથી ઊઠીને જઇએ,
કોઇ સાથે બોલ ન કરિયેજી. ૫.

જીરેભાઇરે કિરીયાના હીણા તે વાદે વિરોધીયા,
તાસું વાદ ન કરિયેજી. ૬.

જીરેભાઇરે ગત માંહે જઇને ઊભા રહી,
પોતાના ગુનાહની બક્ષામણી કરિયેજી. ૭.

જીરેભાઇરે ગત માંહે જઇને નાના થઇ રહીએ,
ઓર કુછુ ન કરિયેજી. ૮.

જીરેભાઇરે પાક થઇને દાન જ દઇએ,
ગુરનરના નામ જ લીજેજી. ૯.

જીરેભાઇરે ભણે સૈયદ ઇમામશાહ ગત ગંગા કરી જાણો,
તેનું ગુપ્ત વહે છે પ્રવાહજી. ૧૦.

✶

# ગિનાન : ૮૫

## સૈયદ ઇમામશાહ (રહ.)

જીરેભાઇરે સંસાર સાગરમાં વણજે આયા,
વણજ કરીને દેશ સધાવિયાજી. ૧.

જીરેભાઇરે આવતા જુગ માંહે બાંધી છે આશા,
ઊડી ગયા હંસ પિંડ કુછ કામ ન આયાજી. ૨.

જીરેભાઇરે અરથ ગરથ ગઢ માળીયા,
માલ ધન હુઆ વેરાનાજી. ૩.

જીરેભાઇરે ભરિયા સરોવર બાને ચિતસું ન લાયા,
જીવડો તે દુખભર ચાલિયો. ૪.

જીરેભાઇરે કાયા નગરી માંહે એક ચોર જ પેઠો,
જાગતા કેણે ન દીઠાજી. ૫.

જીરેભાઇરે નગર સવાઇ કાયા ગઢ લૂટીયા,
રૂંધિયા તે નવે દરવાજાજી. ૬.

જીરેભાઇરે બઉતેર કોઠા ચોરસી ચઉટા,
તે માંહે ફરતા તે જીવડો ઝાલીયોજી. ૭.

જીરેભાઇરે  આવતા બી દેખિયા ને જાવંતા બી દેખિયા,
થર રહેણા કેણે નહી પાયાજી. ૮.

જીરેભાઇરે કીધા કીધા કોલ શાહજીના વિસારિયા,
આપ મતીલો જીવ ઘણું રોયશેજી. ૯.

જીરેભાઇરે  નાટક કરી જીવડો રમી જમી વળીયો,
સપનાતર આ સંસારજી. ૧૦.

જીરેભાઇરે  આગળ હાટ ન પાટ ન વણજ ન વેપાર,
સાચો સમર સાથે લીઅણાજી. ૧૧.

જીરેભાઇરે  ભણે સૈયદ ઇમામશાહ કથીને સુણાયા,
સાચો મારગ પીર દીખલાયાજી. ૧૨.

★

## ગિનાન : ૮૬

## સૈયદ ઇમામશાહ (રહ.)

જીરેભાઇરે ધરમ કરતા આળસ ન કરીયે,
પાક દાન ગુરનર મુખે દીજેજી. ૧.

જીરેભાઇરે ગુરનરને તમે એક કરી જાણો,
હલાલ કમાવીને દશોંદ જ આલોજી. ૨.

જીરેભાઇરે પારકું લઇ જે તમે અમને દેશો,
તેનો ભાર તમ સીર લેશોજી. ૩.

જીરેભાઇરે તમારી કિરીયા ધરમ તે માંહેથી આલો,
નહીં તો અમારો છેડો ત્યાં નહીં ઝાલોજી. ૪.

જીરેભાઇરે અમે તમને આગળથી કહેવે,
પોતાની કમાણી સહુ લેવેજી. ૫.

જીરેભાઇરે પોતાની કમાણી પચાસ હુરાં જ દેશે,
પારકી તે બમણી લેશેજી. ૬.

જીરેભાઇરે અમારે કેનો હક ભાંગવો નથી,
તે ગુર ગિનાન સુણાવિયા કથીજી. ૭.

જીરેભાઇરે આપણે શાહજીસું મલવું,
સહુ તિયાં દીદાર પાવેજી. ૮.

જીરેભાઇરે ગુરનર તિયાં તખતે બેઠા,
હક હિસાબ હશે તે સરવે થાશેજી. ૯.

જીરેભાઇરે વીસ નખનું વાલું છે અમને,
તે માંહેથી સુખ થાશે તમનેજી. ૧૦.

જીરેભાઇરે નવ પાતી તમે નીરખીને રાખો,
દસમી શાહજીને આલોજી. ૧૧.

જીરેભાઇરે એસો ગિનાન ભણાવે ઇમામશાહ,
એવી રીતે કરજો કમાઇજી. ૧૨.

✶

# ગિનાન : ૮૭

## સૈયદ ઇમામશાહ (રહ.)

એજી દરશન શાહકા તો પાઇએ,
જો અંતર લાગે નેહ,
ઘટમાં પરગટ દેખીયે,
જબ આપ ગમાઇયે દેહ. ૧.

એજી દેહી જાલો આપ ગાળો,
અને ધીરજ રાખો મન,
જિકરે ફિકરે આરાધીએ,
તો ચોખું થાય તન. ૨.

એજી એમ દિલ ચોખું કીજીએ,
તો કાસલ જાવે દૂર,
અષ્ટ પહોર તુંહી તુંહી કીજીયે,
ભાઇ તબ જા વરસે નૂર. ૩.

એજી નૂર વરસે ત્યાં પ્રેમ ઉપજે,
અને કૂડ કપટ હોયસે સરવે દૂર,
આ સત સંતોકે નિત રહે,
તીસ ઘટમાં શાહ ભરપૂર. ૪.

એજી જીસકે ઘટમેં શાહ વસે,
તે અસત ન બોલે લગાર,
જીભિયા ઇંદરી વશ કરીને,
પાંચે કાળને માર. ૫.

એજી કામ ક્રોધને વારજો,
અભિમાન ન ધરજો મન,
આ ખમતા મનમાં રાખીયે,
તો દિલડું થાય પાવન. ૬.

એજી દિલ પવિત્ર કીજીએ,
અને જીભિયાએ બોલીએ સાચ,
હક હકીકતે ચાલજો,
એવી ગિનાને સતગુર વાચ. ૭.

એજી અમર દેહી તો રહે,
જો રાખો પિયુસું રંગ,
ધરમ કસોટીની અગની સીર સહો,
રતી દુનિયાસું ન રાખો ઢંગ. ૮.

એજી ધિયાન ધરમસું રાખીયે,
મન નિરમલ કરી જપીએ જાપ,
દુઃખ સુખ મનમાં નવ આણીએ,
સુધ રાખીએ આપણું આપ. ૯.

એજી ભણે સૈયદ ઇમામશાહ સુણો રિખીસરો,
તમે સાચે ઇમાન ધિઆવો,
ઘટમાં ચાંદ્રુડા ગુર નામે કરો,
તો દરશન શાહકા પાવો. ૧૦.

✶

## ગિનાન : ૮૮

# સૈયદ ઇમામશાહ (રહ.)

એ ગત જાણો સામી રાજા આવિયા,
આયા હો તો ભલે આવજોજી. ૧.

તમે શ્રેવોરે મુનિવર ભાઇ,
સુણી હોય તો આવજોજી. ૨.

નિત નિત મલોરે પ્યારા ભાઇ,
સો દિન સો આવજોજી. ૩.

દસવંદ કબૂલ્યા હો ભાઇ,
સો દેતા તમે આવજોજી. ૪.

બાના કિયા લે આયા ભાઇ,
કિયા લઇ તમે જાશોજી. ૫.

બાના નાગા આયા ભાઇ,
નાગા તમે જાશોજી. ૬.

બાના બેહુ મલી આવિયા ભાઇ,
ચઉ મલીને જાશોજી. ૭.

એ તન માટી હલસે ભાઇ,
તારી કનકાવરની દેહાજી. ૮.

એવો તારો હંસ ચાલશે ભાઇ,
જીવ પસ્તાવો રહેશેજી. ૯.

એમ બોલ્યા સૈયદ ઇમામશાહ,
અંત મિટી કવનસું નેહાજી. ૧૦.

★

## ગિનાન : ૮૯

# સૈયદ ઇમામશાહ (રહ.)

હેત ધરી ધરી ફીણ જો કિયા,
ફીણથી ઇંડ નિપાયાજી,
ઇંડ મધેથી સરવે રચના કીધી,
તારે સરજીઆ પ્રાણ ને કાયા,
જુગેસર જોગી તે ધિયાનમાં તરિયાજી. ૧.

આદ નિરીંજને ઇચ્છા જો કીધી,
પ્રથમ જોગના મૂલ નિપાયાજી,
તે જોગ મધે જુગેસર રહીને,
તે પિંડ સાથે મેલી છે માયા
જુગેસર જોગી તે ધિયાનમાં તરિયાજી. ૨.

કાયા ને માયા બે જુગલ સીરજીઆ,
તેજ મધે જોગ સમાયાજી,
જોગ માંહેથી જુગત જ સીરજી,
તેમાં ત્રણ તત્વ રહ્યા લોપાય
જુગેસર જોગી તે ધિયાનમાં તરિયાજી. ૩.

ત્રણ તત્વ માંહેથી ત્રણ ગુણ જો સીરજીઆ,
તો જોગી એ તેજ માંહે મિલિયાજી,
સાદ મધેથી શબદ જો થયા,
શબદેથી તેજ સરવે ખેલિયા
જુગેસર જોગી તે ધિયાનમાં તરિયાજી. ૪.

ત્રણ ગુણથી એક નારી જો સીરજી,
તે નારીથી સરવે ગુણ હુઆજી,
ત્રણ ગુણથી તે અલગા રહયા,
તે ક્રિયા આદ નિરીંજન જુઆ
જુગેસર જોગી તે ધિયાનમાં તરિયાજી. ૫.

નાથ અનાથ જોને એણી પેર કહાવીયા,
તે બહુ તેજના મેલાજી,
ભણે સૈયદ ઇમામશાહે આસણ જોયા,
એ નાથ અનાથ ઘરના ચેલા,
જુગેસર જોગી તે ધિયાનમાં તરિયાજી. ૬.

✶

## ગિનાન : ૯૦

# સૈયદ મુહમ્મદશાહ (રહ.)

એજી ચીલા છોડી દીનકા, ઘાંચા મત ખાવો,
સુનોરે વટારૂ બાવરે, મત ભૂલી જાઓ.

એજી સાથી એસા કીજીએ, જે કોઇ રાહ બતાવે,
ઉનકે સંગે ચાલીએ, મન માંહે શક ન આવે,
સુનોરે...૧.

એજી સાથી તુજકું તો મિલે, જબ છોડે હું હું,
સબ બાતા સાઇકું સોંપીએ, હરદમ કહેવે તુંહી તું,
સુનોરે...૨.

એજી સાચા દીન રસૂલકા, તમે સહી કરી જાણો,
જે કોઇ ચહાવે દીનકું, તાકું દીનમેં આણો,
સુનોરે...૩.

એજી સૈયંદ મહમદશાહ આખવે, કલ માંહે સાથી કીજે,
પ્રેમ પ્યાલા નૂરકા, બાવા ભર ભર પીજે
સુનોરે...૪.

★

## ગિનાન : ૯૧

# સૈયદ મુહમ્મદશાહ (રહ.)

એજી ભલેરે ભાઇ તમે કર લીઓ કમાઇ,
ભાઇ અપના કિયા તમે પાવોગેરે. ૧.

એજી અપને સાહેબજીકું સબ કુછ માલૂમ,
આગળ છૂપી કિયે ઘર જાઓગેરે. ૨.

એજી જૂઠેરે પાખંડે તમે કાંઇ રાચો,
ભાઇ મારા ફીરી ફીરીને પસ્તાઓગેરે. ૩.

એજી મએસર વેળા માંહે ઠોર જ નાંહી,
તિયાં કિયું કરી મુખ દીખલાઓગેરે. ૪.

એજી કાચીરે કાયા ને કોટ મિટીદા,
માંહે વિમરસ કરી દેખોરે. ૫.

એજી અગન પાણી એબી દોનું સમાયા,
ભાઇ ઇયું કરી પિંડ નિપાયારે. ૬.

એજી એક કણ દેશો તેના પલત્ર સવા લાખ લેશો,
એ તો નિપણહારા ખાલકરે. ૭.

એજી અલીરે મહમદ સાચારે કલમા,
ભાઇ તિન બીના મોખ નાહીરે. ૮.

એજી સૈયદ મહમદશાહ સાચુંરે આખે,
આપણી કીરત કમાઇ સાથ લે જાઓગેરે. ૯.

★

## ગિનાન : ૯૨

# સૈયદ ઇમામશાહ (રહ.)

જીરેભાઇરે અમરાપૂરી બહાર એક નદી જો વહે,
કાતરણી નદી તેનું નામજી. ૧.

જીરેભાઇરે કાતરણી નદી તે કાતરી નાખે,
તે કેમ અમરાપૂરી માંહે આવેજી. ૨.

જીરેભાઇરે દુનિયા માંહે જે કોઇ કિરિયા ધરમ નહીં પાળે,
તેના હવાલ એવા થાશેજી. ૩.

જીરેભાઇરે ગુરજીએ તમને વાટ દેખાડી,
તમે જાઓ અમરાપૂરી માંહેજી. ૪.

જીરેભાઇરે અમરાપૂરી માંહે રૂડી છે રચના,
તે તમે કેમ ગમાવોજી. ૫.

જીરેભાઇરે જો તમે કિરિયા ધરમ પાળો,
તો વહેલા અમ ઘર આવોજી. ૬.

જીરેભાઇરે નારી પુરુષ દોએ કરણી કમાવો,
સૂતક પાતક ટાળોજી. ૭.

જીરેભાઇરે તે નારી સદા પૂરખ સાથે,
અને આવે તે અમરાપૂરી માંહેજી. ૮.

જીરેભાઇરે સરવે સુખ તે નારી સદા રંગ રાચે,
અને રહેશે તે શાહાને હજુરજી. ૯.

જીરેભાઇરે દેહી તમારી એવા સેજ સુખ માણે,
તે સૂરજ રંગની કહેવાયજી. ૧૦.

જીરેભાઇરે એવી કાયા તમારી અવિચલ થાય,
જો ગુરનરના વચન માનોજી. ૧૧.

જીરેભાઇરે સૈયદ ઇમામશાહ ગિનાન જ ભાખિયા,
જુઓ તમે વેદ વિચારીજી. ૧૨.

★

## ગિનાન : ૯૩

# સૈયદ ઇમામશાહ (રહ.)

જીરેભાઇરે વેદ વિચારી તમે ચાલો,
નહીંકા રહેશે ઘોર અંધારજી. ૧.

જીરેભાઇરે ઘોર અંધાર માંહે રોતા ફરશો,
નહીં દેખો દિવસ ને રાતજી. ૨.

જીરેભાઇરે રાત દિવસ તમે શાહને આરાધો,
તો થાયશે અંજવાળે વાસજી. ૩.

જીરેભાઇરે અજવાળો ગુરજી કરશે,
તમે સુકરીત કરજો સારજી. ૪.

જીરેભાઇરે ધરમ ઠેકાણે કેની નિંદા ન કીજે,
નિંદા સાહેબજીની કીજેજી. ૫.

જીરેભાઇરે ગુરને વચને સત સંતોષ જ કીજે,
તો ફલ વઇકુંઠ માંહે લીજેજી. ૬.

જીરેભાઇરે સનમુખ થઇ શાહાની બંદગી કીજે,
આપણી સુરતી શાહાજીસું બાંધોજી. ૭.

જીરેભાઇરે અંતર જામીનું જીકર જ કીજે,
તો દીદાર શાહજીનો લીજેજી. ૮.

જીરેભાઇરે દીદાર હોએ તેને ધિયાન જ સુજે,
કરણી તણા ફલ પામેજી. ૯.

જીરેભાઇરે કરણી કરતવ આછા કીજે,
એવો જનમ કાંઇ તમે હારોજી. ૧૦.

જીરેભાઇરે માનખો પદારથ મોંઘો છે મૂલ,
તે તમે કાંઇ ગમાવોજી. ૧૧.

જીરેભાઇરે ભણે સૈયદ ઇમામશાહ તમે ચેતીને ચાલો,
તો અમર ફલ તમે પામોજી. ૧૨.

✶

## ગિનાન : ૯૪

# સૈયદ ઇમામશાહ (રહ.)

જીરેભાઇરે કાજ સીધા સાહેબ પાયા,
સાચી સુકરીત તમારીજી. ૧.

જીરેભાઇરે શાહને સાચી સુકરીત ભાવે,
શાહજીને મન આનંદજી. ૨.

જીરેભાઇરે આનંદે ઉછરંગે દીદાર લીજે,
સદાય રંગમાં રહીએજી. ૩.

જીરેભાઇરે સતિ સોહાગણ સોહી જ જાણો,
જેણે હેતેસું અલી આરાધીયાજી. ૪.

જીરેભાઇરે હેત પ્રીત માંહે સબ ગુણ જાણો,
સાહેબ રાજો પતીજેજી. ૫.

જીરેભાઇરે સાહેબજીને ઘરે સબ કુછ મેવા,
મન ભાવે સો ચીજાજી. ૬.

જીરેભાઇરે અમૂલ માણક મોતી જ લાલ,
આગલ તોરણ બંધાયાજી. ૭.

જીરેભાઇરે બંધવ કુટુંબ પરિવાર,
સહુ મોટા કરી જાણોજી. ૮.

જીરેભાઇરે એકોતેર પૂરીઆ આવીને બેસે,
મા બાપ સહુ સુખ પામેજી. ૯.

જીરેભાઇરે ચઉદ લોક માંહે તેને વખાણે,
સતિયું તે મંગલ ગાવેજી. ૧૦.

જીરેભાઇરે સાહેબ ત્રુઠા ત્યારે સરવે આવે,
આનંદ ઉછરંગ થાયજી. ૧૧.

જીરેભાઇરે તિયાં તમે સરવે સુખ જ માણો,
પામો અવિચલ રાજજી. ૧૨.

જીરેભાઇરે અવિચલ પદવિ સામી રાજો આપે,
ગુરજી પાસે બોલાવેજી. ૧૩.

જીરેભાઇરે ગુરનરસું ગોઠડી જ કીજે,
તો એવા અલી રસ રાખોજી. ૧૪.

જીરેભાઇરે ભણે સૈયદ ઇમામશાહ તમે વણજ કમાવો,
તો દાન ગુરનર મુખે આલોજી. ૧૫.

★

## ગિનાન : ૯૫

# સૈયદ ઇમામશાહ (રહ.)

એજી ભરપૂર રહેલા થાન થાનોતર,
તુજ વીના અવર ન છાજે એબી. ૧.

એજી ઘડીએ ભને શાહા તું સહેજે સવારીએ,
ખણ માંહે કરીએ તું સાજા એબી. ૨.

એજી તુંહી ખાલક તુંહી ખુદાવંદ,
અવિચલ રાજ જ તેરા એબી. ૩.

એજી ધરતી ન હોતી આસમાન ન હોતા,
એવી રચના તમને છાજે એબી. ૪.

એજી સેષ્ટ તણા સંજોગ જ સુણીએ,
ખાલક જય જય કિયા એબી. ૫.

એજી ધંધુકાર મધે શાહ ધ્યાન ધરીને,
છત્રીસ શબ્દ ગાઠા કિયા એબી. ૬.

એજી ગવહર રબ જલ સેતલ ભાઇ,
ધરતી આસમાન સાહેબે પયદા કિયા એબી. ૭.

એજી સતર લાખ અરઝ સમાવે,
બુંદ ગવહર ગોમત કીયા એબી. ૮.

એજી નૂર તજલા થકી પવન ઉપના,
નૂર થકી સરવે જીવ હુવા એબી. ૯.

એજી સાહેબ રાજો જંપુદિપ માંહે પરગટ હોયશે,
તારે ઘર ઘર ચાંદ્રુણા હોયશે એબી. ૧૦.

એજી ગવહર રબ જલ સેતલા ભાઇ,
પડદે બુરંજ કીયા એબી. ૧૧.

એજી પડદે કાદર તમ થકી રોશન,
બોલિયા ધમ ધમ ધીરા એબી. ૧૨.

એજી ચાર બુરંજ કુરઆન કિતાબ જ હુઆ,
ઇ દુજા રોશન કિયા એબી. ૧૩.

એજી કલજુગ માંહે એક ઇલમ સાન સુણીએ,
પાંચમું જુગ સાહેબ પયદા કિયા એબી. ૧૪.

એજી પેલા જુગ સમાપત ભણીએ,
દુજા રોશન કિયા એબી. ૧૫.

એજી ત્રીજા ઉપના ભણીએ,
ચોથા તે ચકફધ કિયા એબી. ૧૬.

એજી પાંચમા જુગ નાટક દિન ભણીએ,
તે રાત નહી દિન હુઆ એબી. ૧૭.

એજી ગવહર રબ જલ સેતલા ભાઇ,
આસમાન બુરંજ કિયા એબી. ૧૮.

એજી બુરંજ બાલા બાલારે ગોમટ,
એ કિતાબ સાહેબે પયદા કિયા એબી. ૧૯.

એજી રબ બુરંજ સુણોરે ભાઇ,
ખાલક સીફતજ કિયા એબી. ૨૦.

એજી સવા લાખ સૂરજ બહાર આવે,
તારે રાત નહી દિન હુઆ એબી. ૨૧.

એજી હમ દિલ રાત નહી હુઆ,
ચાંદ્રુણે બુરજ કિયા એબી. ૨૨.

એજી ચાંદ્રુણે ચન્દ્ર સરવે થકી રોશન,
એ નૂર તજલા થકી હુઆ એબી. ૨૩.

એજી ખાન ન હોયસી, મલેક ન હોયસી,
નહીં કોઇ હોયશે તિયાં રાજા એબી. ૨૪.

એજી એક ઇમામ ને પીર પેગમ્બર,
પાસે તિયાં રિખીસર હોયશે એબી. ૨૫.

એજી મોમન તે જે આપણે પીરને પીછાણે,
તે સાચા મોમન દિલ માંહે સાચા એબી. ૨૬.

એજી મોમન સરવે મુનાફક હોશે,
તિયાં કોઇ કોઇ મોમન હોયશે એબી. ૨૭.

એજી મોમન તે જે ખરા દસોંદી,
અવર મોમન કિયા કહીએ એબી. ૨૮.

એજી શાહજી ચડે શાહ મુસ્તનસીર મહેંદી,
તારે ઘંર ઘર ચાંદ્રુણા હોયશે એબી. ૨૯.

એજી દુનિયા ફેરી શાહા બહેસ્ત રચાવે,
તિયાં દીવાન સાહેબજીકા હોયશે એબી. ૩૦.

એજી જુમલો પૂછે જમાત પૂછે,
એહ મેળામાં કોણ જીવ હોયશે એબી. ૩૧.

એજી કલજુગ માંહે જેણે કલમા જ પડયા,
અને ખરી દસોંદ જ દીઆ એબી. ૩૨.

એજી હાલ માલ ગુરને વચને જેણે સીદકેસું દિયા,
બહેસ્ત ઉનકું સહી હુવા એબી. ૩૩.

એજી ગુરને વચને જે કોઇ સીદકેસું ચાલિયા,
વઇકુંઠ તે જીવ હોયશે એબી. ૩૪.

એજી નૂરાની કાયા મોમનની હોયશે,
તે મોમન અમર જ હુવા એબી. ૩૫.

એજી એસો ગિનાન સૈયદ ભણાવે ઇમામશાહ,
પીર સદરદીન પીર હસન કબીરદીન,
આગે નિઝાર શાહા જે હુઆ એબી. ૩૬.

✶

## ગિનાન : ૯૬

# સૈયદ ઇમામશાહ (રહ.)

જીરેભાઇરે સૂતક પાતક ગત માંહે ખોલો,
ગુરગત આગળ કરો પ્રકાશજી. ૧.

જીરેભાઇરે ગુરગત માંહે ગુરનર આપ જ બેઠા,
છાંદે મોખ ન પામોજી. ૨.

જીરેભાઇરે આપણા ગુનાની તોબા કરીએ,
તે ગત માંહે જઇ પુકારોજી. ૩.

જીરેભાઇરે કિરીયા ધરમ આછા કીજે,
દસોંદ સાહેબજીને દીજેજી. ૪.

જીરેભાઇરે કોડી દઇને કુંજર લીજે,
દમડી દાન ન વિસારોજી. ૫.

જીરેભાઇરે ગુરજી તમારી તિયાં સાખ જ પૂરે,
શાહજીના દરબાર માંહેજી. ૬.

જીરેભાઇરે સૂતકી પાપી પર નિંદાસું રાચે,
તે તો ગુરનરને નહી ભાવેજી. ૭.

જીરેભાઇરે સાચી કિરીયાએ આછા કરતવ કીજે,
તે મોમન અમર ઘેર જાવેજી. ૮.

જીરેભાઇરે સાચી સુકરીતના થાળ પૂરાવો,
હેતે અલી ગુણ ગાવોજી. ૯.

જીરેભાઇરે ભણે સૈયદ ઇમામશાહ તમે સુણો ગિનાન,
પૂરવ પૂન વીના કોઇ નહી પામેજી. ૧૦.

★

## સૈયદ ઇમામશાહ (રહ.)

જોગ તત્વ કેરા ભેદ વખાણું,
તો સાંભળો જુગેસર સોહીજી,
આદ ઉણાદ જોગી નર હોતા,
તેને જાણે વીરલા કોઇ,
જુગેસર જોગના ભેદ દોહેલાજી. ૧.

આપ સંભાળીને સેવા જો કીજે,
તો આસણ ધરણ નિવેડાજી,
જોગ તણા જોને નીવેડા હોતા,
તેણે કીધા જોગના કેડા
જુગેસર જોગના ભેદ દોહેલાજી. ૨.

જોગી તે જે જુગતને જાણે,
અનંત પ્રકારે જોગને સંભાળેજી,
કાયા માયા જે દુનિયામાં બાળે,
તો કિરીયામાં જોગને સંભાળે
જુગેસર જોગના ભેદ દોહેલાજી. ૩.

જોગી તે જે જુગત જાણે,
જોગ મંત્રને બાંધેજી,
સૈયદ ઇમામશાહ વાણી બોલિયા,
વેદ મંત્રે જોગ સાધે
જુગેસર જોગના ભેદ દોહેલાજી. ૪.

✶

## ગિનાન : ૯૮

# સૈયદ ઇમામશાહ (રહ.)

સબ અંતે જેણે સત ઉપાયા,
તો ખરી આખરત લોક હોતાજી,
તે તો સરવે આસણ રહીયા,
ખરા સંજોગ લઇ પોતા,
જુગેસર જોગની જુગત અનેરીજી. ૧.

ધંધુલ સાધીને ધનજો વરતિયું,
તો તેજ માંહે પરકાશાજી,
આસણ અહાર લઇ ગયા જુગેસર,
તો અતિત હુવા અપવાસી
જુગેસર જોગની જુગત અનેરીજી. ૨.

સત સંતોખ પેલી ખમિયાને સાધે,
તો જુગતની કિરીયા વાધીજી,
સૈયદ ઇમામશાહે જોગીને સમજાયા,
તારે જોગીએ સુધ સાધી
જુગેસર જોગની જુગત અનેરીજી. ૩.

★

ધંધુકાર માંહે ધિયાન ધરીને,
તો કરણમાંહે કરણી કમાયાજી,
કલપ મધે કલ્પના કીધી,
જો જુગતે શેષ્ટ નીપાયા,
જુગેસર જોગના મરમ દોહેલાજી. ૧.

જુગત મધે જોગ સરજીઆ,
તો જોગ મધે સરવે સરજુજી,
જોગ મધે સરવે જોગી સરજિયા,
તો ભાખિયા માંહે સરવે વરજુ
જુગેસર જોગના મરમ દોહેલાજી. ૨.

કલજુગ મધે જોગી કોને કહીએ,
તેનું કહો વિસ્તારજી,
કઇ જુગતે જોગી કહેવાયા,
કઇ પેરે રહ્યા છે સંસાર
જુગેસર જોગના મરમ દોહેલાજી. ૩.

તમને કોણે આદે અંતે જોગ દેખાડિયા,
કોણે તમને ભભૂત જ આપીજી,
તમે કોણ રૂપની કળા જો માનો,
તમને કોણે જોગી કીધા થાપી
જુગેસર જોગના મરમ દોહેલાજી. ૪.

તમે શું રે કમાવો ને શું રે ઓચરો,
તમે કેવા ધરો છો ધ્યાનજી,
આવી વિખડી વેળા માંહે વાટો ક્યાંથી લાધી,
તમને કોણે એવા આપીયા ગિનાન.
જુગેસર જોગના મરમ દોહેલાજી. ૫.

તમને કોણે પરબોધી ને ઉપદેશ દીધા,
તમને કોણે દેખાડિયા ધરમજી,
ભણે સૈયદ ઇમામશાહ સુણો જુગેસર,
તમે કયે જાપે ટાળો છો કરમ
જુગેસર જોગના મરમ દોહેલાજી. ૬.

✶

## ગિનાન : ૧૦૦

## સૈયદ ગુલમાલીશાહ (રહ.)

એજી માલ ખજીના બહોત જ ભરિયા,
ઉસમેં નહીં કુછ તેરા,
રંગ મહોલ સબ ભૂલ જાયસી,
જંગલ હોયસી ડેરા,

કિયા નિંદ સોવે મન મેરા,
શાહ સમરણકી વેળા,
મૌલા સમરણકી વેળા,
કિયા નિંદ સોવે મન મેરા. ૧.

એજી સીર પર કાળ ફીરે સંત સાધુ,
અબ તું ચેત સવેરા,
ઇસ વેળા માંહે જો તું ભૂલ જાએસી,
તો બહોત ખાએસી ફેરા કિયા નિંદ... ૨.

એજી આરે સંસાર સકળ હય જૂઠા,
મત જાણો હય મેરા,
છોડ ભરમ તમે બ્રહમ વિચારો,
તો ખોજ અંતર ઘટ તેરા કિયા નિંદ... ૩.

એજી જોત પ્રકાશ લીજે ઘટ અંદર,
ગુર બીના ઘોર અંધેરા,
કહે સૈયદ ગુલમાલીશાહ સમરણ કર લે,
સમજ સમજ મન મેરા કિયા નિંદ... ૪.

✶

## ગિનાન : ૧૦૧

## સૈયદ કુતુબદીન (રહ.)

જીરે રાજા સત તણે મુખ માર ન હોવે,
માર હોવે તો સત કયસા,
ગુર બીના ગિનાન કયસા કહીએ,
તો સહેજે ખાટકી જયસારે,

ધોરી ઓડ મ કંધ, ભાર વઇને છૂટો,
આગળ મારગ વીસમું દીસે, જીરે રાજા દીસે,
બારે મેઘ વરસે જો જલ ભરિયા,
સો અણ ગાળીઓ નીર ન પીજેરે ધોરી... ૧.

જીરે રાજા એક રતન તમને અમૂલખ લાધો,
તેને જતન કરીને રાખીજે,
વસત જોઇને વેપાર જ કીજે,
તો જણ જણ હાથ ન દીજેરે ધોરી... ૨.

જીરે રાજા કાચે કૂંભે નીર ન રહેવે,
સુપાત્ર દેખી દાન દીજે,
ખીર ખાંડ ગિરથ અમૃત ભોજન,
સત તણે મુખે દીજેરે ધોરી... ૩.

જીરે રાજા કાયા છે કુંપો ને મન છે કસ્તુરી,
તેને સતપંથનું ઢાંકણ દીજે,
કબહી કબહી એસા વાએ જ વાયશે,
તો નામ સાહેબજીકો લીજેરે ધોરી... ૪.

જીરે રાજા દુનિયા હએ દો દિનકા પેખણા,
સો દુનિયા દેખી મત ભૂલો,
દુનિયાની સંગતે જે જીવ ભૂલા,
તે ફરી ફરી દુનિયામાં જૂલારે ધોરી... ૫.

જીરે રાજા પાઇ રે અમરાપૂરી કાંયરે ગમાવો,
કમલ ચિત ઠોર રાખો,
ગિનાનકે ભીતર જો રસ પાયા,
સો હેતે કરીને ચાખોરે ધોરી... ૬.

જીરે રાજા કહે સૈયદ કુતુબદીન સાંભળો કમલ રાજા,
ગુરજીકા કહ્યાં કીજે,
સોને રૂપેકા મીંદર ચૂણાયા,
ઉપર છાજલીઆ કેમ દીજેરે ધોરી... ૭.

★

## ગિનાન : ૧૦૨

## સૈયદ સાલેશાહ (રહ.)

એજી પરથમ મૂરત મોવની, એવા બાંધિયા સો પાણી,
નાભ કમળ ધરણી ધરી, ઉપર હંસકી વાણી,

કાયાના મીંદર ઘડીઆ, એવા સમરથે જડીઆ,
સાચા સાહેબજીને વારણે, સાઇંયા તોરે વારણે. ૧.

એજી પિંડરીઓરે પિંડો ચૂણે, માટી કિયાં થકી આણી,
રાત દિવસરે પિંડો ચૂણે, તેનું કોઇ મરમ ન જાણે
કાયાના... ૨.

એજી માસ તુછા કેરી ખાપડી, ત્રણસો સાઠ સંધાણી,
વીસ ખુબી નખેસું જડી, એવી કારીગરી તારી
કાયાના... ૩.

એજી વચન દરવાજા સોહામણા, નવ બારી જો કીધી,
વણરે તાળે વણ કૂંચીએ, શાહ મારે આપો આપ દીધી
કાયાના... ૪.

એજી હાથ પગ દેહી આંગળા, ઉપર લોચન લાઇ,
સૈયદ સાલેશાહ આખે વેનતી, મોમને અમરાપૂરી પાઇ
કાયાના... ૫.

★

# ગિનાન : ૧૦૩

## સૈયદ ખાન (રહ.)

ઉતમ મધમ એક જો ખાની, તો વીરલા બૂજે સંસારી,
સોહી ચરૂ સોહી ચસમે, પણ આચારે બ્રહમચારીરે ભાઇ,
સામી એક કરી જાણો, નેચલ નામ પહેછાનોરે,
ભાઇ સામી એક કરી જાણો. ૧.

સોહી અજબ કેરી સુરત નીપાઇ, એક મૂરત વરદાતા,
કરણીરે અપણી સાથ ચલાવો, તો અમલ કરો હુશિયારીરે,
ભાઇ સામી એક કરી જાણો. ૨.

પરપંચ કરી પાંચ તત્વ નીપાયા, તો પાંચો વશ કરલો અનેરા,
એક એક કેરી સુધ ન જાને, તો સંધિયા તરપન કેવારે,
ભાઇ જો મન સાચું પતીજે. ૩.

આતમા કેરી સુધ ના જાને, મૂલ વીરાસા ભાઇ,
તન મન એવા દ્રઢ કરી શ્રેવો, તો સૈયદ ખાન પરસાદેરે,
ભાઇ જો મન સાચું પતીજે, સામી એક કરી જાણો. ૪.

✶

# ગિનાન : ૧૦૪

## સૈયદ મીઠાશાહ (રહ.)

સાંભલ ગાફલા હો જીઓ ભઇઆ,
મત જાય ભરમીઆ,
સો નર અમર હુવે હોજી,
ઓ ભાઇ જેનો અગમ આગમીઆ,
અગમ આગમીઆ અમર હુએ,
મેરે શાહેદા દરશન લાધડા હોજી,
ગાફલ અલી ભજત નાંહી,
ભાદ ઘડીઆકું ભાદેઓ,
જુગ માંહે આયા સહી જાયશે ખીર,
જયું થણ મંમેઓ હોજી,
સૈયદ મીઠા સખી સચ ભાખેઆ,
એ ભઇઆ મત જાએ ભરમીઆ.

સાંભલ ગાફલા હો જીઓ ભઇઆ,
હુણ હો હુશિયારી,
એ મન છેદ લીઓ હોજી એ ભઇઆ,
ગુરં ગિનાન કટારી,
ગિનાન કટારી મનનું છેદે,
બીધ કર કર કુસસે હોજી,
જીસ કીસી કુછ કરમ કીતા,
અંત ખાલક પૂછશે,
જુગમેં આયા સહી જાયશે,
જાગ જુધ પિયારીઆ હોજી,

સૈયદ મીઠા સખી સચ ભાખેઆ,
એ ભઇઆ હુણ હો હુશિયારી. ૨.

સંભલ ગાફલા હો જીઓ ભઇઆ,
હુણ હોએ સુચેતા,
હી જુગ સપનોતર કરીઓ ચેતા,
જુગ સપનોતર કરીઓ ચેતા,
કૂડ કરી પસારીઓ હોજી,
જીસ કીસે શુભ કરમ કીતા,
જીવ પિંડ સુધારીઆ,
જુગમેં આયા સહી જાયશે,
છોડ કૂડે હેત હોજી,
સૈયદ મીઠા સખી સચ ભાખેઆ,
ઓ ભઇઆ હુણ કરીઓ ચેતા. ૩.

સંભલ ગાફલા હો જીઓ ભઇઆ,
હુણ હોઇએ ન ઢીલા,
સંગ મોમનાદે શાહ મોરા કરસી મેલા,
સંગ મોમનાદે હોએગા મેલા,
અછડે કરમ કમાવણા હોજી,
માણસ જનમ દુરલભ ભણિયા,
બહુડ ન દુનિયાતે આવણા,
જુગ માંહે આયા સહી જાયશે,
કીયા ગુરૂ કિયા ચેલા હોજી,
સૈયદ મીઠા સખી સચ ભાખેઆ,
એ ભઇઆ તું જાએગા અકેલા. ૪.

✶

## ગિનાન : ૧૦૫

# સૈયિદા ઇમામ બેગમ (રહ.)

એજી સતગુર મિલીઆ મુને આજ, આનંદ હું પામી.

એજી સતગુર મિલીઆ તારે દુઃખજ ટળિયાજી,
સરવે સારીઆ દાસીના કાજ આનંદ હું પામી. ૧.

એજી કાજ દાસીના સરવે સારિયાજી,
દરશન દિયા મહારાજ આનંદ હું પામી. ૨.

એજી દરશન દેખ્યા મન સંતોખીઆજી,
મહાપદ પામી છું રાજ આનંદ હું પામી. ૩.

એજી મહાપદ કેરી ભાઇ વાત છે ન્યારીજી,
કોઇ ન જાણે એ કાજ આનંદ હું પામી. ૪.

એજી જો જાણે સો નર નવખંડ માણેજી,
ઘટો ઘટ દેખે મહારાજ આનંદ હું પામી. ૫.

એજી ઘટો ઘટ દેખે તારે એક કરી લેખેજી,
નર નકલંકીનું રાજ આનંદ હું પામી. ૬.

એજી કહેત ઇમામ બેગમ સુણો મોરા ભાઇજી,
અલી નબી છે સીરતાજ આનંદ હું પામી. ૭.

★

# સાંકળિયું
## ગુજરાતી મૂળાક્ષર પ્રમાણે


| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| ૪૪. | અજબ અજાયબ દેખો મોમન | ૭૬ |
| ૯૨. | અમરાપૂરી બહાર એક નદી જો | ૧૬૪ |
| ૧. | એજી અવલ તુંહી આખર તુંહી | ૧ |
| ૫. | આએ રહેમ રહેમાન અબ તો | ૫ |
| ૭૫. | એજી આજ કલજુગ પુરણ થયો | ૧૩૪ |
| ૮૦. | આપણું આપ પીછાણોરે મોમનો | ૧૪૨ |
| ૬૭. | આશ પુની હમ શાહ દર પાયા | ૧૧૯ |
| ૭૨. | આવીને બેસોને ગોઠડી કરીયે | ૧૨૭ |
| ૨૯. | અંતકાળ વેળા વાપરીરે | ૪૯ |
| ૪. | આંખલડી જોઇ જોઇ થાકી | ૪ |
| ૩૨. | ઉગમિયા સોહી દિન આથમેઆ | ૫૨ |
| ૧૦૩. | ઉતમ મધમ એક જો ખાની | ૧૮૫ |
| ૧૮. | ઊંચારે કોટ બહુ વેચના | ૨૭ |
| ૧૧. | ઊઠ બયઠરે કિયા સૂતા, તેરા | ૧૬ |
| ૮૮. | એ ગત જાણો સામી રાજા આવિયા | ૧૫૭ |
| ૨૫. | એ સભાગા અલી ભજ નિત | ૪૦ |
| ૨૬. | એ સભાગા ઇસ દુનિયા દે વીચ | ૪૨ |
| ૫૮. | એક તિરથ વેંદડા પીર શમસ | ૧૦૩ |
| ૬૩. | એવી ગરબી સંપૂર્ણ સાર | ૧૧૨ |
| ૩૯. | કમલને ફૂલે પ્રાણી બાવા ભમેરે | ૬૮ |
| ૮૩. | કરણી કમાવો મારા મુનિવરો, તો આવો | ૧૪૭ |

| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| ૩. | કલપત જલપત માયા એ મોહી | ૩ |
| ૩૫. | કલમા કહોરે મોમનો, તમે મત | ૫૭ |
| ૪૫. | કહોરે પંડિતો જીવ કીસ ઘર જાતાં | ૭૮ |
| ૯૪. | કાજ સીધા સાહેબ પાયા, | ૧૬૮ |
| ૫૦. | કાયાની બેડી આપણા ગુરનરસું | ૮૭ |
| ૩૧. | કુટુંબ પરિવાર સજના, મેં સબ | ૫૧ |
| ૬૦. | કે તમે અમીરસ પીજો દિન ને રાત | ૧૦૫ |
| ૮૪. | ગત માંહે આવી કર જોડીને રહીએ | ૧૪૯ |
| ૪૮. | ગુર સેવતા સબ ગુન થાશે | ૮૪ |
| ૪૨. | ગુરસું બંધન બાંધીએ | ૭૪ |
| ૪૯. | ચંદ્ર ગયા ગગન સૂરીજ જો | ૮૫ |
| ૫૪. | ચાર ઘડીકા ચાર જુગ જ કિયા | ૯૪ |
| ૭૧. | ચિત મ ડોલો રિખીસરા | ૧૨૫ |
| ૯૦. | ચીલા છોડી દીનકા, ઘાંચા મત | ૧૬૧ |
| ૧૩. | જાગ જાગરે તું જાગ મોરા | ૧૮ |
| ૧૨. | જાગત ક્યું નહીંરે ભલા | ૧૭ |
| ૯. | જાગો જાગો ભાઇડા એમસા | ૧૨ |
| ૪૭. | જીતીવાર વાજે વીરા તન લાકડી | ૮૨ |
| ૧૦૧. | જીરે રાજા સત તણે મુખ માર | ૧૮૨ |
| ૨૦. | જીવની ચિંતા હવે કરો | ૩૨ |
| ૫૨. | જેમ જેમ જુગતસું પ્રીત કરેવા | ૯૧ |
| ૯૭. | જોગ તત્વ કેરા ભેદ વખાણું | ૧૭૭ |
| ૧૦. | તારી આશ કરીને હુરાં ચલકર | ૧૩ |
| ૨૨. | તુમ ચેત મન મેરા, જુગ માંહે | ૩૫ |

| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| ૬૮. | થીર કાયમ હો ભાઇ રહેશે | ૧૨૧ |
| ૮૭. | દરશન શાહકા તો પાઇએ, જો અંતર | ૧૫૫ |
| ૩૬. | દિલના દગા બંદે કરના હો દૂર | ૬૩ |
| ૭૦. | દીનકી બાત કહી ન જાવે | ૧૨૪ |
| ૫૬. | દુનિયા પ્રીત ન કીજીયે | ૯૮ |
| ૬૬. | દૂર દેશથી આયો વણજારો | ૧૧૭ |
| ૬૯. | દેઇ ગુરકે વાચા હેજે થીર ન રહેણાં | ૧૨૨ |
| ૧૪. | ધન ધન આજનો દાડલોરે | ૧૯ |
| ૧૭. | ધન ધન રહેણી આજનો દિન | ૨૫ |
| ૨૮. | ધન ધન સામી રાજા તું સીરજણહાર | ૪૭ |
| ૮૬. | ધરમ કરતા આળસ ન કરીયે | ૧૫૩ |
| ૭૩. | ધરમી તે જે ધરમ વિચારે | ૧૩૦ |
| ૯૯. | ધંધુકાર માંહે ધિયાન ધરીને | ૧૭૯ |
| ૫૭. | નિતો નિત ઘટ થાપના | ૧૦૦ |
| ૬. | નિંદરાને વારો પ્રાણી તમે | ૬ |
| ૧૦૨. | પરથમ મૂરત મોવની, એવા | ૧૮૪ |
| ૭૮. | પ્રથમ પેલો મન વારો આપણો | ૧૪૦ |
| ૩૮. | પંથ સર બેઠા સુકરીત કમાવો | ૬૫ |
| ૬૨. | પીર નાચીને કથે ગિનાનરે મા | ૧૦૯ |
| ૨૧. | ભમર ગુફારે ઉપર દેખતાં | ૩૪ |
| ૯૫. | ભરપૂર રહેલા થાન થાનોતર | ૧૭૦ |
| ૯૧. | ભલેરે ભાઇ તમે કર લીઓ | ૧૬૨ |
| ૪૧. | ભાઇઅર ભાંગા મ ટડો | ૭૨ |
| ૧૯. | મગજરે મોમન મારગ લાધો | ૨૮ |

| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| ૩૩. | મરના હયરે જરૂર, જુગ માંહે | ૫૪ |
| ૧૦૦. | માલ ખજીના બહોત જ ભરિયા | ૧૮૧ |
| ૬૧. | માંહે વરસે અમરત નૂર | ૧૦૭ |
| ૪૦. | મુનિવર ભાઇ ચંચલ ચિત્ત મન | ૭૦ |
| ૩૦. | મેરી મેરી તે બંદો શું કરેરે | ૫૦ |
| ૬૫. | મોમન મન એમ જાણજોજી | ૧૧૫ |
| ૭૭. | વલી વલી નર માંહી માંહી રમશે | ૧૩૯ |
| ૮૧. | વીરચા શહેરમેં શાહ મોરે તખત | ૧૪૪ |
| ૯૩. | વેદ વિચારી તમે ચાલો | ૧૬૬ |
| ૧૬. | શાહના ખત આવિયા વીરા જંપુદિપ | ૨૩ |
| ૫૯. | સચા મેરા ખાક સિરજણહાર | ૧૦૪ |
| ૩૪. | સઇયાંજી મોરે ડર લાગો | ૫૬ |
| ૧૦૫. | સતગુર મિલીઆ મુને આજ | ૧૮૮ |
| ૬૪. | સતગુરસું પ્રીત બંધાયરે | ૧૧૪ |
| ૭૯. | સતપંથ શ્રેવો મેરે ભાઇ | ૧૪૧ |
| ૮. | સતપંથી જાગો વીરાભાઇ નિત સાહેજીને | ૧૦ |
| ૭. | સતવંતી જાગો વીરાભાઇ પરભાત | ૭ |
| ૯૮. | સબ અંતે જેણે સત ઉપાયા | ૧૭૮ |
| ૭૬. | સાચો ધિઆવો ને ભાઇ ગિનાન | ૧૩૬ |
| ૧૦૪. | સાંભલ ગાફલા હો જીઓ ભઇઆ | ૧૮૬ |
| ૧૫. | સામીકું આવંતા જો કહે તાકું | ૨૧ |
| ૫૩. | સામી તમારી વાડી માંહે | ૯૨ |
| ૨. | સામી રાજા જંપુદીપે ઉમાયોજી | ૨ |
| ૫૧. | સામી રાજો મોરે મનથી | ૮૯ |

| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| ૭૪. | સીરબંધ શાહને કાજે લાવિયા | ૧૩૨ |
| ૫૫. | સુનો સુનો ભાઇવે મોમનો, એસા | ૯૬ |
| ૨૭. | સુનો સુનો મોમનો, સુર્ના મન | ૪૪ |
| ૯૬. | સૂતક પાતક ગત માંહે ખોલો | ૧૭૫ |
| ૮૫. | સંસાર સાગરમાં વણજે આયા | ૧૫૧ |
| ૨૪. | હરદમ કરો અભિયાસ | ૩૮ |
| ૨૩. | હરદમ જપો પીરશાહનું જાપ | ૩૭ |
| ૪૬. | હમે ઉમાયા ને કાયમ પાયા | ૮૦ |
| ૩૭. | હસી કીજે વીરા અલી તણી | ૬૪ |
| ૮૯. | હેત ધરી ધરી ફીણ જો કિયા | ૧૫૯ |
| ૮૨. | હોવે હોવેજી સાચે પાંએ ચાલો તો | ૧૪૬ |
| ૪૩. | હો હો કરતા હોઇ ગયા | ૭૫ |

# સાંકળિયું

## જુદા જુદા પીરો અને સૈયદોના રચેલા ગિનાનો પ્રમાણો


| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| | પીર સતગુર નૂર (રહ.) | |
| ૩૫. | કલમા કહોરે મોમનો, તમે મત | ૫૭ |
| | પીર શમ્સ (રહ.) | |
| ૨૫. | એ સભાગા અલી ભજ નિત | ૪૦ |
| ૨૬. | એ સભાગા ઇસ દુનિયા દે વીચ | ૪૨ |
| ૨૭. | સુનો સુનો મોમનો, સુની મન | ૪૪ |
| ૨૮. | ધન ધન સામી રાજા તું સીરજણહાર | ૪૭ |
| ૫૩. | સામી તમારી વાડી માંહે | ૯૨ |
| ૫૪. | ચાર ઘડીકા ચાર જુગ જ કિયા | ૯૪ |
| ૫૫. | સુનો સુનો ભાઇવે મોમનો, એસા | ૯૬ |
| ૫૬. | દુનિયા પ્રીત ન કીજીયે | ૯૮ |
| ૫૭. | નિતો નિત ઘટ થાપના | ૧૦૦ |
| ૫૮. | એક તિરથ વેંદડા પીર શમસ | ૧૦૩ |
| ૫૯. | સચા મેરા ખાક સિરજણહાર | ૧૦૪ |
| ૬૦. | કે તમે અમીરસ પીજો દિન ને રાત | ૧૦૫ |
| ૬૧. | માંહે વરસે અમરત નૂર | ૧૦૭ |
| ૬૨. | પીર નાચીને કથે ગિનાનરે મા | ૧૦૯ |
| ૬૩. | એવી ગરબી સંપૂર્ણ સાર | ૧૧૨ |

| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| | પીર સદરદીન (રહ.) | |
| ૧. | એજી અવલ તુંહી આખર તુંહી | ૧ |
| ૨. | સામી રાજા જંપુદીપે ઉમાયોજી | ૨ |
| ૬. | નિંદરાને વારો પ્રાણી તમે | ૬ |
| ૭. | સતવંતી જાગો વીરાભાઇ પરભાત | ૭ |
| ૮. | સતપંથી જાગો વીરાભાઇ નિત સાહેજીને | ૧૦ |
| ૧૪. | ધન ધન આજનો દાડલોરે | ૧૯ |
| ૧૫. | સામીકું આવંતા જો કહે તાકું | ૨૧ |
| ૧૭. | ધન ધન રહેણી આજનો દિન | ૨૫ |
| ૩૬. | દિલના દગા બંદે કરના હો દૂર | ૬૩ |
| ૩૭. | હસી કીજે વીરા અલી તણી | ૬૪ |
| ૩૮. | પંથ સર બેઠા સુકરીત કમાવો | ૬૫ |
| ૩૯. | કમલને ફૂલે પ્રાણી બાવા ભમેરે | ૬૮ |
| ૪૦. | મુનિવર ભાઇ ચંચલ ચિત્ત મન | ૭૦ |
| ૪૧. | ભાઇઅર ભાંગા મ ટડો | ૭૨ |
| ૪૨. | ગુરસું બંધન બાંધીએ | ૭૪ |
| ૪૩. | હો હો કરતા હોઇ ગયા | ૭૫ |
| ૪૪. | અજબ અજાયબ દેખો મોમન | ૭૬ |
| ૪૫. | કહોરે પંડિતો જીવ કીસ ઘર જાતાં | ૭૮ |
| ૪૬. | હમે ઉમાયા ને કાયમ પાયા | ૮૦ |
| ૪૭. | જીતીવાર વાજે વીરા તન લાકડી | ૮૨ |
| ૪૮. | ગુર સેવતા સબ ગુન થાશે | ૮૪ |
| ૪૯. | ચંદ્ર ગયા ગગન સૂરીજ જો | ૮૫ |
| ૫૦. | કાયાની બેડી આપણા ગુરનરસું | ૮૭ |

| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| ૫૧. | સામી રાજો મોરે મનથી | ૮૯ |
| ૫૨. | જેમ જેમ જુગતસું પ્રીત કરેવા | ૯૧ |
| | પીર હસન કબીરદીન (રહ.) | |
| ૩. | કલપત જલપત માયા એ મોહી | ૩ |
| ૧૮. | ઊંચારે કોટ બહુ વેચના | ૨૭ |
| ૧૯. | મગજરે મોમન મારગ લાધો | ૨૮ |
| ૨૯. | અંતકાળ વેળા વાપરીરે | ૪૯ |
| ૩૦. | મેરી મેરી તે બંદો શું કરેરે | ૫૦ |
| ૩૧. | કુટુંબ પરિવાર સજના, મેં સબ | ૫૧ |
| ૬૪. | સતગુરસું પ્રીત બંધાયરે | ૧૧૪ |
| ૬૫. | મોમન મન એમ જાણજોજી | ૧૧૫ |
| ૬૬. | દૂર દેશથી આયો વણજારો | ૧૧૭ |
| ૬૭. | આશ પુની હમ શાહ દર પાયા | ૧૧૯ |
| ૬૮. | થીર કાયમ હો ભાઇ રહેશે | ૧૨૧ |
| | પીર તાજદીન (રહ.) | |
| ૬૯. | દેઇ ગુરકે વાચા હેજે થીર ન રહેણાં | ૧૨૨ |
| | સૈયદ ઇમામશાહ (રહ.) | |
| ૯. | જાગો જાગો ભાઇડા એમસા | ૧૨ |
| ૧૦. | તારી આશ કરીને હુરાં ચલકર | ૧૩ |
| ૧૧. | ઊઠ બયઠરે કિયા સૂતા, તેરા | ૧૬ |
| ૧૨. | જાગત ક્યું નહીંરે ભલા | ૧૭ |
| ૧૩. | જાગ જાગરે તું જાગ મોરા | ૧૮ |

| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| ૧૬. | શાહના ખત આવિયા વીરા જંપુદિપ | ૨૩ |
| ૨૦. | જીવની ચિંતા હવે કરો | ૩૨ |
| ૭૩. | ધરમી તે જે ધરમ વિચારે | ૧૩૦ |
| ૭૪. | સીરબંધ શાહને કાજે લાવિયા | ૧૩૨ |
| ૭૫. | એજી આજ કલજુગ પુરણ થયો | ૧૩૪ |
| ૭૬. | સાચો ધિઆવો ને ભાઇ ગિનાન | ૧૩૬ |
| ૭૭. | વલી વલી નર માંહી માંહી રમશે | ૧૩૯ |
| ૭૮. | પ્રથમ પેલો મન વારો આપણો | ૧૪૦ |
| ૭૯. | સતપંથ શ્રેવો મેરે ભાઇ | ૧૪૧ |
| ૮૦. | આપણું આપ પીછાણોરે મોમનો | ૧૪૨ |
| ૮૧. | વીરચા શહેરમેં શાહ મોરે તખત | ૧૪૪ |
| ૮૨. | હોવે હોવેજી સાચે પાંએ ચાલો તો | ૧૪૬ |
| ૮૩. | કરણી કમાવો મારા મુનિવરો, તો આવો | ૧૪૭ |
| ૮૪. | ગત માંહે આવી કર જોડીને રહીએ | ૧૪૯ |
| ૮૫. | સંસાર સાગરમાં વણજે આયા | ૧૫૧ |
| ૮૬. | ધરમ કરતા આળસ ન કરીયે | ૧૫૩ |
| ૮૭. | દરશન શાહકા તો પાઇએ, જો અંતર | ૧૫૫ |
| ૮૮. | એ ગત જાણો સામી રાજા આવિયા | ૧૫૭ |
| ૮૯. | હેત ધરી ધરી ફીણ જો કિયા | ૧૫૯ |
| ૯૨. | અમરાપૂરી બહાર એક નદી જો | ૧૬૪ |
| ૯૩. | વેદ વિચારી તમે ચાલો | ૧૬૬ |
| ૯૪. | કાજ સીધા સાહેબ પાયા, | ૧૬૮ |
| ૯૫. | ભરપૂર રહેલા થાન થાનોતર | ૧૭૦ |
| ૯૬. | સૂતક પાતક ગત માંહે ખોલો | ૧૭૫ |

| ક્રમ | ગિનાન | પાનું |
| --- | --- | --- |
| ૯૭. | જોગ તત્વ કેરા ભેદ વખાણું | ૧૭૭ |
| ૯૮. | સબ અંતે જેણે સત ઉપાયા | ૧૭૮ |
| ૯૯. | ધંધુકાર માંહે ધિયાન ધરીને | ૧૭૯ |
| | **સૈયદ અલી અકબર બેગ (રહ.)** | |
| ૭૨. | આવીને બેસોને ગોઠડી કરીયે | ૧૨૭ |
| | **સૈયદ મીઠાશાહ (રહ.)** | |
| ૧૦૪. | સાંભેલ ગાફલા હો જીઓ ભઇઆ | ૧૮૬ |
| | **સૈયદ ફાઝલશાહ (રહ.)** | |
| ૪. | આંખલડી જોઇ જોઇ થાકી | ૪ |
| | **સૈયદ ખાન (રહ.)** | |
| ૧૦૩. | ઉતમ મધમ એક જો ખાની | ૧૮૫ |
| | **સૈયદ સાલેશાહ (રહ.)** | |
| ૧૦૨. | પરથમ મૂરત મોવની, એવા | ૧૮૪ |
| | **સૈયદ હાશમશાહ (રહ.)** | |
| ૭૦. | દીનકી બાત કહી ન જાવે | ૧૨૪ |
| ૭૧. | ચિત મ ડોલો રિખીસરા | ૧૨૫ |
| | **સૈયદ કુતુબદ્દીન (રહ.)** | |
| ૧૦૧. | જીરે રાજા સત તણે મુખ માર | ૧૮૨ |

| ક્રમ | ગિનાન | પાનું |
|---|---|---|
| | **સૈયદ ગુલમાલીશાહ (રહ.)** | |
| ૧૦૦. | માલ ખજીના બહોત જ ભરિયા | ૧૮૧ |
| | **સૈયદ મુહમ્મદશાહ (રહ.)** | |
| ૨૧. | ભમર ગુફારે ઉપર દેખતાં | ૩૪ |
| ૩૨. | ઉગમિયા સોહી દિન આથમેઆ | ૫૨ |
| ૯૦. | ચીલા છોડી દીનકા, ઘાંચા મત | ૧૬૧ |
| ૯૧. | ભલેરે ભાઇ તમે કર લીઓ | ૧૬૨ |
| | **સૈયિદા ઇમામ બેગમ (રહ.)** | |
| ૫. | આએ રહેમ રહેમાન અબ તો | ૫ |
| ૨૨. | તુમ ચેત મન મેરા, જુગ માંહે | ૩૫ |
| ૨૩. | હરદમ જપો પીરશાહનું જાપ | ૩૭ |
| ૨૪. | હરદમ કરો અભિયાસ | ૩૮ |
| ૩૩. | મરના હયરે જરૂર, જુગ માંહે | ૫૪ |
| ૩૪. | સઇયાંજી મોરે ડર લાગો | ૫૬ |
| ૧૦૫. | સતગુર મિલીઆ મુને આજ | ૧૮૮ |

ફક્ત શીઆ ઇમામી ઇસ્માઈલીઓ માટે

સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

પ્રકાશક :
પ્લેટિનમ જ્યુબિલ્લી પબ્લીકેશન્સ લિમીટેડ.
મુંબઈ-૪૦૦ ૦૨૦.